

કુમાર
અંક ૪૧
વૈશાખ ૧૯૮૩
ઉગતી પ્રજાનું માસિક



તંત્રી રવિશંકર રાવળ; મુદ્રક-પ્રકાશક બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૬ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂ. ૬: પરદેશના રૂ. ૭ અથવા ૧૧ શિ. મુંબાઇના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. લેખકો જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ-ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



છત્રપતિ શિવાજી મહારાજ

ચિત્રકાર : રવિશંકર રાવળ

'કુમાર'ના વૈશાખ ૧૯૮૩ના અંકનું મુખચિત્ર

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

વર્ષ ૪ અંક ૫ :: વૈશાખ ૧૯૮૩

સર્જન વિરુદ્ધ અનુકરણ

સર્જન એટલે આત્માનો પ્રકાશ અને બુદ્ધિનો પરાગ. સર્જન એટલે અનુભવનો ધ્વનિ અને તપનું ફળ. સર્જન એટલે સો ટચનો વિવેકી રસ.

સર્જન માટે લાગણીની તીવ્રતા અને શ્રદ્ધાનું ઉંડાણ જોઇએ; પ્રાણનો તણખો અને સાધનાની ખંત જોઇએ. સર્જન એ ભીષણ આત્મમંથનનું નવનીત છે; પ્રાણવાન આત્માનો આવિર્ભાવ છે.

સર્જન સ્થલમાં ચેતન આણે છે, જડમાં જીવનભાન પ્રગટાવે છે; સર્જનની જ્યોત બીજી અનેક જ્યોત પેટાવે છે.

અનુકરણમાં આત્માનું સ્વાતંત્ર્ય કે જીવનનું તપ નથી. તેની પાછળ નથી હોતો કશો સિદ્ધાન્ત કે નથી હોતું કશું જ્ઞાન. અનુકરણથી બહુબહુ તો માત્ર સ્થૂલ જ હાથ આવે છે. અનુકરણથી આત્માનાં પાણી છાછરાં રહે છે. એમાં નથી વિકાસ કે નથી પ્રગતિ. અનુકરણ અનુભવના પગ ભાંગે છે અને જીવનને નકલિયું જડ બનાવે છે.

સર્જન અણખુટી પ્રેરણામાંથી ઉદ્ભવે છે; અનુકરણ માત્ર ઘડીકના આવેશનું પરિણામ હોય છે. સર્જનમાં સ્વાભાવિકતા હોય છે; અનુકરણમાં પોકળ કૃત્રિમતા હોય છે. સર્જનનો જ્યોતિ બીજાને પ્રકાશ આપી દોરે છે; જ્યારે અનુકરણ આંધળું બની કોઇનો છેડો પકડી તેની પાછળ પાછળ ચાલે છે.

સર્જન એ જીવનનું સાફલ્ય છે; અનુકરણ એ મૃત્યુ છે.

ઇન્દુપ્રસાદ ભટ્ટ





ગઇ તા. ૨-૩-૪ જુનને દિવસે વઢવાણમાં યુવકસંમેલન ભરાયું. યુવાનો પોતાને વિષે પોતાની જાતે વિચાર કરતા થયા છે એ આપણા ઉગતા આવતા જયવારાના યુગનું એક સુચિહ્ન છે. એમની મિજલસ વચ્ચે રજુ થએલા મારા વિચારો સમસ્ત કુમાર જગતની મિજલસમાં રજુ કરવા જેવા લાગવાથી આ નીચે ઉતાર્યા છે.

આપણા મુરબ્બીઓ, વડીલો કે અધિકારીઓ તરફથી આજ સુધી જે શિક્ષણ અપાતું આવ્યું છે તેથી બનેલી પ્રજા એટલે આજનો યુવાનવર્ગ—આપણે. અત્યારે આપણને સમજાય છે કે હવે પછીના માર્ગમાં એ મુરબ્બીઓ, વડીલો કે વિદ્વાનો આપણને જરા ય હાથ આપી શકે એમ નથી. અત્યારે જ આપણી અસહાયતા આપણને દેખાય છે. ચાલુ શિક્ષણના મોહમાં, સરકારી કે દરબારી નોકરીઓના લોભમાં અને ખાલી આશાઓના ઓળા પાછળ આપણી જાતનો જે ભોગ અપાયો છે તેનો વિચાર કરુણ અને અસહ્ય છે.

માબાપોએ પોતાનાં બાળકો માટે કૉલેજની ડિગ્રીથી મળતી કોઇએક નોકરીનો જ ખ્યાલ રાખ્યો હતો; ન કે પુત્રને વિદ્યા, સંસ્કાર કે જીવનની કોઇ ઉચ્ચ દશા અપાવવાનો. જો તેઓ બરાબર સમજ્યા હોત તો તેના સંસ્કાર માટે વધારે કાળજી રાખત. જે વિદ્યા-સંસ્કાર કૉલેજમાં અપાય છે તે તેમના બાપદાદાના સંસ્કારોના મૂળ ઉપર ભયંકર રીતે પ્રહારો કરી રહ્યા છે એ સમજતાં છતાં કેવળ ધન ને નોકરીની ખાતર પોતાના ધર્મ અને કુળસંસ્કારોનો ધુમાડો થવા દે છે. તેમના લગ્નજીવનમાં અસમાનતા આવવાથી જીવનના ઉત્સાહ અને પ્રેરણા હરાઇ ગયાં છે. અકાળે કુટુંબનો ભાર માથે આવી પડવાથી આજનો જુવાન બીચારો નવો જીવન-પ્રયોગ કે સાહસ આદરી શકતો નથી, નવી તાલીમ લઈ શકતો નથી, નવા પ્રદેશોમાં ઝંપલાવી શકતો નથી.

હજુ તેને કુળનું અભિમાન અને જાતિની સંકુચિતતા ડારે છે; હજુ સંકલ્પો અને દાનોથી આળા થઇ ગએલા હાથ કામે લાગતાં આંચકો ખવડાવે છે. છતાં પેટ ભરવાનો સવાલ ઉભો જ છે. વગવસીલા અને ખુશામતથી ક્યાંક પામર આવક પર તે ચોંટી જાય છે—તેને ચોંટી જવું પડે છે. વડીલોએ તેને રક્ષણ આપવું બંધ કર્યું છે; સ્નેહીઓ ભાર ખમી શકે એમ નથી. એટલે એણે કમાવું જ રહ્યું.

ને એ કેવી રીતે કમાતો દેખાય છે? ખાનદાન વર્ગના છોકરાઓ, ઉચ્ચ જ્ઞાતિના ફરજંદો પોસ્ટના કલાર્કો છે, રેલવેના ગાર્ડો છે, પોલિસની નોકરીમાં છે, કારકુનોના સૈન્યમાં છે. ત્યાં રહીને પણ તેમની અધોગતિ પુરી થઇ નથી. મહેનત કરી જીવતી પ્રજાને હેરાન કરવામાં, સ્વઉદ્યોગથી નભી રહેલા વેપાર કે મજુરીના માર્ગમાં તેઓ અનેક રીતે અડચણરૂપ થાય છે. લાંચ, સ્વાર્થ ને ખુશામત તેમને એ માર્ગે દોરે છે. પ્રામાણિક પગારથી પોતાના પેટનું પુરૂં નહિ થતું હોવાથી તેમને એ માર્ગે લપસતા જોઇએ છીએ. પરિણામે ખેડુત, મજુર, વેપારી અને કારીગર પણ પોતાના સ્વતંત્ર ધંધાથી કાયર થાય છે; તેને પડતો મુકીને નોકરી શોધે છે; નોકરીના ઓળા પાછળ થોડી સત્તા અને દમ શોધે છે. એમ પરંપરા વધતી જતાં, આપણા દેશમાં પરાધીનતાની સાંકળો વીંટાતી જ આવી છે.

અને એ પરાધીનતાઓનો તે ક્યાં પાર છે! પરાધીનતા વિચારોની, આચારની, ફરવાહરવાની, જીવવાની—આજનો જુવાન નિશાળ કે કૉલેજ છોડીને કરે શું? વેપારી પાસે જાય તો તેને નામું આવડવું જોઇએ, પત્રવ્યવહાર આવડવો જોઇએ, ટાઇપિંગ, માલની લેવડદેવડ, બંદરનો વ્યવહાર, પોસ્ટનો વ્યવહાર, રેલવેનો વ્યવહાર જાણવો જોઇએ. એકડે એકથી બી. એ. થતાં સુધીમાં આમાંનું એક પણ જાણ્યું ન હોય તેનું વેપારીને ત્યાં શું સ્થાન?

દુકાન માંડવા નાણાં જોઇએ, માણસોને રીઝવતાં આવડવું જોઇએ, ખરીદી જાણવી જોઇએ, હીંમત જોઇએ, ધીરજ જોઇએ. B. A. થઈ ગએલા કેટલામાં આ બધું હોય છે?

દરબારી કે સરકારી નોકરીમાં પણ ખાતાનો અનુભવ મળતાં સુધી ઉમેદવારી જ કરવાની. ઉપરી અધિકારીના રીતરિવાજો સાચવવા માટે પ્રામાણિકપણું અને સ્વમાન વટાવવાં જોઇએ. ગરીબોને દબાવવા—નીચોવવા હૃદયની લાગણી કચરી નાખવી જોઇએ. અને બાકી સારી કેળવણીનું ફળ આવું જ જીવન હોય તો એવી કેળવણીને આપણે ક્યાં સુધી દેશમાં ઉત્તેજન આપીશું?

ખાનદાનના છોકરાથી જોડાની દુકાન ન થાય, પતરાંનો સામાન ન બનાવાય, શેરીઓ ને પોળોમાં ફરી ઘરઘરનું જાતજાતનું રીપેર કામ ન કરાય, ફેરિયા તરીકે વેચવા ન નીકળાય—એવાં ભૂતોને તો હજુ વડીલો અને મુરબ્બીઓ બાથ ભરી જ રહ્યા છે અને પોતાની અને કુટુંબની ગરીબી વધારી રહ્યા છે. ઉલટું 'બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપમ્' એ પ્રમાણે જ્યાંત્યાં ખાનદાન કહેવાતા કુળોનાં બાળકો



પક્ષપાત જો પરિણામે પક્ષાઘાત

સંસાર રથનાં બે પૈડાં જેવાં સ્ત્રી અને પુરુષ બંને સંસારનાં સરખાં જ અગત્યનાં અંગ છે. છતાં આપણો સમાજ જન્મથી જ તેમની વચ્ચે આંતરો રાખી કન્યા અને કુમાર બંનેને કેવી જુદીજુદી રીતે ઉછેરે છે એ સૌના અનુભવની વાત છે, એટલે ઉપલું ચિત્ર વધુ સમજાવવું પડે એમ નથી. છોકરાને લાડકોડ અને સારી કેળવણી મળે છે, શહેરી હક્કો અને માબાપનો વારસો મળે છે,! અને ઉજળા ભવિષ્યનું બહોળું ક્ષેત્ર તેને માટે ખુલ્લું હોય છે. જ્યારે, જન્મથી જ 'પથરો' મનાતી આવતી બીચારી કન્યાને આપણે કેવી અધીનતા અને રિવાજોના દબાણ નીચે ચગદાએલી રાખીએ છીએ, અધુરી કાચી કેળવણી આપીએ છીએ ને મેણાંટોણામાં જ ઉછરીએ છીએ! અને આ એટલેથી જ પતતું નથી. એનો બીચારીનો ભાવિ સંસાર પણ વિષમય સર્પ જેવો જ ભયંકર હોય છે. એને ઉજળા ભાવિની કોઇ આશા નથી, જીવનની કોઇ મહેચ્છા ઘડવાની તક નથી, છુટ નથી. એક અંગ પ્રત્યે પક્ષપાત રાખી બીજા અંગની ઉપેક્ષા કરવાને પરિણામે એ અંગને પક્ષાઘાત ન થાય તો બીજું શું થાય? પોતાના અરધા અંગને આમ રીબાતું રાખી આપણો સમાજ કેમ વિકાસ કરી શકવાનો છે? શી પ્રગતિ કરવાનો છે? કઇ સિદ્ધિ મેળવવાની આશા રાખે છે?

આગ્રહ અને મહેનત

ચડતો મનુષ્ય આખો દહાડો કામમાં જ મચ્યો રહે. સવારે ઉઠીને, આજે હું કેટલું કરી નાખીશ તેનો વિચાર કરી સંકલ્પ કરે ને સાંજે, કરેલા કામનો હિસાબ કાઢે. જો કામ ન થયું હોય તો મંદોત્સાહ ન થતાં આવતી કાલને માટે વધારે ઉત્સાહ ભરે, સંકલ્પ વધારે દૃઢ કરે, કચીકચી બાબતો વિઘ્નરૂપે થઈ તે તપાસે ને તેને દૂર કરે.

વિચાર કરવાથી પોતાના કામમાં સ્પષ્ટતા આવે છે; વિગતો સુઝે છે; બળાબળ સમજાય છે. ઈચ્છા કરવાથી એક પગલું આગળ મુકાય છે.

પણ વિચાર કે ઇચ્છા એ પોતે કામ નથી. કામ તો કામ કરવામાં છે. જ્યાં સુધી કરવા ન મંડીએ ત્યાં સુધી નિરર્થક વાણીપ્રલાપ છે. માત્ર વિચાર અને વાણીમાં જે બળ પાતળું કરી નાખીએ તે બળને કામ કરવામાં વાપરવાથી ઇચ્છા પાર પડે છે.

પુરુષાર્થ પ્રથમ વસ્તુ છે. યત્ન કરવા છતાં સિદ્ધિ ન મળે તો યત્નમાં ક્યાં દોષ રહેલો છે તે તપાસીએ. આપણે મંદબુદ્ધિ હોઇએ કે તેજસ્વી હોઇએ તેની ચિંતા નહિ. આપણામાં કામ ઉઠાવવાની હોંશ છે? આપણે શરીરે બળવાન હોઇએ કે નિર્બળ તેની કશી હરકત નહિ. આપણામાં આગ્રહ છે?

આગ્રહી અને મહેનતુ માણસ બધું મેળવી શકે છે.

(શિક્ષણ પત્રિકા)

તેમની નજરમાં હતરો એવા હો તો તમારા માટે જગ્યા થતાં વાર નહિ લાગે. પણ તમે તમારી જાત ઉપર પહેલેથી મોટી કીમત લગાવી ન બેસતા. તમારૂં કામ અને તમારી સેવાવૃત્તિ જ તે નક્કી કરી આપશે. તમે જ્યાં જાઓ ત્યાં સમય તત્પર રહેજો. કામ હાથમાં લીધા પછી તેની માહીતી કે વહીવટમાં તમે ઉણા હતરશો તો તમારૂં જ હિત કમી થશે.

તમે ડૉક્ટર કે વકીલ થાઓ તો તમારી શક્તિ કે જ્ઞાન જગતમાં દંભ અને તકરાર વધારવામાં ન વાપરતા. અધિકારી થાઓ તો લોકોની સેવાને ધ્યેય માનજો. જગતની બધી જગ્યાઓ પર પહેલાં યુવકોનો જ અધિકાર થાય છે. પણ યુવક જ્યારે પતિત થાય છે ત્યારે જગતના બધા વ્યવહારમાં અવ્યવસ્થા અને અંધેર દેખાવા લાગે છે.

તમે શિક્ષક થવાનું પસંદ કરો તો તમારી આવકથી તમે સંતુષ્ટ રહેશો એમ માનીને જ એ સ્થાન પસંદ કરજો. એ ધંધામાં પૈસાની રેલમછેલ નહિ થાય પણ નિત્યનિત્ય જીવન-વિકાસનો નવો અભ્યાસ એ જીવનમાં છે જ. તમે ધારશો તો શ્રીમાનો અને બળવાનો તમારી એકનિષ્ઠા અને અભ્યાસ-પરાયણતા આગળ માથું ઝુકાવશે. તમે એમને શરણ થશો તો તમારૂં બિરદ જશે. એ વખતે એ ધંધો તજી દેજો પણ એ પદનું ગૌરવ ઓછું કરતા મા.

મોટા પગારો અને એકદમ ધનપ્રાપ્તિનાં સ્વપ્નો કરીએ એવી આપણા દેશની સ્થિતિ નથી. એટલે જે કામ મળે તેનાથી શરૂઆત કરવામાં ઢીલ ન કરશો. તમને ખાતરી હોય કે તમે જરૂર કોઈ મોટી જગ્યાને લાયક છો તો તે જગ્યા માટે રાહ જોવામાં તમારો વખત ખાલી જવા ન દેતા. કંઇ અભ્યાસ કે લોકોપકારી કાર્ય તો હાથ પર રાખજો જ. તમારી કોઇ કદર ન કરે તો જગતને ગાળો દેવાનો તમને હક્ક નથી. તમે તમારો ચાલુ ખર્ચ બહુ જ થોડો અને નિયમિત રાખશો તો જ આ ઢીલના સમયમાં ટકી શકશો; નહિતો હાર ખાશો. અમુક પગારને લીધે અમુક કલાક જ કામ કરવું એવો આગ્રહ તમારા શેઠ કે ઉપરી જોડે બતાવતા નહિ. દરેક સારો શેઠ કે ઉપરી પોતાના હાથ તળે કામ કરતા માણસોની જરૂરિયાતો, આરામ અને સન્માનનો વિચાર કરે છે. તે નહિ કરે તો તેના પોતાના હક્કમાં નુકસાન થવાનું છે. પણ તમે તમારી છાપ એકનિષ્ઠ કામ કરનાર તરીકે પાડી બતાવજો. તમે કામ બરાબર કરી બતાવ્યું હોય તો બીજી જગ્યાએ જતી વેળા શેઠને તમારી લાયકાત વિષે સ્પષ્ટ કહેવાનો હક્ક મળે છે.

તમારા ધંધા કે કામની વેળાએ ઘરની પંચાત કે વહે-વારની વાતો કદિ આવવા દેતા નહિ. તમારી રીતભાત જ એવી રાખજો કે તમારાં સગાંવહાલાં એ વખત દરમ્યાન તમારાથી ચેતતાં રહે. આ વાત નજીવી જેવી છે, પણ ઘણા જણને તેમની નોકરી કે ધંધામાં નુકસાનકર્તા થઇ પડયાના દાખલા છે. જુનાં માણસોનો યુગ હતરે છે; યુવકોનો વારો આવ્યો આવે છે. તમે તેમની જગ્યા લઇ તમારાં દુઃખો અને સાથે આખા દેશનાં દુઃખોનું નિવારણ કરવા શા વિચારો કરો છો, શાં કાર્યો કરી બતાવો છો તેનો હિસાબ ગોઠવી રાખજો.

આપણને થયું છે શું ?

ગમે તે ધંધામાં આપણે નજર કરીએ તો જણાશે કે દરેક કારીગર પોતાનું કામ કાળજી અને મહેનતથી દિલ દઇને કરતો લાગતો નથી. કોઈ એકાદ કામ હાથમાં લે છે તો કરતાંકરતાં હજાર જાતના ચાળા કરે છે. બીડી પીતા ઉભા રહે છે, પાન ચાવે છે, ચા પીવા જાય છે, નકામું જોવા ઉભા રહી જાય છે, વાતો કરે છે વગેરે; પણ ધારેલા વખત સુધી કામમાં ધ્યાન આપતા નથી. આ દુર્ગુણ આખી પ્રજા-માં પેઠો લાગે છે. કારકુનો, અમલદારો, કારીગરો, બધાં જાણે કામ ઘસડતા હોય તેમ લાગે છે. દેશનો આ દુર્ગુણ દૂર કરવાનો બોજો ઉગતી પ્રજાને શિર આવે છે. થોડાં જ વર્ષ પછી તમારામાંના ઘણા જણ ધંધે લાગવાના, અને તમે પણ ધંધાદારીમાં ગણાવાના. તે વખતે તમારે કેમ વર્તવું તેનો વિચાર હાલ જ કરી રાખો. તમે દરેક જણ આદર્શ-ધંધાદારી થવા યત્ન કરશો તો આખો દેશ ધીમેધીમે તેવો થતો જશે, અને દેશનું દારિદ્રય કપાતું જશે.

એકોપાસના

માણસે એકને જ ધારવો જોઇએ. જે એકને જ ધારે છે, એકની જ ઉપાસના કરે છે, આમરણ એકને જ વળગી રહે છે, મૃત્યુની પેલી પાર પણ જેને એક જ છે તે બધું પામે છે. પણ જે ઘડીક આ લે છે ને ઘડીક તે લે છે તેને પસ્તાવું પડે છે. એકમાં જ જે એકાગ્ર થઇ સર્વસ્વને હોમી દે છે તે સર્વ-સ્વને મેળવે છે. પણ જે એકમાંથી છટકે છે તેને જીવનભર ફાંફાં મારવાનાં રહે છે. જે લઇએ તે એક લઇએ. વિદ્યા તો એક, ઉદ્યોગ તો એક, ગુરુ તો એક, પંથ તો એક ને ઇશ્વર તો એક. એક સાથે એક થતાં એકમાં અનેક અને અનેકમાં એકનું દર્શન થશે. એકનો જ્ઞાતા સર્વજ્ઞ થશે. એકનો પંડિત પંડિતશિરોમણિ થશે. એકનિષ્ણાત અનેકનિષ્ણાત થશે.

પણ એ એકને ઉપાસવો જ અઘરો છે. અનેકનો મોહ મનને ભમાવે છે. એકની સ્થિરતાને અનેક અસ્થિર કરે છે. એકના વિશ્વાસમાં—વફાઇમાં અનેકનો વિશ્વાસ અને વફાઇ ઉભાં છે. એક સાધવો સહેલો નથી. એ એક પ્રભુ હોય કે પત્થર. જીવનમાં આવી આપણી એકોપાસના છે ? (શિક્ષણ પત્રિકા)

ગઈ મિજલસમાં ચર્ચેલા મુદ્દાને લગતો એક કિસ્સો હમણાં જ બન્યો છે. મ્હૈસુર યુનિવર્સિટીની ઇન્ટરમીડિયેટ પરીક્ષાના પરિણામપત્રકમાં કારકુનની ભુલથી, પહેલા વર્ગમાં પાસ થતા એક વિદ્યાર્થીનું નામ જાહેર થવું રહી ગયું. બીજે દિવસે, પરિણામમાં થએલી ભુલો જાહેર થઈ એમાં એનું નામ પહેલા વર્ગમાં હતું ! પરંતુ એ દીન વિદ્યાર્થી તો તળાવ-માં ડુબી ક્યારનો આત્મઘાત કરી ચુકયો હતો !

સોનાર પસા



ઘણા દાયકા પહેલાંની વાત છે. ત્યારે નારણિયું આજ જેવું નાનકડું વેરાન ગામડું ન હતું. રેતી અને ભેખડોથી ભરેલી એની ખાડી આજ પેઠે રમકડાં જેવા નાના ગંદા મછવાથી જ ભરેલી ન રહેતી. ત્યારના નાખવાઓ કેવળ માછીમારીથી જ પોતાનું ગુજરાન ન ચલાવતા. એ વખતે નારણિયું તો વેપાર રોજગારની નિત્યની ધમાલથી ગાજતુંવાજતું બંદર હતું. એમાં મોટામોટા શેઠોની હવેલીઓ હતી. એના ચોટામાં દુનિયાભરના સોદાગરો માલ વેચવા આવતા. એનાં વહાણો ખુબ લદાઇને દુનિયા આખીનાં બંદરે સફર મારવા જતાં.

કાંઠા પાસે ખારવાઓનું તો ગામ વસેલું રહેતું. છોકરાઓ દસ વર્ષના થાય ત્યાં તો બાપ સાથે વહાણે ચડતા અને ખારવણો અને નાનાં છોકરાંઓ સઢનાં કપડાં વણતાં, ફાટેલા સઢ સમારતાં કે કાંઠાને એક છેડે આવેલા સુતારવાડામાં રોજે જતાં.

સુતારવાડામાં મોટા મછવાઓ, બતેલાઓ ને ફતેહમારીઓ બંધાતી, અને નારણિયામાં બંધાએલાં એ વહાણોની ખ્યાતિ આખા દેશનાં બંદરોમાં પ્રસરી હતી.

અષાડી ચંદરનો દિવસ હતો. આજે આખું ગામ કાંઠા ઉપર ભેગું થયું હતું. હાટવાણિયાઓ દુકાન છોડી ત્યાં આવ્યા હતા. શેઠિયાઓ ખેસપિછોડી નાખી ઉભા હતા. બધા આમવર્ગનો ત્યાં મેળો જામ્યો હતો. નારણિયાના વાડામાં બનેલું, ત્યાંનાં જ માણસોએ બનાવેલું, આજ સુધી બંધાએલાં બધાં વહાણો કરતાં મોટું વહાણ આજે પહેલી સફરે સીધાવવાનું હતું. કાંઠાથી સોએક વામ ઉપર ઉંડા પાણીમાં એ ચડતા જુવાળની રાહ જોતું ઉભું હતું. કાંઠા પરની મેદની હાથની છત કરી એના ઉપર વારંવાર મગરૂબીથી જોતી હતી. નારણિયામાં બંધાએલાં બીજાં અનેક વહાણો એની આસપાસ ઉભાં હતાં, પણ એને તોલે કોઈ નહોતું. એનું નામ સોનાર પસા. એના ધણીની એક જ છોકરી સોનબાઇના નામ ઉપરથી એ વહાણનું નામ પાડ્યું હતું.

એટલામાં કાંઠા પરનો કોલાહલ વધ્યો. બધાએ સોનાર પસા તરફ નજર માંડી. આભ સાથે વાત કરતા થાંભની આડકાઠી ઉપર સડસડાટ બે છોકરાઓ ચડી ગયા. એક જણ મોરા પરની દોર પાસે ઉભો. નાખવો સુકાન પાસે ગયો.

બગલાની પાંખ જેવા ધોળા બે ગાભા જરાક હવામાં ફરફરી રહ્યા. કાનરિયો તંગ થયો; સોલી ઉપડી. કાંઠા ઉપર પુરોહિતે નાળિયેર વધેરી અર્ધું દરિયામાં પધરાવ્યું; સાથે કંકુ, ફુલ અને દુધ રેડ્યાં. સોનાર પસાના થંભ ઉપરથી મોટો સઢ હવામાં વીંઝાતો નીચે સરકવા માંડ્યો. પાણીમાં છાલકો ઉડવા માંડી. મોરા પાસે પાણીમાં મોજાં ઉડ્યાં અને ઝડપથી વેગ લેતું સોનાર પસા ખાડીનાં પાણી ચીરતું મધદરિયા તરફ ચાલ્યું.

કાંઠા પાસે ભરતીનાં પાણી પહોંચ્યાં હોવાથી નાખવાએ વહાણ જરા ઓરું કર્યું. આખી મેદનીએ હર્ષના અવાજોથી એને વધાવી લીધું. માણસો હાથ ઉંચા કરી મોટેથી પોતપોતાનાં સગાં કે દોસ્તને ફતેહ ઇચ્છવા લાગ્યા. ખારવણો કેડનાં છોકરાંઓને ખંભે બેસાડી ધડકતી છાતીએ વહાણ ઉપર મીટ માંડી રહી. નાખોદાથી માંડીને નાનાં છોકરાં સુધી એકેએક માણસ નારણિયામાં જન્મીને મોટો થયો હતો.

ખાડીને મોખરે વહાણે મોરો ઓતરાદો ફેરવ્યો. બધા નાખવાઓ તુતક ઉપર ભેગા થઇ કાંઠા તરફ રૂમાલો ઉડાડવા મંડ્યા. કાંઠા પર ફરીથી હર્ષનાદ થયો;—એમાં ખારવણોનાં ડુસકાંનો અવાજ ડુબી ગયો.

નજર પડે ત્યાં સુધી ઘણા લા ઉભા રહ્યા. પણ છેવટે ઓસરતી વાદળી પેઠે વહાણ દેખાતું બંધ થયું અને સહુ ધીમેધીમે વાતો કરતાં ઘર ભણી વળ્યાં. કોઇ જુવાનિયાઓ પોતે પાછળ રહી ગયા એટલા માટે નાસિપાસ થયા; કોઈ અનુભવીઓ પોતાની સફરોની ડંફાસો મારવા લાગ્યા; તો કોઇ ડરપોકો પોતે નકોર જમીન ઉપર ઉભા હતા એ ખ્યાલથી ઇશ્વરનો પાડ માનવા લાગ્યા.

સમય વીતવા માંડ્યો. નારણિયાનો વ્યવહાર હમેશ પેઠે ચાલવા લાગ્યો. બીજાં વહાણો જાતજાતનાં કાપડ વસાણાં લઇ આવતાં; થોડા દહાડા રહી ફરી હંકારતાં. સુતારવાડામાં એક બીજું વહાણ બંધાવાની શરૂઆત થઇ. ઝરાનું મંડાણ પણ થઇ ગયું. આમ મહિનાઓ વીતી ગયા અને હવે તો સોનાર વસાના વાવડ તુરતમાં આવવા જોઇએ એમ સહુ કોઈ કહેવા લાગ્યું.

કોઇ કહેતા કે રાતે ન આવે તો ઠીક;—જ્યારે વિખુટી પડેલી માવરો ને ઝુરતી વહુઓ ઉંઘમાં પડી હોય ત્યારે બધાંને કંઠીઆં કાંઠે જવું પડે. અંધારામાં સંભાળથી પાણી કાપતું એ આવે તેના કરતાં દિવસ હોય તો સારૂં. દૂરથી ત્રિખુણિયું બગલું દેખાય. પછી આસ્તેઆસ્તે નજીક આવે.

ખારવાઓ દૂરથી સગાંવહાલાંઓને જોવા રેતીના ડુંગરે ચડી પહોરના પહોર દૂર નજર ખોડી બેસતા અને સાંજના પાછા ફરેલા માછીઓને આતુરતાથી સવાલો પુછતા; પણ સોનાર વસાના વાવડ જ નહોતા આવતા. કોઈ વાર તાપણાની આસપાસ કોઈ ધીમેથી કહેતું કે સોનાર વસા બહુ ખોટી થઇ રહ્યું. થોડા દહાડા પછી કોઇ બુઢ્ઢો ખારવો એમ કહેતો કે હવે તો અલ્લા કરે ઇ ખરો !

છેવટે ઘણાખરાએ આશા છોડી. પણ બીચારી ખારવણોનાં હૈયામાં આશાનાં પાણી નહોતાં સુકાતાં. કાળેભંઠ મોંએ હજુ પણ કેટલીક કાંઠે જઇ બેસતી અને દરિયાને પેલે પાર નજર ફેંકવાની ફોકટ કોશિશ કરતી. વખત જતાં એ પણ બધી ઘરમાં બેસી રહેતી કે કામે જતી અને બચ્ચાંઓનાં પેટ ભરવામાં ગએલાને ભુલવા મથતી.

ધાવણાં છૈયાંઓ હવે તો રગડદગડ કાંઠે રમવા લાગ્યા; છોકરાઓ મોટા થઇ રોજ કમાતા થયા, પણ સોનારવસાના કંઈ ખબર નહોતા. એનો ઇતિહાસ પણ પુરાણો થવા માંડ્યો, એને બાંધનાર સુતાર પણ ઘરડો થઇ ગયો, અને દીકરા વિનાની માવરો અને પતિ વિનાની વહુવારૂઓના કારી ઘા વખતના મલમે જેમતેમ રૂઝાવા લાગ્યા.

જેઠ મહિનાની તુફાની અંધારી રાત હતી. એક બુઢ્ઢી ખારવણ કોડિયાના ઝાંખા ઉજાસમાં તુટેલી જાળ સાંધતી બેઠી હતી. કોડિયાની વાટ ઉપર મોગરો બાઝ્યો હતો. બહાર વાવડો ઘુમરીઓ ખાઇખાઇને એ ઝુંપડાને હચમચાવતો હતો, અને એની પાંખે ચડી દરિયાનો ઘુઘવાટ એના બહેરા કાનને પણ ચમકાવતો હતો. કોઇ વારે ખડકો પર અફળાતાં મોસમી મોજાંની કડેડાટી એના હૈયાને કંપાવતી હતી.

આજે દરિયામાં ગએલાને અલ્લા રાખે. ઝુંપડાંના દરવાજો હચમચવા લાગ્યો. તરડમાંથી પવનનો સુસવાટો આવ્યો અને કોડિયું બુઝાઇ ગયું. ડોશી ચકમક ગોતવા લાગી ત્યાં દરવાજો ઉઘડવા મંડ્યો.

'કોણ છે ?' એણે ગભરાટમાં પુછ્યું.

એની આંખો ઝાંખી હતી અને અંધારૂં ઓચિંતું થએલું, છતાં એને લાગ્યું કે દરવાજામાં કોઇ ઓળો ઉભો હતો. જેમતેમ કોડિયું સળગાવી એણે ઉંચું જોયું.

ઉંબરે એક માણસ ઉભો હતો. એની ઉંમર આધેડ હતી. મોં સુકાએલું હતું. ઉપર ધોળા વાળની ખરબચડી દાઢી હતી. એણે અંગે ચીંથરાં વીંટ્યાં હતાં. એની આંખમાં મુવા માણસ જેવી નિસ્તેજતા હતી. ઘડીભર થોભી એના હોઠ હાલ્યા, 'અમ્મા !'

લથડતે ડગલે એ અંદર આવ્યો. 'જાકુ; બેટા !' ડોશીએ ચીસ પાડી અને બીજી જ પળે એની ઝુરતી છાતીએ એને દબાવી દીધો. ડોશીને હૈયે વર્ષોનો ઉભરો ચડ્યો. ગુમાવેલા દીકરાને છાતીએથી છુટો કરવા એનો જીવ ન ચાલ્યો. તે મોઢામાંથી અસ્પષ્ટ શબ્દો બોલવા લાગી, અલ્લાનો પાડ માનવા લાગી, ખડખડાટ હસવા લાગી.

એને ખાટ નાખી બેસાડ્યો. એની પાસે ખાવાનું મુક્યું. જાણે મહિનાઓનો ભુખ્યો હોય તેમ જાકુ ખાવા લાગ્યો. બે હાથનાં આંગળાંની આંકડી ભરાવી ખુણામાં ઉભીઉભી ડોશી એને જોઈ રહી. એના લોચા



ડોશીને હૈયે વર્ષોના હબરો ચડ્યો. ગુમાવેલા દીકરાને છાતીએથી છૂટો કરવા એનો જીવ ન ચાલ્યો.

જેવા ગાલ ઉપર આંસુઓ સરકતાં હતાં.

જાકુએ ઉંચું જોયું. ડોશીના હાથમાંથી પતરાનો પ્યાલો લઇ એ પાણી પીવા લાગ્યો.

'બેટા, મું તો તને અલ્લાને ખોળે સોંપી દીધો'તો.'

જાકુએ માથું ધુણાવ્યું.

'નાખવો, બીજા ખારવા ને સોનાર પસા, બધાં ક્યાં છે ?' ડોશીએ પુછ્યું.

'નાખવો તો—ખારવા બધે—' જાકુએ જેમતેમ જવાબ બોલી; 'હમણાં નહિ, અમ્મા. હું થાકથી આકારી થઈ ગયો છું. મને સુવા દે; સવારે બધું—' માથું ઘેરાતું હોય તેમ એ હાથે પકડી જાકુ ખાટ પર પડ્યો.

'ખમ્મા બેટા, સુઇ જા. ખાટ તો હું રોજ દિ' આથમ્યે તૈયાર કરી રાખતી'તી; પણ અલ્લાની મરજી વગર તું ક્યાંથી આવે ?' ડોશીએ કહ્યું.

માથાસોત ઓઢી જાકુ ખાટે પડ્યો અને પાણીમાં પથ્થર ડૂબ્યો હોય તેમ ઉંઘમાં પડ્યો. ડોશીએ કેટલી યે વાર એના સામું જોયા કર્યું. પછી ખાટની પાંગતે માથું મુકી થોડી વાર પડી રહી. ત્યારે એને બીજી બધી યાદ આવી. કંઇ પણ ખબર મેળવવાને બધી ઝુરતી હતી. દરવાજો આસ્તેથી ખોલી ઉઘાડ શેરીમાં બધાંને ખબર કરવા ડોશી બહાર નીકળી. થોડી વારમાં તો આખી શેરી જાગી ઉઠી.

આશાની ફુંકના જાદુથી ઘરઘરમાં ફરી ભૂતકાળ ખડો થઇ ગયો. દરવાજાઓ ધડાધડ થવા લાગ્યા. જાગી ઉઠેલાં છોકરાંઓ માવરોને બેબાકળાં જોઇ રડવા લાગ્યાં. વર્ષો પહેલાં સીધાવેલા બાપ અને વરની ઝાંખી છબીઓ ફરી બધાંની આંખ સામે ખડી થવા માંડી.

જાકુના ઝુંપડા પાસે થોડી વારમાં તો ગરદી થઇ ગઇ. પણ ડોશી દરવાજે ઉભી રહી. એના મોં ઉપર હર્ષની છાયા સ્પષ્ટ હતી. એની આંખમાં દયા હતી. કંઇ પણ ખબર મેળવવાની બધાંની આતુરતા પણ ચડતી ભરતી જેવી જોરાવર હતી. પણ જાકુને જગાડવાની તો ડોશીએ ના જ પાડી.

જે ખારવણોએ વખાન જતે ધીરજથી દુઃખ સહી લીધું હતું તેમને હર્ષ આ એકાએક હલકો ભોળીયો વસમો લાગ્યો. નાસીપાસ અભાગ પણ આ ઉગતી

આશા કેમ ખમાય ?

'મારા છોકરાનું એણે કંઇ ન કહ્યું ?' 'તારે એને મારા ધણીનું તો પુછવું'તું !' 'કંઈ તો બોલ્યો હશેનાં !' બધી એકસામટી બોલવા મંડી.

'થાકથી એવો થઇ ગ્યો'તો, કે કાંઇ નથી બોલ્યો. પો' ફાટવા દ્યો; હું એને તંયે ઉઠાડીશ. મા–જરા ધીરી થા મા –અલ્લા બધું ઠીક કરશે દીકરી—' ડોશી સૌને સમજાવવા લાગી.

કોઇ પાછાં ઘેર જાય એ ન બને. પોતપોતાના જુના ઘા ફરી તાજા કરતાં બધાં ત્યાં જ બેઠાં. કેટલી યે અટકળો થવા મંડી. 'ક્યાંક બધા ખરાબે ચડી ગ્યા હશે, તી હવે અલ્લાએ ભાળ લીધી.' બધાં થોડીથોડી વારે અકળાતાં, ડોશીને ફરી સમજાવતાં. ડોશી તો એકની બે ન થાય. સવાર પણ જાણે નથી પડતી. છોકરાંઓ તો ટાઢમાં સુડાઇ ગયાં. બે ખારવણો મુંઝવણમાં કંઇ નો'તી બોલતી. એણે બીજાં ઘર કેર્યાં'તાં. એના ધણી પણ ચુપચુપ બેઠા હતા.

આખરે ઉગમણે આકાશ ભાંખરૂં થવા માંડ્યું. વાવડો પણ ધીમો થયો હતો. ટોળાંમાંથી બે માણસો ધીમેધીમે ઝુંપડા પાસે આવ્યા. ડોશી દરવાજે ખોલી અંદર ગઇ. બધાં ઉઠી દરવાજાને ઘેરી વળ્યાં ને ડોશીને તકડ કરવા લાગ્યાં. હવે એક પળ પણ વરસ જેવડી લાગતી હતી. છેવટે ડોશી બહાર આવી.

'મુંસાં તો, ઇ ઉઠતો નથી. એવો પડ્યો છે ! થાકોડો પણ ગજબ, મા ! મું ધુણાવ્યો પણ ઇ તો સુચ્યો પડ્યો છે.' એના મોં પરનો આનંદ ઉડી ગયો હતો. એની આંખમાંથી દયા જતી રહી હતી.

બે ખારવા ડોશીને હડસેલી અંદર ગયા. થોડી વાર કોઇ ન બોલ્યું કે ન ચાલ્યું. છેવટે બે ય બહાર આવ્યા. એમની આંખોમાં ગભરાટ હતો. એમના ચહેરા ઉપર શાહી ઢળી ગઇ હતી. બધાં કળી ગયાં. શબ્દોની જરૂર ન હતી. પરોડની શાંતિને વીંધતી એક ચીસ પાડી ડોશી બેસી ગઇ. ટોળાંમાંથી કળેળાટી ઉઠી. એમને પોતાનાંની કંઇ પણ ખબર આપી શકે એવો એક જ આસામી દરિયાની આફતો વામી ઘેર પહોંચ્યો પણ ખાટમાં સુતો ત્યાં જ એનો આત્મા એના કર્તાને હવાલે થઈ ગયો હતો.

'સુકાની'

જૂની જાતનાં અમદાવાદી ધોતિયાં પેઠે આ વાર્તાનું સુતર પરદેશી છે, પણ વણાટ સ્વદેશી છે.



: માઢની ધુન :

આભ ઘેરાયું શ્યામલ મેઘે,
  શ્યામલ ગાઢ તિમિર;
ચંદ્ર કે ચાંદરણું ન ઝબુકે,
  સુઝે ન પંથ લગીર :
ત્યારે . . . એકલ જાજે વીર !

પેલો તુફાની સિન્ધુ માનેલો,
  ઘુઘવે ઘોર ગભીર;
નાવ લંગારી સૌ નાવિક ઉભા,
  હીંમત હારે સુધીર :
ત્યારે . . . એકલ જાજે વીર !

સ્હાય મળે નહિ, સાથી જડે નહિ,
  ફૂંકે પ્રલયસમીર;
મૃત્યુમુખે જ્યારે જીંદગી ઝુલે,
  થોભાશ મા તું અધીર :
ત્યારે . . . એકલ જાજે વીર !


એક જ તારણહારને ટેકે,
  ચાલ, ઓ મુસાફિર !
જોજનઉંડાં જળ વીંધીને,
  સાધાવ સામે તીર :
શુરા . . . એકલ જાજે વીર !

ચુ. ડા. પાદઢિયા

હિંદી ઉદ્યોગોના અગ્રણી

જમશેદજી તાતા

ઈ. સ. ૧૮૫૨ માં નવસારીનો એક તેર વરસનો પારસી કુમાર મુંબાઇની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણવા માટે આવ્યો. છઠ્ઠે વર્ષે ત્યાંથી ગ્રૅજ્યુએટ થઇ ઓગણીસ વર્ષના એ જુવાન જમશેદજી તાતાએ વેપારની દુનિયામાં પગલાં માંડયાં, ત્યારે કોણે જાણ્યું હશે કે હિંદના ઉદ્યોગની અનેક શાખાઓને ખીલવનાર, ઘડનાર ને અનેક નવી શાખાઓ શરૂ કરનાર એક પ્રબળ તત્ત્વ સ્થાન લેતું જાય છે ?



જમશેદજી નસરવાનજી તાતા

હિંદની અનેક ઔદ્યોગિક બાજુઓ ખોલનાર અને ખીલવનાર; ૨૧ કરોડ રૂપિયાને ખર્ચે હિંદમાં પહેલવહેલું લોખંડનું કારખાનું સ્થાપનાર હિંદુસ્તાનના પોલાદી ઉદ્યોગોના પિતા; ઉદાર સખાવતથી બૅંગલોરનું વિખ્યાત હિંદી વિજ્ઞાનમંદિર (ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઑફ સાયન્સ) ઉભું કરી હિંદને અર્પણ કરનાર, વ્યવહારૂ આદર્શવાદી.

અનેક મહત્ત્વાકાંક્ષાઓના જુવાળની છોળોથી ઉભરાતા અંતરના એ જુવાને, પોતાના પિતા નસરવાનજી તાતાના ચીનની સાથેના અફીણના ધીકતા વેપારની પેઢીમાં અનુભવ લેતાં-લેતાં ઉદ્યોગની અનેક શાખાઓ પર નજર ફેરવવા માંડી. વેપારને અંગે તેણે ચીન જઇ હૉંગકૉંગની પોતાની પેઢીમાં રહીરહી જાપાન, અમેરિકા અને યૂરોપની ઔદ્યોગિક પરિસ્થિતિ અને પ્રગતિનો અભ્યાસ કર્યો, અને એ પ્રગતિમાં હિંદનું સ્થાન ક્યાં અને કેમ લાવી શકાય તેનાં સ્વપ્નો ઘડયાં કર્યાં.

એવામાં અમેરિકામાં આંતરવિગ્રહ શરૂ થયો. તે દરમ્યાન અમેરિકાનાં દક્ષિણનાં સંસ્થાનો ઈંગ્લંડ રૂ મોકલી શકતાં નહિ; તેથી ત્યાંના મિલમાલેકોને હિંદના રૂની જરૂર પડી. મુંબાઇ રૂના વેપારનું મથક થઇ પડયું. જુવાન જમશેદજીએ વેપારની તક પારખી અને પિતાની સાથે રૂનો વેપાર શરૂ કર્યો. ચાર વરસ સુધી વેપાર સારો ચાલ્યો. પણ એટલામાં યુદ્ધ પુરૂં થયું, ને તેમણે વેપાર બહુ વધારી દીધેલો હોવાથી ખુબ ખમવું પડયું. પણ તીણી દૃષ્ટિવાળા એ જુવાને ચોમેર ફરતી નજર રાખી જેમતેમ કરીને ટકાવ કરી રાખ્યો અને સરકારી કૉન્ટ્રૅક્ટ મેળવવાની મથામણ કરી. એમાં સારો નફો થવાથી તેઓ ફરી પગભર થયા.

હવે જમશેદજી શેઠે બ્રિટિશ મિલો સાથે હરીફાઇમાં ઉતરવા માટે કાપડની મિલ કરવાનો નિશ્ચય કર્યો. તે માટે પોતે ઈંગ્લંડ ગયા, ત્યાંની મિલોનો બરાબર અભ્યાસ કર્યો અને કાર્યપદ્ધતિનું પુરૂં જ્ઞાન મેળવી પાછા આવી નાગપુરમાં ઇ. સ. ૧૮૭૭માં એમ્પ્રેસ મિલ સ્થાપી. ત્યાર પછીના ૩૬ વરસમાં, તેમાં રોકેલાં નાણાં કરતાં તેરગણી રકમ એ મિલે રળી આપી છે.

હક્કને માટે લડવાનો તેમનામાં કેટલો જુસ્સો હતો

તે નીચેના એક પ્રસંગથી જણાશે. તેમની અને બીજી મિલોના ઘણાખરા માલ ચીન જતા હતા. બ્રિટિશ પેનિન્સ્યુલર ઍન્ડ ઓરીએન્ટલ (પી. ઍન્ડ ઓ.) કંપની એકલી જ એ લઇ જવાનું કામ કરતી. તેના નુરના ભાવ વધારે પડતા હતા. ઘણી વાર ભાવ ઘટાડવાની વિનંતિ કરવામાં આવેલી પણ કંપની-વાળાઓએ કંઇ દાદ આપી નહિ. આથી તાતા પોતે જાપાન ગયા અને ત્યાંની એક કંપની સાથે નક્કી કરેલા ભાવે બે વરસ સુધી કામ પુરૂં પાડવાની કબુલાત કરી. તેમણે બીજા મિલમાલેકોને આ સાહસમાં પોતાની પડખે ઉભવા સમજાવ્યું. આ કંપનીની હરીફાઈ આવવાથી તરત જ પી. ઍન્ડ ઓ. કંપનીને એક ટનના ૧૯ રૂપિયાને બદલે બે રૂપિયા ભાવ કરવો પડ્યો. જે મિલમાલેકોએ તાતાની સાથે કબુલાતપત્ર ઉપર સહી કરી હતી તે એક પછી એક ખસી ગયા, ને તેથી તાતાને ખુબ ખમવું પડ્યું. તોપણ આથી એક મોટો ફાયદો થયો. કંપનીએ જે ઇજારા જેવી સ્થિતિ કરી હતી તેનો અંત આવ્યો ને થોડા જ વખત પછી ભાવ પણ ઠેકાણે આવી ગયા. પોતાને ખમવું પડ્યું પણ દેશને લાભ થયો તેથી તાતાને સંતોષ થયો.

તાતા હમેશાં હકીકત ભેગી કર્યા જ કરતા. પોતે મુસાફરી પણ ખુબ કરતા અને પુછપરછ કરી નવુંનવું જાણતા. એકસામટાં બે વર્ષ તેઓ ભાગ્યે જ હિંદમાં રહેતા. મુસાફરીમાં બારીક અવલોકન કરવાની એમને ટેવ હતી. ટ્રેનમાં તે કદિ વાંચતા નહિ, પણ ઔદ્યોગિક દ્રષ્ટિથી જુદાંજુદાં દશ્યો જોતા. ઇ. સ. ૧૯૦૦માં પોતાના ઘર માટે તેમણે સીનેમાનું યંત્ર ખરીદ્યું હતું. વાયરલેસ તારની શોધ થઇ કે તરત જ તેમણે પોતાના મુંબાઇના મકાનમાં તેનાં યંત્ર મુકાવ્યાં હતાં.

જે દેશદાઝ અને વેપારની ધગશથી તેમણે પાછ-ળની જીંદગીમાં પોલાદનો ઉદ્યોગ શરૂ કર્યો તે જ ગુણોથી તેમણે પહેલાં મુંબાઇમાં તાજમહાલ નામનું વિશાળ હૉટેલ બંધાવવા માંડ્યું. તેમના પુત્રો અને સોબતીઓ ખોટ જવાના ભયથી તેમને તે કામમાં નહિ પડવા વિનવતા. આ પ્રસંગે તેમણે જે જવાબ આપેલો તે જાણવા જેવો છે: 'ખોટ જાય તોપણ શું? પોતાના મહેમાનોની સરભરા કરવાને મુંબાઇને એક ભવ્ય અને સગવડવાળા હૉટેલની જરૂર નથી? મને તો ખાતરી છે કે તેમાં નફો જ થશે.' અને એમાં નફો જ થવા માંડ્યો; પણ તાતાને મન એ ગૌણ વસ્તુ હતી.

આ જ ધગશથી તેમણે જાપાનવાસીઓને હિંદમાં રેશમનો ઉદ્યોગ ખીલવવાને બોલાવ્યા અને હિંદની નદીઓની ખીણમાં ઇજીપ્તના જેવું રૂ ઉત્પન્ન કરવા પ્રયત્ન આદર્યો. તેમનો પોતાનો બાગ સરકારી બાગો કરતાં ઘણી રીતે ચડિયાતો હતો. તેમાં એમણે દુનિયાના જુદાજુદા ભાગોમાંથી ભેગાં કરેલાં ઝાડ, છોડ અને ફુલ વવડાવ્યાં હતાં.

શાપુરજી સકલતવાળા તથા તેમના ભાઇ મિ. પી. ડી. સકલતવાળા બંને સર જમશેદજી તાતાના ભાણેજ થાય. મિ. પી. ડી. સકલતવાળા અત્યારે ન્યુ યૉર્કની મિડલ સ્ટેટ્સ ઑઇલ કંપનીના પ્રમુખ છે. સાર્વજનિક કાર્યો કરવાની તાતાની વૃત્તિના સંબંધમાં તે નીચે પ્રમાણે જણાવે છે:

"શાળાનો અભ્યાસ પુરો કર્યા પછી હું તેમની મુંબા-ઇની ઑફિસમાં કામ કરતો હતો. ત્યાં હું તેમના સુંદર મકાનમાં રહેતો. કલાની અનેક કૃતિઓથી મકાન ભરપુર હતું. મને વેપારની તાલીમ પણ તેમના તરફથી જ મળી. આ વખતે તે એક યોજનામાં બહુ રસ લેતા હતા. તેમાં ઘણી મુડી અને મહેનત રોકવા છતાં નફો થવાનો સંભવ બહુ ઓછો હતો. એક દિવસ જમવા બેસતી વખતે મેં એમને પુછ્યું કે, 'આવા સંજોગોમાં તમે આ યોજના કેમ હાથ ધરો છો?' ધીરજથી બધું સાંભળી રહ્યા પછી તે બોલ્યા, 'બેટા, આ મકાનમાં મેં કલાની વસ્તુઓ વસાવી છે તેનો તમે આનંદ લ્યો છો; તેમ જ બીજી અપ્રાપ્ય અને સુંદર વસ્તુઓ જોવા તમે મ્યુઝયમમાં જાઓ છો, ખરૂં ને?' મેં હા કહી એટલે તેમણે આગળ ચલાવ્યું, 'તમે તે વસ્તુઓનો આનંદ લ્યો છો તે વખતે તે કોની માલીકીની છે તેનો વિચાર કરતા નથી. તે વસ્તુઓ સાર્વજનિક હોય છે ત્યારે પણ તે તમારી પોતાની જ હોય એટલો આનંદ તમને થાય છે. હવે ધારો કે તમે એક સંગ્રહસ્થાન જોવા ગયા છો. ત્યાં તમે એક સુંદર અને અપ્રાપ્ય વસ્તુ નીચે પડીને

કફડા થઇ જવાની સ્થિતિમાં જુઓ છો. તે વખતે તમે શું કરશો ?'

મેં જવાબ આપ્યો, 'હું તેને બરાબર મુકું અથવા તેના રક્ષકનું ધ્યાન ખેંચું.'

તેમણે કહ્યું, 'બરાબર છે. છતાં તે પાત્ર તમારૂં ન કહેવાય. તે સલામત રહે અથવા પડીને ભાંગી જાય તેમાં તમને કાંઇ લાભહાની નથી. તોપણુ તેને પડતું અટકાવવામાં તમારો એક જાતનો સ્વાર્થ છે. તે ભાંગી જાય તો તમે અને તમારા દેશબંધુઓ તેને ફરીથી જોવાનો આનંદ લઇ ન શકો. એ જ પ્રમાણે, આ યોજના તમારા કહેવા મુજબ નફો થાય એવી નથી, છતા તેમાં મારે એવો જ સ્વાર્થ છે. ભલે કદાચ નફો ન થાય; પણુ મને તેની ફિકર નથી. હાલ તે જોખમભરી સ્થિતિમાં છે, પણુ હિંદને તેની જરૂર છે. તેને યોગ્ય સ્થાને મુકવા મારો પ્રયત્ન છે. તેમ થાય તો હું તેને જોઇને આનંદ પામું, તેમ જ દેશના હિત અર્થે તેને નાશ પામતી અટકાવી શકયો એ ખ્યાલથી સંતોષ અનુભવું."

લોકસેવાની ભાવ-

હિંદી કળાની લુંટ

. આપાનિયામાં લેખ લખી નાખી કલાની સેવા પુરી કરનારા કેટલાને ખબર છે કે છેલ્લા છ માસમાં અમદાવાદ, પાટણ અને ઈડરનાં ખંડેરો અને જીર્ણુ દેવાલયોની મૂર્તિઓ તથા તોરણોઓ કેટલા મોટા પ્રમાણુમાં આગબોટ મારફત રવાના થઈ ગઇ છે ? જરીકસબ વેચનારાને જુની કારીગીરી અને કળા પારખવાની જે આંખ મળી છે તેનો શતાંશ પણુ આપણા ધર્મધુરંધરોઓમાં હોત તો એકેએક પથરા પાછળ તેઓ આજે હ્રુદયનાં લોહી આપત. જે મૂર્તિઓ અને વસ્તુઓ યૂરોપનાં પ્રદર્શનોમાં અમુલ્ય ખજાનો થઈ પડી છે, અને જે માટે નોકરી કરવા આવેલા સાહેબો તથા જુની કારીગરીના વેપારીઓને સારી કમાણી મળી છે, એવી ચીજોની પરીક્ષા કરી તેનું રક્ષણુ કે સમુધ્ધાર કરવા કેટલા ધાર્મિકો અને રસિકો બહાર પડ્યા ? બેદરકાર અને અરસિક પ્રજાના ઘરમાં ને દેવમંદિરમાં જે ઉઘાડી લુંટ અને વેપાર ચાલુ છે તે જોવાને દેશી રાજાઓ કે અધિકારીઓની સંસ્કારિતા કયાં છુપાઈ છે ? જૈન, વૈષ્ણુવ કે શૈવ સંપ્રદાયનાં દેવસ્થાનોમાંથી આ વેપાર માટે જે ચોરીઓ થાય છે, તેની તપાસ થાય તો મુંબઇના આડતિયા અને ગામેગામના જરીપુરાણાવાળાના અક્ષમ્ય ગુન્હાઓ બહાર આવવાનો સંભવ છે. એકલી મૂર્તિઓ જ નહિ પણુ બસો વર્ષ પહેલાંનું ચીંથરૂં પણુ સારી કીમતે લેવા નીકળનારા બેવકુફો નથી જે રસાયણુથી પ્રાચીન હિંદમાં રંગો થતા, જે અદ્દભુત અને અપાર સર્જનશક્તિથી અસંખ્ય ભાતો, છાપો અને ઘાટો ઉત્પન્ન થતા એનો ભેદ શોધવા યૂરોપ તલપાપડ છે. આજે પણ યૂરોપના મોટામોટા કળામિમાંસકો ગાજીને કહે છે કે ' ડીઝાઇનો '–કલ્પનો માટે તો હિંદ જેવી કોઈ ખાણુ નથી. યૂનિવર્સિટીમાં ભણેલા હિંદી જુવાનો આને છેવટ ધુન ગણે, પણુ તેને ખબર નથી કે આજે હિંદની કુલાંગનાઓ વાપરે છે તે વસ્ત્રો કે રાચરચીલાં તેના ચુલા સુધી માનચેસ્ટર કે જર્મની પહોંચાડી શક્યાં હોય તો એ ડીઝાઇનોના અભ્યાસથી. એ ચીંથરાંઓ અને ભાંગરાં ખોખલાં ભંગારનાં વાસણોમાંથી તેમણે પહેલાં હિંદનું હ્રુદય પકડ્યું; હવે લોહી પીએ છે. —ર. (કોમુદી)

નાથી તાતાએ સોડા અને પોલાદના ઉદ્યોગ ઉપરાંત એક બીજી યોજના હાથ ધરી. મિલોના ધુમાડાને લીધે મુંબાઇ ખુબ ગંદુ રહેતું. વળી યાંત્રિક શક્તિનું ખર્ચ વધારે લાગવાથી ઉદ્યોગો ખીલી શકતા નહિ તેમ જ માલ લાવવા લઇ જવાની મુશ્કેલી પડતી. તાતાએ તેનો ઉપાય શોધી કાઢ્યો. મુંબાઈ પાસે પશ્ચિમ ઘાટના પર્વતમાં પુષ્કળ વરસાદ થાય છે. આ પાણીનો કેવી રીતે ઉપયોગ થઇ શકે તે તાતાને સમજાઇ ગયું. ત્રણ મોટી ખીણો આડા બંધ બાંધીને એ પાણીના બળનો ઉપયોગ કરી તેમાંથી ૧,૦૦,૦૦૦ હૅાર્સ પાવર જેટલી શક્તિ ઉત્પન્ન કરવામાં આવી. છેલ્લાં ૧૪ વરસ થયાં મુંબાઇને એ તાના હાઇડ્રો ઇલેકિટ્રક વર્કસમાંથી સસ્તું વિજળિક બળ મળે છે. તેથી ધુમાડો અને ગંદકી પણ ઓછાં થયાં છે.

તાતાએ હિંદને બીજી પણ કીમતી ભેટ આપી છે. હાલની દુનિયામાં વિજ્ઞાનનું સ્થાન તેમના જાણુવામાં હતું. દેશમાં વૈજ્ઞાનિક શોધખોળ અને કેળવણીની મુશ્કેલી

ધ્યાનમાં લઇ તેમણે ૩,૦૦,૦૦૦૦ રૂપિયા ખર્ચી બૅંગલોરમાં ઇંડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સ સ્થાપ્યું. તેમના જીવનનું સૌથી મોટું કાર્ય તો આ છે.

પણ જે વડે એમનું નામ દેશવિદેશની ઔદ્યોગિક દુનિયાની જીભને ટેરવે રમવા માંડ્યું અને જેણે એમના કીર્તિમંદિર ઉપર સુવર્ણકળશ ચઢાવ્યો તે તો એમનું સ્થાપેલું જમશેદપુરનું લોખંડનું કારખાનું—તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ વર્ક્સ.

લોઢા અને પોલાદનો પ્રશ્ન ત્રીસત્રીસ વરસથી તેમના મનમાં ઘોળાયા કરતો હતો. અનેક અનુભવને અંતે એમની ખાતરી થઇ હતી કે હિંદને સંપત્તિવાન બનાવવું હોય અને તેના ઉદ્યોગોને પરદેશથી ઢગલે-ઢગલા આવતા લોખંડના સામાન અને સાંચા પર પરાધીન ન રાખતાં સ્વતંત્ર અને કમાણી કરતુ કરવું હોય તો લોખંડનો ઉદ્યોગ હિંદમાં જ શરૂ કરવો જોઇએ.

અને એ ઉદ્યોગ શરૂ કરવો એ રમતવાત નહોતી. તાતા જેવા શક્તિશાળી અને સંપત્તિવાન માણસને માટે પણ એ કપરામાં કપરૂં સાહસ હતું. તાતા એ બધું સમજતા પણ કશાથી નાસીપાસ થાય એમ ન હતા. એમનો આત્મા મહાન હતો; એમની દૃષ્ટિ દીર્ઘ અને તીણી હતી; એમનું હૃદય દૃઢ અને ગમે તે ભોગ આપવાને તત્પર હતું.


આ ઉદ્યોગ શરૂ કરતી વખતે અગાઉ તેમાં મળેલી નિષ્ફળતાનો પણ તેમને પુરેપુરો ખ્યાલ હતો. એમાં ન પડવાની સલાહ આપનાર પણ એમને ઘણા મળ્યા હતા. આ ઉપરાંત સરકારી અધિકારીઓ અને કાયદા પણ તેમની વિરુદ્ધમાં હતા. ભૂસ્તરવેત્તાઓ કહેતા કે ચાલુ સમયના યંત્રકામને અનુકુળ કાચી ધાતુ હિંદમાં નથી. તેમ છતાં તે નિરાશ ન થયા. પોતે ઈંગ્લંડ ગયા ત્યારે તે વખતના હિંદમંત્રી લૉર્ડ જ્યૉર્જ હૅમિલ્ટન પાસે આ સવાલ મુક્યો. તેમણે ઉત્તેજન આપતાં કહ્યું, ' શા માટે તમે તે શરૂ કરતા નથી ? પોલાદ માટે દુનિયા આખી હિંદને આભારી છે. હિંદમાંથી જ પહેલવહેલું વુટ્ઝ નામનું પોલાદ મળ્યું હતું. સદીઓ થયાં હિંદના લોઢામાંથી પોલાદ બનાવવામાં આવે છે. હિંદમાં પોલાદનો ઉદ્યોગ શરૂ કરવાની તમને ઘણી અનુકુળતા છે. સરકાર તરફથી હું પણ બનતી મદદ કરીશ.'

હિંદી સરકારની અનુમતિ વિના કોઈ પણ હિંદીથી લોખંડનો ઉદ્યોગ શરૂ ન કરી શકાય એવો જે કાયદો હતો તેમાં, આ મુલાકાતને પરિણામે કેટલોક સુધારો થયો. ૩૦ વરસ સુધી કરી રાખેલા વિચારો હવે મૂર્તિમંત થવા લાગ્યા. દરમ્યાન તાતાએ આ નવા સાહસની ઇજનેરી વ્યવસ્થા અને કારભાર સંભાળીને પાર મુકી શકે એવો મિ. પેરિન નામનો એક જુવાન કાર્યદક્ષ અને બાહોશ અમેરિકન એન્જીનિયર શોધી કાઢ્યો. પેરિન અમેરિકાનો ધાતુશોધનશાસ્ત્રમાં નિષ્ણાત અને વિખ્યાત ઇજનેર હતો.

તાતાએ મિ. પેરિનને તરત જ જાતે હિંદ આવવા આમંત્રણ આપ્યું. પણ તે વખતે મળેલી કાચી ધાતુ પુરતી ન હતી તેથી કાચી ધાતુ, કોલસા અને ચુનાની સગવડ કરવાની હતી. મિ. પેરિનનો એવો મત હતો કે શરૂઆતનું આ કામ ઓછા ખર્ચે જુવાન માણસો પાસેથી લેવું; ત્યાર પછી કારખાનાનો પ્લાન કરવા પોતે જવું. તે વખતે તાતાના મનમાં સાધારણ કારખાનાનો ખ્યાલ હતો. પેરિનને લાગ્યું કે એટલું બધું નાનું હોય તો ધાર્યું કામ થઇ શકે નહિ.

આ ઉપરથી મિ. પેરિને પોતાની ઑફિસમાંથી મિ. સી. એમ. વેલ્ડને હિંદ મોકલ્યા. તેમણે કેટલાક મહિના સુધી કાર્યકર્તાઓ સાથે જંગલોમાં લોઢાની શોધ કરી. પણ તેમાં ઉત્તરોત્તર નિરાશા જ મળતી ગઈ. છેવટે ૧૯૦૩માં મિ. વેલ્ડને ધુલી–રાજહરમાં પત્તો લાગ્યો. ત્યાં ત્રીસથી ચાલીસ લાખ ટન બહુ ઉંચી જાતની કાચી ધાતુ હતી. આટલો આધાર મળ્યાં પછી તાતાએ પેરિનને હિંદમા બોલાવવા માટે પોતાના સેક્રેટરી મિ. બી. જે. પાદશાહને અમેરિકા મોકલ્યા.

તાતામાં માણસોને ચુંટી કાઢવાની અદ્‌ભુત શક્તિ હતી. કોઇ રતિવાળા માણસને જોતાં જ તાતા એનું આકર્ષણ કરી લેતા. રેલવેની મુસાફરીમા એક પારસી ગૃહસ્થમાં શક્તિ જણાતા તેમને રાખી લીધા. મિ. પાદશાહ પણ પારસી હતા. તેમણે યુનિવર્સિટીની કેળવણી લીધી હતી અને ઇંગ્લંડ તથા જર્મનીમાં પણ અભ્યાસ કર્યો હતો. તાતા તેમને મળ્યા ત્યારે તે [illegible]માં પ્રોફેસર તરીકે કામ કરતા હતા. તે જગ્યા [illegible] તે તાતાના સેક્રેટરી તરીકે રહ્યા. ઘણાં વરસ સુધી આ જગ્યા ઉપર કામ કર્યા પછી તે પેઢીના



રોજનું દોઢસો ટન—આશરે સાડા આઠ હજાર મણ પિગ આયર્ન (કાચું લોઢું) તૈયાર કરનારી બે બ્લાસ્ટ ફર્નેસની આસપાસ ધીરેધીરે આ કારખાનું એટલું વધવા માંડ્યું કે અત્યારે તેનાં લોખંડ અને પોલાદનાં કારખાનાંઓમાં મળીને ચાળીસ હજાર માણસ કામ કરે છે.

ભાગીદાર થયા.

પેરિનને હિંદમાં લાવવા માટે પાદશાહ ન્યૂયૉર્ક ગયા. તે પોતે પણ ધાતુશોધનશાસ્ત્રના અભ્યાસી હતા. તેમનું જ્ઞાન એટલું ઊંડું હતું કે પેરિન પણ એથી આશ્ચર્ય પામતા. વળી તેમનો ભાષાઓ ઉપરનો કાબુ પણ અદ્ભુત હતો અને તે વિવેક તથા છટાથી બોલી શકતા. તાતાની પેઢીના એ જમણા હાથ હતા.

તાતા પેરિનની પ્રત્યેક મિનિટનો ઉપયોગ કરવા માગતા હતા. તેમના તરફથી મિ. પેરિનને બહુ સારી રકમ મળતી. તે આવ્યા કે તરત તેમને કાચી ધાતુની પરીક્ષા કરવા મોકલવામાં આવ્યા. તે અરસામાં મિ. વેલ્ડ કલકત્તાના એક સંગ્રહસ્થાનના નમુના ઉપરથી કાચી ધાતુની શોધમાં વધારે પ્રયાસ કરતા હતા.

થોડા દિવસમાં પેરિન અને વેલ્ડને મયૂરભંજમાં ગુરુમૈશીનીની જંગી ખાણોનો પત્તો લાગ્યો. તેમાંથી એકથી ત્રણ બીલીઅન ૩,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ ટન ધાતુ સહેલાઇથી મળી શકે તેમ હતી. આ જગ્યા બંગાળ નાગપુર રેલવેની મુખ્ય લાઇનથી ૪૫ માઇલ અને ઝરિયાની કોલસાની ખાણોથી ૧૪૫ માઇલ દૂર છે. પોલાદના ઉદ્યોગમાં કોલસાની ઘણી જરૂર પડે છે. હિંદના આ એક જ ભાગમાં આખા બ્રિટન કરતાં વધારે લોઢાની ધાતુ છે. આ ખાણો-માંથી, રશિયા બાદ કરતાં યુરોપના બીજા કોઇ પણ દેશની બધી ખાણો કરતાં વધારે ધાતુ મળી શકે તેમ છે. અમેરિકામાં તેના કરતાં ત્રીસથી પચાસગણી વધારે મોટી ખાણો છે પણ એ દેશની વપરાશનું પ્રમાણ પણ એટલું વધારે છે. તાતાએ ફાવતી શરતોએ સરકાર પાસેથી આ ખાણો લીધી.

આ ખાણો હાથ લાગ્યા પછી પોરને 'તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ વર્ક્સ'ના વિકાસની યોજનાઓ કરવા માંડી. રેલવે કંપનીએ જરૂર પુરતી બ્રાંચ લાઇન કરી આપવાનું કબુલ કર્યું. હવે મિલને માટે સ્થળ પસંદ કરવાનું રહ્યું. પણ તે માટે વિગતવાર રિપોર્ટ તૈયાર થાય તે પહેલાં જમશેદજી તાતા જર્મનીમાં ૧૯૦૪માં ગુજરી ગયા.

૬૫ વરસની ઉમર સુધી આ બુઝર્ગ પુરુષે પોતાનાં સ્વપ્નો સિદ્ધ કરવા સખ્ત પરિશ્રમ ઉઠાવ્યો. સરકારી માનચાંદની તેમણે વારંવાર ના પાડી હતી. કેમકે એથી પોતાના ઇરાદા વિષે લોકોમાં ખોટી શંકા ફેલાવાની વકી હતી. આખી ઉમર તે એક સામાન્ય માણસ માફક જ રહ્યા.

તેમના મૃત્યુથી યોજના પાર પાડવામાં બહુ અડચણ આવી પણ તેમના પુત્ર સર દોરાબજી તાતા અને મિ. પાદશાહ એથી નિરુત્સાહ ન થયા. પેરિન અને વેલ્ડે કામ આગળ ચલાવ્યું.

કારખાના માટે કોઇ એવા સ્થળની જરૂર હતી કે જ્યાં કાચી ધાતુ, કોલસા અને ચુનો ઓછા ખર્ચે ભેગા કરી શકાય. ઉપરાંત આવાં જંગી કારખાનાં ઉભાં કરવાને નક્કર જમીન જોઇએ. કલકત્તા ગંગા નદીના કાંપની જમીન ઉપર વસેલું છે. ત્યાં એક હજાર ફુટ ઊંડે નક્કર જમીન મળતી નથી. આથી ત્યાં કારખાનું કરવાનો વિચાર માંડી વાળવો પડ્યો. અંતે છોટાનાગપુરના જંગલમાં જગ્યા પસંદ કરવામાં આવી. ત્યાં બહુ વસ્તી ન હતી, પણ સુવર્ણરેખા અને કરકઇ નામની બે નદીઓના સંગમને લીધે પાણીની પુષ્કળ સગવડ હતી. ત્યાં ગાડા રસ્તો હતો તે કાઢી નાખી પાકી સડક કરાવી. નદીમાંથી સાફ કરેલ અને વીસ લાખ ગૅલન પાણી મળે તેવી સગવડ કરી. આટલી નાની શરૂઆતમાંથી આગળ ઉપર જેમજેમ સાધનો વધતાં જાય તેમતેમ વિસ્તાર કરી મોટું કારખાનું ઉભું કરવાનું હતું.

૧૯૦૭ સુધીમાં એ બ્લાસ્ટ ફર્નેસ તૈયાર થઇ ગઇ. પહેલે વર્ષે બનાવેલા લોઢાના નફામાંથી ભઠ્ઠીઓનું તમામ ખર્ચ મળી ગયું, પણ બ્લાસ્ટ ફર્નેસમાંથી જેટલો નફો મળ્યો તેટલી પોલાદની મિલમાં ખોટ ગઇ. પોલાદના ઉદ્યોગ માટે આપણા દેશની ગરમ હવા પ્રતિકુળ છે. ગરમ મુલકમાં પોલાદ ફેબ્રિકેટ કેવી રીતે બનાવવું એ પ્રશ્ન ઉભો થયો. તે ઉપરાંત બીજી પણ ઘણી મુશ્કેલીઓ નડી. કાર્યદક્ષતા અને ધીરજથી એમાંની ઘણીખરી દૂર કરતા ગયા અને કારખાનું પગભર થતું ગયું. અત્યારે પણ થોડીઘણી મુશ્કેલીઓ તો રહી જ છે; પણ કારખાનું ધમધોકાર ચાલે છે.

હાવરાથી પૂર્વે ૧૫૫ માઇલ દૂર બંગાળ નાગપુર રેલવેની લાઇન પર, કાલીમાટી સ્ટેશન પાસે એ મોટું સાકચી નગર—હાલનું જમશેદપુર ઉર્ફે તાતાનગર આવેલું છે. રળિયામણા દેખાવ અને સ્વચ્છતામાં તો કદાચ હિન્દના ઘણાં મે શહેરો કરતાં તે ચડિયાતું છે. ક્યાંય પણ ગંદકી, કચરા કે દુર્ગન્ધનું નામ પણ ન મળે; માત્ર કોઇકોઈ સ્થળે જંગલી મોટાં ઝાડ, આ સ્થળે પૂર્વે જંગલ હતું તેની યાદ આપે છે.

આ સ્થળ આખું તાતાનું પોતાનું જ છે; જુદાજુદા વિભાગની વ્યવસ્થા જુદાજુદા અમલદારોને સોંપાએલી છે. બજાર, રસ્તા, પોલિસ, દવાખાનું, નિશાળ,—બધું જ તાતાનું. અહીં મ્યૂનિસિપાલિટી નથી, પરંતુ કંપનીની ટાઉન ઑફિસ અને સ્વાસ્થ્ય વિભાગ છે. તેમની મારફત લોકોનું કામકાજ એવી સારી રીતે ચાલે છે કે તેવું મોટીમોટી મ્યૂનિસિપાલિટીથી પણ થતું નથી.

પરમ ઉદ્યોગી તાતાની પેઠે તેનું કારખાનું પણ રાતદિવસ સતત ચાલ્યા જ કરે છે. ચોતરફ, ધરતી હલમલાવી નાખે તેવા બળથી, ભીષણ ગર્જનાઓ વડે ચારે દિશાઓ ગજાવી મૂકી આ કારખાનું ચાલે છે. કારખાનાનો વિચિત્ર સીસોટીનો અવાજ અને રેલવે એન્જિનોનો ઘડીઘડીમાં થતો તીણો ચિત્કાર ચોતરફને મુખરિત કરી મુકે છે.

આ કારખાનામાં નીચે પ્રમાણે જુદાંજુદાં ખાતાંઓ છે અને તે બધાંમાં મળીને આશરે વીસ હજાર માણસ કામ કરે છે.

કોક ઓવન્સ એટલે કોલસાનું કારખાનું: તાતાની કોલસાની ઘણી ખાણો છે તેમાંથી અને બીજેથી આણેલા કોલસાને બાળીને અહીં 'કોક' કરવામાં આવે છે. કોક ઓવન્સ રાતને વખતે ઘણી જ સુંદર દેખાય છે. જોતાં લાગે છે કે જાણે સાનેમાનો ખેલ!

ભઠ્ઠીની અંદરના કાળા કોલસા બળીને જ્યારે કોક થાય છે, ત્યારે સામેનું લોખંડી બારણું યંત્ર દ્વારા ઉઘડે છે. અને એન્જિનના ધક્કાથી કોકને બહાર હડસેલવામાં આવે છે. એ વખતે અગ્નિમય પહાડ ચૈતન્ય પામીને જાણે બહાર આવતો હોય નહિ તેવો દેખાવ થઇ રહે છે. બીજી જ ક્ષણે પહાડ જેવો એ અગ્નિ ફરસ-બંધી પર ભાંગીને પડે છે, અને હોઝ પાઈપ વડે તેના પર પાણીનો મારો ચલાવીને તેને ઠારી નાખે છે.

એક મોટું વિજળિક પાવર હાઉસ આ આખા કારખાનાને અને આખા ગામના દીવાબત્તી, પંખા વગેરેને વિજળિક શક્તિ પુરી પાડે છે. આ હિંદનું બીજા નંબરનું મોટું વિજળિક ખાતું ગણી શકાય. મુંબાઇ પાસેનું તાતાનું હાઇડ્રો ઇલેક્ટ્રિક પાવર હાઉસ તો આના કરતાં ઘણું મોટું અને પૃથ્વીમાં એક ગંજાવર કારખાનું છે. તે તો આખી દુનિયાનાં પાવર હાઉસમાં બીજે નંબરે આવે છે અને ત્યાં ૧ લાખ વોલ્ટેજનું કામ થાય છે. અહીંનું વોલ્ટેજ માત્ર ૩૦૦૦ છે. આ વિજળિક પાવર હાઉસ ઉપર જ તાતાના મોટા કાર-ખાનાનો આધાર રહેલો છે. બ્લાસ્ટ ફર્નેસમાં સાદું લોખંડ અને ફેરો મગેનીઝ તૈયાર થાય છે. લોખંડ જ્યારે ફર્નેસમાંથી ગરમ અને પ્રવાહી સ્થિતિમાં નીકળે છે ત્યારે અગ્નિના રૂપાંતર સિવાય બીજું કાંઈ દેખાતું નથી. આ સ્થિતિમાં તેનો કેટલોક ભાગ ટુકડા-ટુકડા રૂપે એકઠો થાય છે. તે પિગ આયર્નને નામે ઓળખાય છે. છેવટે પોલાદ તૈયાર કરવા માટે સ્ટીલ વર્કમાં તેને મોકલવામાં આવે છે. આ બ્લાસ્ટ ફર્નેસ-માં દિવસ અને રાત લોખંડ તૈયાર થયા કરે છે અને કારખાનાના બીજા વિભાગો કોઇ પણ નિમિત્તે બંધ રહ્યા કરે, પરંતુ ફર્નેસ તો ચાલુ જ હોય છે. તેમાંથી નીકળતા ભીષણ ધ્વનિથી આખું કારખાનું ગાજી રહે છે અને નબળા હૃદયનો આદમી તો ત્યાં પાસે ઉભા રહેતાં પણ બ્હીએ છે. બ્લાસ્ટ ફર્નેસમાંથી લોખંડનો નદી રૂપી પ્રવાહ ચાલતો જોવાથી હેરત જ થઇ જવાય છે.

બ્લાસ્ટ ફર્નેસમાંથી પ્રવાહી લોખંડ લાવી સ્ટીલ ફર્નેસમાં રેડવામાં આવે છે. આવી રીતનું પ્રવાહી લોખંડ રેલવે એન્જિનથી ખેંચાતી મોટી લોખંડી બાલદીઓમાં લાવવામાં આવે છે, કારખાનાના બંને મજલા તથા ભોંયતળિયે રેલવે લાઇન નાખેલી છે અને ભારે ચીજોની રેલવે એન્જિનો મારફત લાવ લઈજા કરવામાં આવે છે. તે સિવાય ઓવરહેડ ઇલેક્ટ્રિક ક્રેન પણ ઘણું સરસ કામ આપે છે. માત્ર એક જ માણસને હાથે ચાલતી આ ક્રેન પુષ્કળ વજનની ચીજો ક્ષણવારમાં એકથી બીજે ઠેકાણે લઇ જાય છે અને બળતા અગ્નિ જેવા લોખંડને વિના ધાસ્તીએ એક બચ્ચાંની માફક અહીંથી ત્યાં ફેરવે છે.

સ્ટીલ ફર્નેસમાં પ્રવાહી લોખંડની સાથે લાઇમ સ્ટોન, (ચુનાના પત્થર) લોખંડ કે પોલાદના ટુકડા વગેરેની મેળવણી કરીને પોલાદ તૈયાર કરવામાં આવે છે. આવી રીતે તૈયાર થએલું અગ્નિ સરખું પ્રવાહી પોલાદ ઇંગોટ મોલ્ડ યાને બીબાંમાં રેડી દેવામાં આવે છે. તે સહેજ કડક થાય એટલે કાઢી લેવામાં આવે છે. આવી રીતે તૈયાર થએલો ઇંગોટ વજનમાં લગભગ સવા ત્રણ ટન હોય છે. આ પ્રમાણે તૈયાર થએલા ટુકડાઓને જુદાજુદા આકાર આપવા માટે ફરીથી ગરમ કરી રોલરમાં દાબીને તેના ભારોટા, થાંભલા, રેલવેના પાટા વગેરે તૈયાર કરવામાં આવે છે. માત્ર પચીસ જ વર્ષ પહેલાં જ્યાં બંગાળાનું વેરાન જંગલ પથરાએલું હતું ત્યાં આજે ચાળીસ હજારની વસતીવાળું અને લોખંડનાં આવાં કારખાનાંથી ગાજતું તાતાનગર—જમશેદપુર આવેલું છે. આ એક જ કાર-ખાના ઉપર એ આખું શહેર નભે છે. તેના જેવાં મોટાં કારખાનાં અત્યારે આખી દુનિયામાં આંગળીને વેઢે ગણી શકાય તેટલાં જ છે. હિંદમાં અને એશિયા-માં તો એનો જોટો જ નથી.

આમ જુદાંજુદાં અનેક ક્ષેત્રોમાં હિંદનો ઔદ્યો-ગિક વિકાસ થાય તો હિંદ દુનિયામાં એક મહાન સત્તા થઇ પડે. સર દોરાબજીના કહેવા પ્રમાણે હિંદમાં ૯ અબજ રૂપિયાનું સોનું હોવાનો અડસટ્ટો છે. જો હિંદમાં બનેલો માલ પરદેશ જઇ શકે તો અમેરિકા, ગ્રેટબ્રિટન અને યુરોપના ઉદ્યોગો ઉપર અસર થાય તેમ છે. હાલ લોઢાના ઉદ્યોગનું ભવિષ્ય જોતાં એશીઆ અને તેમાં યે મુખ્યત્વે હિંદ ઉપર નજર જાય છે. એ ઉદ્યોગની પુરેપુરી ખીલવણી થાય તો હિંદ પાશ્ચાત્ય દેશો કરતાં બહુ આગળ આવી જાય.

શિવાજી મહારાજના દેશમાં [૨]

આંબાઘાટ અને વિશાળગઢ

મહારાજ ઉગીને સમા થયા ને અમારી મોટર ચાલી નીકળી. રત્નાગિરિથી કોલ્હાપુર સુધી ૮૦ માઇલ આખી વાટ સહ્યાદ્રિ રોકી બેઠો છે. સહ્યાદ્રિનો રળિયામણો આંબાઘાટ ૩૦ માઇલ પછી આવવાનો હતો. ત્યાં સુધી જ અમે મોટરમાં જવાના હતા.

આંબાઘાટનાં સ્વપ્નાં ઘડતા અમે દોડયા જતા હતા. રંગીલી સડક ગેરૂઆનાં છાંટણાંએ સ્વાગત કરતી હતી. કાંઠાની કુદરત ફુલે વધાવતી ને આસપાસની સુંદરતા આંખને ઠારતી. શિવાજી મહારાજના માનીતા મિત્રની આવી બાદશાહી મહેમાનગીરી ચાખીને અમને શેરશેર લોહી ચડયું;—જાણે અમારૂં જીવ્યું સાર્થક થઇ ગયું.


ત્રીસ માઇલનો પંથ કપાઇ ગયો. આંબાઘાટની તળેટીમાં આવી પહોંચ્યા. બેત્રણ દુકાનો ને દસબાર ખોરડાંનું ગામ હતું. કોલ્હાપુરથી આવનાર મિત્રો અહીં મળવાના હતા. તપાસ કરી પણ એ તો ન મળ્યા. આપા સાહેબે ગામના તલાટી ઉપર ચિઠ્ઠી લખી દીધી હતી. દુર્ભાગ્યે એ તલાટી અમારી સાથે જ મોટરમાં હતા. ઉતર્યા પછી ખબર પડી. અમે ચિઠ્ઠી આપી તે વાંચી ન વાંચી ને એમણે ખીસામાં મુકી. કાંઇક મરાઠીમાં બેચાર શબ્દ બોલ્યા અને સીધા ઘેર ઉપડી ગયા. ગોપાળભાઈ એની વાત સમજી ગયા'તા. એમની સલાહથી અમે વાટ જોવા લાગ્યા. વૈશાખનો તડકો થયો'તો, પેટમાં ગલુડિયાં બોલતાં'તાં, તો ય અમારી સહનશીલતા ઠીક ગણાય. ઘડી બે ઘડી વાટ જોઇ. 'હમણાં માણસ તેડવા આવશે. કાં તો તૈયાર રસોઇ ઉપર બેસવાનું હશે; નહિતર વાર ન થાય.' આમ અમે કલ્પનાઓ કરતા હતા, ત્યાં થોડી વારે દુકાનદાર કહે, 'ભાઇ, તમે એને વિશ્વાસે ન રહેશો; મખ્ખીચુસ છે.' તો ય અમે ન ડગ્યા. મોટરવાળા પણ માનસશાસ્ત્રી હોય છે. ધરિ રહીને કહે છે, 'ચાલો ભાઇ, દસદસ આના. આંબાઘાટ ચડાવી દઉં.' અમે એકબીજા સામે જોયું. મોટરવાળાનો વિજય થયો. પોટકાં મુકી સૌ ચડી બેઠા.

પહાડ ચડવાની સડકો ગોળાકાર હોય છે એ તો હવે જગજાહેર છે. અમારી મોટર ફેરફુદડી ફરવા માંડી. પુરી બે મિનિટ નહિ ગઇ હોય ત્યાં તો સામે અફાટ કુદરત પથરાઇ પડી. સીનેમાની ફિલ્મની જેમ દૃશ્ય બદલાયે જતાં હતાં;—એકએકથી ચડિયાતાં! ઉંડાઉંડી ખાણમાં લીલુડા ગાલીચા પાથર્યા હતા. પણ મોટર અમને પુરૂં જોવા ય ન દે તો પછી બેસવા તો શેની જ દે? અરધા કલાકમાં અમને ઉપર ચડાવી દીધા. ધર્મશાળા સામે આવીને મોટર ઉભી રહી. ધર્મશાળામાંથી ત્રણ જુવાન નીકળ્યા. એમના હસતા ચહેરા તરત જ પરખાઇ ગયા. અમે રામરામ કર્યા. સામાન લઈ ધર્મશાળામાં ગયા. ત્રણેયની ઉમર લગભગ સરખી હતી;—વીસથી ત્રેવીસની અંદર. એમનાં નામ બાબુ અપ્પા, પાટિલ અને કાસાર. કાસારને સૌ બાપુ જ કહેતા.

બાબુ અપ્પા ભલા, સંયમી અને સાદા હતા; કાસાર મળતાવડા ને પાટિલ ગમ્મતી હતા. બાબુ અપ્પાનું શરીર મજબુત, કાસાર સુકા ને પાટિલ શૌકતઅલી સાહેબની યાદ આપે એવા હતા. સાથે નાસ્તો હતો તે ખાઇને અમે બેત્રણ કલાક જામી ગયા.

'ગોપાળભાઇ...અમારે આંબાઘાટ જોવો છે.' આળસ મરડતા મરડતા મનુ, વિનુ, કનુ ને બચુ બેઠા થયા. આંબાઘાટ જોવાની બધા યની ઇચ્છા હતી, પણ પાર કેમ પડે? અમે કાઉન્સિલ ભરી. બે વાતનો વિચાર કરવાનો હતો: ચાલીને જવું કે સાઇકલ ઉપર. ચાલીને જઇએ તો રાત પડી જાય ને પુરૂં જોવાય નહિ; સાઇકલ ઉપર જઇએ તો ક્યાંક એકાદ ઓછો થાય! પંદર મિનિટ વાટાઘાટ થઇ. છેવટે સાહસપ્રિય જુવાનોને છાજે એવો અમે નિર્ણય કર્યો;—સાઇકલ

(અનુસંધાન પાન ૧૯૪મે)



હિંદનો વનસ્પતિવૈભવ

(પાન ૧૯૨થી ચાલુ)

ઉપર જવાનો ! સાઇકલ ત્રણ હતી ને મૂર્તિઓ નવ! પાટિલે સાઇકલની ને પોતાના શરીરની દયા ખાઇને સામાન સાચવવા રહેવાનું કબુલ્યું. હવે વધારે વિચાર કરવાનો નહોતો. એ સાઇકલ ઉપર ત્રણત્રણ ને એક ઉપર બાપુ ને હું એ.

બસ, ' બજરંગ બલિકી જય ! ' બોલાવીને ચાલી નીકળ્યા. ધીરેધીરે ઉતરવા માંડ્યા. વર્ણવતાં કલમ બોઠી પડે એવું સૌંદર્ય; ઉપમા લાજી મરે એવી રૂપ ! પરસેવા ઉતારીને પહાડ ઉપર કરેલાં નાના ખેતર, ફળના ભારે તુટી પડતા આંબા ને ફળઝાડ. ગરીબાઇ ને શ્રીમંતાઇ: જાણે બે સગી બહેનો ! જોઇજોઇને હૈયું હરખાય ને રડે.

વાતવાતમાં પાંચ માઇલ ઉતરી આવ્યા. સાંજ પડવા આવી હતી. વળી નીકળ્યા. સાઇકલોને આંગળીએ વળગાડી લીધી. આથમતો સૂર્ય જુદાજુદા રંગો પુર્યે જતો હતો. અમને કાંઇક સંતોષ થયો. ધર્મશાળાએ આવ્યા ત્યારે દીવે વાટો ચડી ગઇ હતી. ભુખ તો લાગે જ. થાક પણ ભેગો હોય જ. મુસાફરીમાં ભુખ, થાક ને ઉંઘ એ તો સામાન્ય કહેવાય.

ધર્મશાળા સામે જ એક દુકાન છે. નાનીમોટી બધી ચીજ મળે. દુકાનદાર ભાંગ્યુતુટ્યું ગુજરાતી બોલી જાણે. અમે ત્યાંથી સીધુંસામાન લઇ આવ્યા. રસોઇ કરી શરૂ. કોલ્હાપુરથી ઘઉંના રોટલા કરી લાવ્યા હતા. અમારી પાસે સુખડી ને પુરીઓ હતી. દાળ અને ભાત બનાવી લીધાં. હવેથી પંદર દિવસ સુધી શેરશેર ભાત ખાવા પડશે એ બીકે અમે ટેવ પાડવા માંડ્યા. દોથેદોથો ભાત વગર બોલ્યે લીધા. ખુબ આનંદથી જમ્યા. શુદ્ધ દક્ષિણી (ગુજરાતમાં આવ્યા એ બધા વટલી ગયા) સાથેનું આ પહેલું ભોજન હતું. પછી ભાવાની ગમત કરતા સુઇ ગયા.

સવારમાં પાંચ વાગ્યે ઉઠ્યા. કાર્યક્રમ રાતથી જ નક્કી હતો. અહીંથી વિશાળગઢ જવાનું હતું. રસ્તો ડુંગરાઉ હતો, પણ એ સામે અમારો ખાસ વાંધો નહોતો. દાતણપાણી કરીને છ વાગ્યે તૈયાર થઇ ગયા. વધારાનો સામાન ને સાઇકલો દુકાનદારને સોંપ્યા. ભોમિયાની વાટ જોતી રહી. પાટિલ એક ભોમિયો નક્કી કરી આવ્યા હતા. પાંચ આના રોજ ને ખાવુંપીવું. જાતે ધનગર (ભરવાડ) હતો. ત્યાં એનો નેસ હતો, દોરઢાંખર હતા, બાયડીછોકરાં હતાં. એની સ્થિતિ સારી ગણાતી. મોડામોડા એ આવ્યો. પાટિલ જરાક રાતાપીળા થયા ને માથે પોટકું મુકયું. અમે દાળ, ભાત, લોટ, સુખડી ને ગાંઠિયા નાસ્તા માટે સાથે લઇ લીધા; કારણકે ગઢ ઉપર કાંઇ મળતું નથી. ગઢ તેર માઇલ દૂર હતો. નીકળતાંનીકળતાં સાત વાગી ગયા. અમે બધો દોષ પાટિલ ઉપર નાખ્યો; પાટિલે નાવુ (ભોમિયા) પર ઓઢાડી દીધો. નાવુ સ્થિતપ્રજ્ઞ જેવો હતો. એક લંગોટી ને માથે લીરો વીંટેલો; એ એનો પોષાક. ચાલીસેક વરસ થયાં હશે. ડુંગરામાં રખડીરખડીને પગની નસો બહાર આવી ગઇ હતી. અમારા મુરબ્બી થઇ શકે એટલી ઉમરના નાવુને માથે અધમણનું પોટકું ચડાવ્યું ને અમે લાકડીઓ હિલોળતા ચાલ્યા, ત્યારે અમારી નફટાઇની હદ આવી રહી !

ગાઉએક ચાલ્યા હશું ત્યાં ઝાડી આવી. ચાર કદમ આગળ ગએલ આદમી ન દેખાય એવી ઘીચ ઝાડી ! સૂરજનાં કિરણ પણ રોકાઇ રહ્યાં'તાં. એમાં વાઘચિત્તાનો વાસ હતો. આઠદસ દિવસ પહેલાં જ પડખેના રાજાના કુંવરે આ જંગલમાં વાઘ મારેલો. વાઘ જોવાની તો અમને ય હોંશ હતી. એની બીકે તો અમે ઠેઠ ભાવનગરથી લાકડીઓ લેતા આવ્યા'તા ! પણ અમને એ ન મળ્યો તે ન જ મળ્યો.

આઠ વાગ્યા ને સૌને નાવુની દયા આવવા માંડી. અરરર ! બચારાને માથે કેટલો બધો ભાર ! થોડોક ઓછો થાય તો ઠીક. આ દયા હૃદયમાંથી નહોતી નીકળી; પેટમાંથી નીકળી'તી. પાણીનું ઝરણું આવ્યું. ત્યાં વાઘ મારવા માંચડો કરેલ એટલે જગ્યા સારૂ હતી. અમે ત્યાં જ જમાવ્યું. નાવુનો સાત શેર ભાર ઓછો કરીને ચાલી નીકળ્યા.

થોડુંક ચાલ્યા હઇશું ત્યાં તો એકાએક પાટિલ દોડ્યા. માથા ઉપર ફેરવીને લાકડીનો છુટો ઘા કર્યો, અને ' જાંબળ, જાંબળ ' કરીને માંડ્યા કુદવા. અમને થયું કે વાઘબાઘ હશે. જઇને જોઇએ તો જાંબુડાંના ઢગલો ! બધા ય અડી પડ્યા. ઝીણાંઝીણાં પણ ભારે મીઠાં. ખીસાં ભર્યાં ને મુઠા ભર્યા. પણ એ ક્યાં સુકો કાઠિયાવાડ હતો ! ડગલે ને પગલે જાંબુડા

આવવા માંડયા. પછી તો ચાખણી કરીને આગળ ચાલીએ. તડકો થવાની બીક હતી. આ ઝાડી તો થોડી વારમાં વહી જવાની. પછી તો સુકા ડુંગરા આવવાના હતા. અમે જાંબુડા ખાવાની ઝંધી કરી. પગ ઉપાડયા ને વાટ કાપવા વાત મંડાણી. દક્ષિણી મિત્રોને કાઠિયાવાડી બાની કેમ સમજાય? પણ બાજીના બલિદાનની વાત હતી. વસ્તુ ને નામ પરિચિત એટલે એમને ખુબ મજા આવતી. એમાં ય જ્યારે અફઝુલના દીકરા ફાઝલનું 'દાઢી હાથ આડી ગજ' અને 'બે હાથની સમશેર'વાળું વર્ણન આવ્યું ત્યારે પાટિલે ઉપાડી લીધુ. બસ, પંદર દિવસના સહવાસમાં 'આડા હાથ દાડા ને દો હાથ સમશેર' એ જ બોલ્યા કરે! નાનાં છોકરાંને પણ ગોખાવે. અરે, ઓળખાણ કરાવતી વખતે પણ 'હે આડા હાથ દાડા દો હાથ સમશેર!'

વાતવાતમાં ગઢ દેખાણો. ચાર હજાર ફીટ ઉંચો! પત્થરની ભીંત જેવી સીધી કરાડો, દુશ્મનની છાતી ભાંગી નાખે એવો વિકરાળ; જાણીતો યે ભુલો પડી જાય એવા માર્ગ. પણ નાવુ બહાદરિયો હતો. સડેડાટ ચાલ્યો જતો હતો. ત્યાં તો ઘોડેખીણ (એક જ ઘોડો ચાલી શકે એવી સાંકડી ખીણ) આવી. બે ય પડખે બસોબસો ફુટ ઉંચી ટેકરીઓ. આટઆટલાં અસંખ્ય ચોમાસાં એની ઉપર વરસી ગયાં તો યે એમાં બે ઘોડાં સાથે ન ચાલી શકે. ત્રણસોક કદમ લાંબી હશે. વિશાળગઢ જવાનો સહેલામાં સહેલો આ એક જ માર્ગ. બીજો છે, પણ જવા જાય તો જીવતો પાછો ન નીકળે. બાજી પ્રભુએ એકલે હાથે અહીં રંગ રાખ્યો'તો. આખી સેના થંભાવી દીધી'તી. છેવટની ઘડીએ બાજી અહીં બે તલવારે લડતો હશે; હાથ તલવાર વીંઝતા હશે ને આંખકાન પાછળ આકાશે અડી રહેલા ગઢના દરવાજે હશે; મનમાં થતું હશે કે મહારાજ હજી અરધે ય નથી પહોંચ્યા, ને બમણું જોર આવતું હશે! મહારાજે દરવાજામાં પગ મુકયા ભેગી નજર ફેરવી લીધી હશે ને આંખો મીચાને તુટી પડયો હશે; ત્યાં તો ધણુણુણુ ધણણુણુ તોપના ગડેડાટ અને બાજીનો પ્રાણત્યાગ! બધું ય નજર આગળ તરી આવ્યું. વિશાળગઢ ને બાજી; સિંહગઢ ને તાનાજી: એવાએવા વીર સાથી જેને પડખે હોય એને વિજય ન મળે તો મૂળે કોને!

ભારે પગલે અમે આગળ ચાલ્યા.

ચાર પગે ચાલીને ગઢ ચડી ગયા. તુટેલો દરવાજો અને ભાંગેલો ગઢ જોતાજોતા અંદર ગયા. જુના રાજમહેલને ધર્મશાળા બનાવી દીધી છે ત્યાં જ અમે ઉતર્યા. કુંડકુવા તો અનેક છે. દસ હજાર માણસને બારબાર વરસ ન ખુટે એટલું પાણી ને એટલી જમીનની સગવડ ગઢ ઉપર રાખી છે. અમે નાહીને થાક ઉતાર્યો; કપડાંનો મેલ પણ ઉતાર્યો. ગેરૂઓ રંગ નીકળી ગયો.

વિશાળગઢનો ઘેરાવો સાતઆઠ માઇલનો છે. ઉપર એક જબ્બર તોપ જમીનમાં અરધી દટાએલી પડી છે. એવડી તોપ કેવી રીતે ઉપર ચડાવી હશે એ સમજવું સહેલું નહોતું. કોઇ કહે હાથીએ ચડાવીને લાવ્યા હશે, કોઇ કહે ગાડામાં, તો કોઇ કહે ખંભે ચડાવીને. એકે ય વાત ગળે ઉતરે એવા ત્યાંના રસ્તા નથી. બીજી નાનીમોટી બારતેર તોપો હતી. જમીન નીચે દબાઇ ગઇ હોય તે જુદી.

કોઠા ઉપરથી ઠેઠ સાગર સુધી નજર પહોંચે છે. ચોમેર પહાડ પડયા છે. દેખાવ તો સુંદર જ હોય ને! એક કરાડને કડેલોટ કહે છે. એની ઉપરથી મોતની સજાવાળાને લોટાવી દેતા. અધવચ જ પ્રાણ ઉડી જાય! એને ટકનક ટેકરી પણ કહે છે. ટકનક એટલે આંખે અંધારાં આવી જાય, ટકનક થઇ જાય. અમે ઊંડાઇ માપવા પત્થર રેડવ્યા. અધવચ બેઠેલું ગીધ ચકલી જેવડું દેખાતું હતું. સૌને નીચે નજર કરી લીધી પણ તે યે બીતાંબીતાં. ગઢ ઉપર અત્યારે કાંઇ નામનિશાન રહ્યું નથી.

આખો ગઢ ભાંગી પડયો છે. દરવાજો સળંગ પત્થરનો ઉભો છે. શિવાજી મહારાજના બધા ગઢમાં વિશાળગઢ સૌથી ઉંચો ને મજબુત, ઉંડો ને વિશાળ ગણાય છે. એટલે જ પન્હાળગઢથી એ ત્યાં આવતા રહ્યા હતા. ઠેઠ સુધી વિશાળગઢ અજીત જ રહ્યો છે. એ ગઢની અંદર રહેલું સૈન્ય કદિ હાર્યું નથી.

અમે રસોઇ પકાવીને જમ્યા: દક્ષિણી રોટી, ગુજરાતી રોટલી, હિન્દી ભાખરા, એમ જાતજાતની વસ્તુઓ બનાવી; દાળભાત તો હોય જ. નોવુને પણ ઠીક ધરાવ્યો. રાત ઉપર ગાળી સાંઇબાવા સાથે ઐતિહાસિક વાતો કરી. મોડી રાતે સુઇ ગયા. ભારે મીઠી નિંદર આવી ગઇ.

સવારમાં ઉઠયા ત્યારે પાટિલ ને નાવુ તકરાર કરતા હતા. નાવુ કહે, 'હે વાટ ફાર'...'નાવુ બોલુ નકા...' પાટિલે નાવુને દબડાવ્યો. મને કહે 'રામભાઉ' ચલા, હે રસ્તો ચાંગલી છે.' ગુજરાતી ઉપર પાટિલ પ્રભુત્વ મેળવતા જતા હતા! નવો રસ્તો લેવામા નાવુને ભય ટેકરા ચડવાઉતરવાનો ને તડકાનો હતો. અમારે મન એ રમત હતી. નવે રસ્તે જવાનું નક્કી થયું. અમે નીચે ઉતરવા મંડયા. ઉતરતા જઇએ ને ઉંચે જોતા જઇએ: ખીણુ જેટલી ઉંડી એથી દોઢી ઉંચાઇ લાગે. ચાર હજાર નહિ પણુ છ હજાર ફુટ હશે એમ થઇ જાય. નીચે તો ઝપાટાબંધ ઉતરી ગયા.

પાણી આવ્યું. નાસ્તો તૈયાર હતો. 'લાવોને. ખાવા પછી ખાવું નહિ' કહી બધો નાસ્તો ઉડાવી ગયા. પછી પેટમાં પડ્યું પાણી. નવ વાગ્યાનો અમલ થયો. વૈશાખનો તડકો તપવા માંડયો. નવા રસ્તે ઝાડ ઓછાં અને એકએકથી ચડિયાતા ડુંગરા. નાવુ-નો વાંક નહોતો. એને પ ઠીક થાક લાગ્યો'તો. એટલામાં એક ખોબા જેવડું ગામ આવ્યું. કાસાર બાપુ ગામમાં ગયા. એક હરણિયાની જાતનું બચ્ચું હતું એને સારૂ અરધીપોણી કલાક માથાં ઝીંક્યાં. છેવટે ન લીધું. ઘામ ધખ્યો. પાણી પીધા કરીએ ને ચાલ્યા જઇએ. ઝાડ આવે ને લુગડું પાથરીને સુઇ જઇએ. નાવુ કહે 'આ એક જ ટેકરો આડો છે.' પણુ એ માંડમાંડ ચડીએ ત્યાં બીજો એથી ઉંચો આવ્યો જ છે! એક તો બેથી અઢી હજાર ફુટ ઉંચો આવ્યો અને કેડી એટલી સાંકડી કે બે જણુની મદદથી જ ચડાય. પાછળનાને હાથ ઝાલીને ચડાવવો પડે. બહુ વિકટ! આમાં મોગલના બાપનું દૈન નહિ! માણુસ માંડ ચડે ત્યાં ઘોડા, હાથી, તોપ ને તંબુ લાવે ક્યાંથી?

બપોરના બે વાગ્યે આંબાઘાટ પહોંચ્યા. અમે જમતા તો રાતે; સવારમાં ફક્ત નાસ્તો લેતા. જઇને પડયા ભેગા જ ઉંઘી ગયા.

રામનારાયણ નાગરદાસ પાઠક

'અરે, છાપાવાળા!' શેઠે બુમ પાડી, 'તું કહે છે કે સાઠ જણુ ભોંગ થઇ પડયા પણુ આમાં તો એવું કશું છપાયું નથી.'

'એટલે જ હું કહું છુને, સાહેબ! આપ એક્સટ્રામા થયા.' છાપાવાળાએ તરત જ જવાબ આપ્યો.

અભિલાષ

તારો હું મા! જ્યારે બેટો,
બનીશ મર્દો મોટો;
ઘરધંધો કરતાં તુજને તવ,
થાક ન ચઢશે ખોટો.

મારા ચાકર નોકર એ સહુ,
ઘરનો ધંધો કરશે;
તું તારે હીંચોળે ઝુલી,
'આ કર, તે કર' કરજે.

દેવ-સેવની ફુલ-છાબમાં,
સુકાં પર્ણો જોઇ;
તે વેળા નહિ માડી! તારે,
રહેવું પડશે રોઇ.

ઘરવાડીનાં ગુલાબ મોટાં,
પારિજાત ચંપેલી;
જાતજાતનાં રંગરંગનાં,
ચઢાવજે મન મેલી.

દેવદ્વારથી પાછાં ફરતાં,
માગણુ હાથ પસારે;
અચકાતાં ખચકાતાં ત્યારે,
પાંઇ ન દેવી તારે.

માગણુ સહુ વીંટાવા દેજે,
ભરી થેલી લુટવાને;
ફરીફરી ચડી વ્હાણે તુજ બેટો,
કરશે ધનઢગ મોટો.

તે વેળા નહિ લોક ગામના,
ગણુશે ગરીબ ઘરની;
ભર્યાં ગામની મોટેરી શી,
પંકાશે મુજ જનની.

ભાગોળે બંધાવીશ મોટી,
ધર્મશાળા તુજ નામે;
દેશદેશના પંથી વ્હેશે,
તવ યશ ગામોગામે.

પ્રીતમલાલ ચુનીલાલ મજમુદાર



ધ્યાનમૂર્તિ બુદ્ધ

(પ્રાચીન ભારતીય શિલ્પ : જાવા)


હવા વિનાના ઓરડામાં સ્થિર બનેલી દીપકજ્યોત જેવી, ચિત્ત અને શરીરની સ્થિરતા, એકાગ્રતા અને શાંતિના આદર્શ સમી, બુદ્ધની આ ધ્યાનમૂર્તિ શિલ્પકલાનો ઉત્કૃષ્ટ નમુનો છે. ધ્યાનસ્થ બુદ્ધની ઘણીખરી મૂર્તિઓ આ જ પ્રકારની જોવામાં આવે છે, કેમકે ચિત્તને સંયમમાં લાવી સ્થિરતા પ્રાપ્ત કરવા માટે ધ્યાનનું જે આસન ગીતામાં વર્ણવેલું છે તે જ હિંદમાં સર્વ કાળે સર્વમાન્ય થયું છે : 'વદન સ્થિર, શિર અને ગરદન સીધાં, દૃષ્ટિ નાકના ટેરવા ઉપર અને આડીતાડી ભમતી નહિ પણ સ્થિર; ચિત્ત ચંચળ નહિ પણ શાન્ત, નિર્ભય, પવિત્ર અને સંયમવશ તથા ઈશ્વરમાં લીન.' જેની સામે જોતાં આપણે પણ શાંતિ અને એકાગ્રતા અનુભવવા માંડીએ એટલી પરમ શાંતિ, એકાગ્રતા અને સ્થિરતા પત્થરમાં ઉતારનાર શિલ્પીની શક્તિ કેટલી અદ્ભુત હશે ! અહીં જ ભારતીય શિલ્પકલાનો વિજય છે.



શ્રી બાલમુકુંદ

ચિત્રકાર: બહેન શ્રીમતી હઠીસીંગ

નંદને ઘેર અવતરેલા બાલકૃષ્ણ યશોદામાતાના ખોળામાં અનેક પ્રકારની મધુર ચેષ્ટાથી નાનાંમોટાં સૌનાં ચિત્ત હરી રહ્યા છે એ પ્રસંગ હિંદી ચિત્રકારોને અનેક રીતે ગૃહનું સ્નેહમય વાતાવરણ ચીતરવાની તક આપે છે. આ ચિત્ર ગુજરાતનાં સુભાગી કુમારી શ્રીમતી બહેને ચીતરેલું છે. માત્ર રેખાઓથી આ મધુર પ્રસંગ કેવા લાલિત્યથી આલેખ્યો છે તે જોનાર સમજી શકશે. લગભગ છ વર્ષ પહેલાં ગુજરાત વિદ્યાપીઠમાંથી પ્રથમ વર્ષનો અભ્યાસ છોડી બહેન શ્રીમતી બીજા વિદ્યાભ્યાસ માટે શાંતિનિકેતન ગએલાં; પણ ત્યાંના કલા વિભાગના વાતાવરણમાં આકર્ષાવાથી બીજાં પાંચ વર્ષ રહી શ્રી નંદલાલ બસુ તથા શ્રી અસીત હલધર પાસેથી આર્ય કલાની ભાવના અને આદર્શ ગ્રહણ કરી ચિત્રકલા સાધ્ય કરી. ગુજરાત તેમનાથી ગૌરવ લઇ શકે છે; અને અમે ઇચ્છીએ છીએ કે પ્રભુ તેમને દીર્ઘ આયુષ્ય અને કલાના વિશેષ પ્રસાદ આપે.



મક્કા શરીફ

હિંદુઓનું જેમ કાશી તેમ મુસલમાનોનું મક્કા એ પરમ પવિત્ર સ્થળ છે એ તો સૌ કોઇ જાણે છે. ઇસલામ ધર્મના સંસ્થાપક હઝરત મહમ્મદ પયગમ્બર સાહેબના જન્મ અને જીવનસાફલ્યની આ ભૂમિની યાત્રા—હજ્જ પોતાની જીંદગીમાં એક વાર કરીને જીવનનું સાર્થક કરી લેવાની તીવ્ર અભિલાષા જગતના એકેએક મુસલમાનના અંતરમાં સદાકાળ પ્રકાશતી જ હોય છે.

મુસલમાન વર્ષના છેલ્લા મહીનામાં દુનિયાભરના મુસલમાનોનાં ટોળેટોળાં મક્કે હજ્જ કરવા જાય છે. એમાં હિંદ, જાવા, સુમાત્રા, ફિલિપ્પાઇન ટાપુઓ, આફ્રિકા, તુર્કસ્તાન, અફઘાનિસ્તાન—એકેએક ઇસલામી દેશના વતનીઓ હોય છે; અને ગમે તેટલે દૂર આવેલા પોતાના દેશથી પણ તેઓ માર્ગની અનેક વિટંબણાઓને ગણકાર્યા વિના, અનેક મુસીબતો પૂજ્યભાવે સહન કરતા આ ધર્મયાત્રા માટે આવે છે. વાટ બધી તેઓ કુરાન વાંચે છે ને દિવસમાં પાંચ વખત મક્કાની દિશામાં નિમાઝ પઢી ખુદાની બંદગી કરે છે.

અરબસ્તાનને કિનારે ઉતર્યા પછી મક્કા તરફ પ્રયાણ કરતો, દેશવિદેશની આ પચરંગી પ્રજાઓનો યાત્રા-સંઘ ભવ્ય બની રહે છે. કોઇ ખચ્ચર ઉપર, કોઇ ઉંટ ઉપર, તો કોઇ પગપાળા પ્રવાસ કરે છે. ચહેરાઓમાં પડતા ફેરફાર સિવાય બીજી કોઇ પણ રીતે તમે આ યાત્રાળુઓને કળી ન શકો કે તે અફઘાન હશે કે જાવાનિવાસી, તુર્ક હશે કે હિંદી. કેમકે સૌ માથાં બોડાવી સાફ કરે છે, નખ કતરાવે છે ને એક જ સરખો સફેદ પોશાક પહેરે છે. કપડામાં સુતરાઉ કે રેશમી કાપડના માત્ર બે જ કકડા વાપરી શકાય છે: એક ખભા ને વાંસા ઉપર વીંટાળવા માટે; બીજો કેડની નીચેના ભાગ પર લુંગી તરીકે પહેરવા માટે. સ્ત્રીઓ માથાથી તે પગ સુધી એક લાંબો બુરખો ઓઢે છે, જેમાં માત્ર આંખોને સ્થળે બે જાળીવાળાં કાણાં હોય છે.

મક્કા સાંકડી ખાણોમાં આવેલું હોઇ, તેની છેક

નજીક પહોંચીએ ત્યારે એકાએક દેખા દે છે. ત્યાંનાં છ છ માળનાં કેટલાંક મકાનો તો આસપાસની ટેકરીઓથી પણ ઉંચાં જણાય છે. અરબસ્તાન રેતાળ મુલક છે, એટલે ક્યાંય લીલોતરી કે ઝાડપાન જણાતાં નથી; ત્યાંની કુદરત વેરાન અને શુષ્ક ભવ્યતા ધારણ કરતી લાગે છે.

મક્કા નજીક પહોચતાં, શહેરનાં નાનાંમોટાં અનેક મકાનોની વચ્ચેથી, શહેરની મધ્યમાં આવેલી સાત મિનારાવાળી હેરમની મોટી મસ્જિદ ડોકિયું કરતી દેખાય છે, ત્યારે એ દેખાવથી હેરત બની ધર્મભાવ-ભીના મુસ્લીમ યાત્રાળુઓનો સંઘ પલવાર તેની સામે પૂજ્યભાવે જોઇ રહે છે, અને ચોમેર અપૂર્વ શાંતિ છવાઇ રહે છે. થોડી જ વારમાં સૌ સ્વસ્થ થઇને 'લબ્બાયક,' અલ્લાહુમ, લબ્બાયક' (હું અહીં છું, ઓ ખુદા, હું અહીં છું) ના અવાજો વડે એ શાંતિને ભેદી નાખે છે.

મુસલમાન વર્ષના દિવસો ૩૫૪ હોય છે; એટલે તેમનાં ૩૩ વરસ આપણાં લગભગ ૩૨ વરસ જેટલાં થાય. આથી દરેક નવું વર્ષ આગલા વર્ષથી થોડા દિવસ વહેલું શરૂ થાય છે. ગયે વર્ષે હજ્જનો સમય જુન માસમાં હતો.

મક્કાની મસ્જિદ તેના કોઇ સુંદર કોતરકામ કે ભવ્યતા માટે નહિ, પણ સાદાઈ માટે વખણાય છે. છસો ફીટ લાંબી ને પાંચસો ફીટ પહોળી, લંબચોરસ જગ્યા ફરતી ઇંટોની ઉંચી દીવાલ બાંધેલી છે અને તેને ફરતાં ચોમેર મકાનો આવેલાં છે. આ મકાનો શ્રીમંત હાજીઓને મોટાં ભાડાંથી આપવામાં આવે છે. તેઓ આ મકાનની બારીઓમાં ઉભા રહી નીચે મળેલાં ટોળાંની પ્રાર્થનામાં ભાગ લઈ શકે છે.

મસ્જિદને ફરતા તદ્દન સાદા ને કમાનોવાળા ઓગણીસ દરવાજા છે. તેને મુદ્દલ બારણાં જ નથી. ખુદાની બંદગી ગમે તે માણસ ગમે ત્યારે કરી શકે એ ભાવનાથી મસ્જિદ ચોવીસે કલાક ખુલ્લી રહે છે.

મસ્જિદની વચ્ચોવચ્ચ કાબા—ખુદાનું ઘર—આવેલું છે. મુસલમાન ધર્મનું તે સૌથી પવિત્ર સ્થળ મનાય છે. દુનિયાના દરેક ભાગના મુસલમાનો નિમાઝ પઢતી વખતે આ સ્થળની દિશામાં ફરે છે અને [illegible] આવે છે ત્યારે તેને ફરતી સાત પ્રદક્ષિણા કરે છે. તેના અગ્નિકોણમાં મુસલમાનોએ ખજાના પેઠે સાચવી રાખેલો એક કાળો પત્થર છે. કાળા કિન-ખાબના પડદાથી ઢાંકેલો તે ચિત્રમાં બતાવ્યો છે. સૂર્યાસ્ત પછી અસંખ્ય દીવાઓની દીપમાળથી કાબા ઝળકી રહે છે. તેને ફરતી અમુક નક્કી કરેલી જગ્યાઓ પર ઉભા રહી દરવેશો હાજીઓને નિમાઝ પઢાવે છે. મસ્જિદના ઇશાન ખુણામાં એક દરવાજો હમેશાં બંધ દેખાય છે. તે પશ્ચાત્તાપનો દરવાજો કહેવાય છે.

લોકકથા એવી છે કે કાબા બે હજાર વર્ષ પહેલાં ખુદાએ પોતે જન્નતમાં બાંધ્યું હતું. હીરા-જડિત ઘુમટ અને મણિમાણેકના થાંભલાવાળા એ મકાનની આસપાસ ખુદાના ગુણ ગાતાગાતા ફિરિ-સ્તાઓ ફર્યા જ કરતા હતા. પણ આદમને સ્વર્ગની ચીજો પૃથ્વીમાં ઉતારવાનું મન થયું ને તેણે સ્વર્ગના કાબાની બરાબર નીચે પૃથ્વી ઉપર બીજું કાબા બાંધ્યું. લેબનન, સીનાઈ, ઑલિવટ, અરેરાટ અને હીરા નામની પાંચ પવિત્ર ટેકરીઓના પત્થરમાંથી બાંધેલું આ કાબા બરાબર સ્વર્ગના કાબાને મળતું બની રહ્યું.

આ પવિત્ર મકાનના રૂપાના ઉંબરા આગળ હાજીઓ જમીન પર લળી પડી નિમાઝ પઢે છે. આ વખતનો દેખાવ એટલો પવિત્ર, ભવ્ય અને ધાર્મિક ભાવનાથી તરબોળ હોય છે કે ભલભલા કઠોર અને નાસ્તિક માણસોનાં અંતર પણ મૃદુ બની સરજનહારનું સ્મરણ કરતાં પ્રણિપાત કરે છે. લંડનમાં વર્ષો સુધી રહેલો એક નાસ્તિક ઇરાની મક્કાની હજ્જ કરવા આવ્યો. મુસલમાનોને હૃદયપૂર્વક પ્રાર્થના કરતા, ડુસકાં ખાતા અને દુઃખમાં છાતી ઉપર મુક્કીઓ મારતા તે વર્ણવે છે. તે લખે છે કે, 'એકાએક મારૂં નાસ્તિકપણું ઉડી ગયું, ખુદાનાં પાક કદમોમાં મસ્તક નમી પડ્યું ને બીજા હાજીઓ સાથે હું યે ખુદાની બંદગી કરવા લાગ્યો. એક જ ક્ષણમાં હું આત્માની અમરતામાં માનતો થઇ ગયો.'

મસ્જિદના અગ્નિકોણમાં ગોઠવેલા લગભગ પાંચ ફીટ ઉંચા કાબાના પત્થરને મુસલમાનો બહુ જ પવિત્ર માને છે. કિનખાબથી ઢાંક્યા વગરના તેના ખુલ્લા ભાગ ઉપર હાજીઓના વારંવાર અડકવાથી તે સુંવાળો બની ગયો છે. મુસલમાનો માને છે કે [illegible] દિને ખુદા એ પત્થરને આંખ ને [illegible]

જેટલાંજેટલાં માણસો એને અડકયાં હશે તે બધાંને એ ઓળખી કાઢશે.


ત્યાં ખારાં ને કડવાં પાણીનો ઝમઝમ નામનો એક કુવો છે. દરેક હાજી તે પાણી પીએ છે અને માને છે કે એ પાણીમાં આંધળાંને દેખતા કરવાની, જીંદગી વધારવાની, રોગો મટાડવાની ને બીજી ઘણીઘણી ચમત્કારિક શક્તિઓ છે. રૂપાના કે સોનાના નાના કુંજાઓ ભરીને હાજીઓ તે પાણી ઘેર લઇ જાય છે.

પછી હાજીઓ આસપાસની ધાર્મિક જગ્યાઓએ જાય છે ને હજ્જ પુરી કરે છે. મક્કાથી ત્રણ માઇલ દૂર આરાફાત અને મીના નામની બે ટેકરીઓ વચ્ચે સૌ પડાવ નાખે છે અને ત્યાંથી ૪૯ કાંકરા વીણે છે. મોટો રાક્ષસ, વચલો રાક્ષસ અને પહેલો રાક્ષસ,– એવી ત્રણ મૂર્તિઓ મીના ઉપર બેસાડેલી છે. દરેક યાત્રાળુ આ ૪૯ કાંકરા તે મૂર્તિઓને મારે છે.

હજ્જનો દસમો દિવસ પશુવધ માટે નક્કી કરેલો છે. મીના પાસેની એક ઉંચી જગ્યા પર ઘેટાં, બકરાં ને ઉંટનો વધ થાય છે. કેટલીક વાર તો આ વધ્ય પશુઓની સંખ્યા પાંચ લાખ જેટલી થઇ જાય છે.

હાજી ઘેર પાછો ફરે છે ત્યારે બધા મુસલમાનો તેનો ખુબ આદરસત્કાર કરે છે. એ પાક શહેરની ખાક પણ પોતાને મળે એમ ધારી મુસલમાનો તેના ઝબ્બાને અડે છે ને પગ ચુમે છે. અને જો તે ઝમઝમનું પાણી લાવ્યો હોય તો તો તેના માનની હદ જ રહેતી નથી. હજ્જ કરી આવ્યાની નિશાની તરીકે ઇજિપ્ત અને બીજા કેટલાક દેશોમાં હાજી લીલી પાઘડી પહેરે છે.

રાત્રે કે વહેલી સવારે ધીમેધીમે આગળ વધતી એક વખતની વણઝારોનો દેખાવ બહુ સુંદર લાગતો. પાંચ હજાર હાજીઓ માટે ખોરાક ને પાણીથી લદાએલાં ત્રીસ હજાર ઉંટોની લાંબી હાર ચાલતી. રાત્રે પાર વગરની મશાલો ભડભડ બળતી ને દરવેશો જોરથી બાંગ પુકારતા. તે દિવસે હજ્જ ખરેખર ભવ્ય હતી. ઘણા યે હાજીઓ એ રણમાંથી કદિ પાછા ફરતા નહિ. ઈ. સ. ૧૯૦૮ માં દમાસ્કસથી મદીના સુધીની રેલવે લાઇન થઈ ને એ અદ્દભુત દેખાવ સદાને માટે નાશ પામ્યો. હજી મક્કા સુધી રેલવે બંધાઈ નથી. રાતા સમુદ્રમાંથી જીદ્દામાં થઇને



કાબા શરીફ

હાલ મક્કા જવાય છે.

હજી યે મક્કાની એ પાક ભૂમિમાં પગ મુકતાં મુસલમાન ધર્મમાં નહિ માનનારાઓનાં કાળજાં થથરે છે. કેમકે ત્યાં બીન મુસલમાનોને જવાની મનાઇ છે. જરાક સરતચુક થઈ ને પકડાઇ ગયા તો મોત સિવાય બીજો કોઇ રસ્તો જ નથી. છતાં આજ સુધીમાં વીસ-પચીસ સાહસિક અંગ્રેજો અરબ્બી ભાષા શીખી હાજીનો પોષાક પહેરી પોતાના જાનને જોખમે મક્કાની હજ્જ કરી આવ્યા છે. (એશિયા ઉપરથી)

બાપ—મનુ, તારા શિક્ષક કહેતા હતા કે તું વર્ગના બાવીસ છોકરામાં સૌથી છેલ્લો નંબર રાખે છે. બહુ ખરાબ!

મનુ—પણ બાપા, હું એથી યે ખરાબ થઇ શકું.

બાપ—(ચીડાઇને) ખરાબ થવામાં હવે બાકી શું રહ્યું છે ?

મનુ—વર્ગમાં થોડા વધારે છોકરા આવવા દ્યો, એટલે ખબર!


ક્ર

ગુનેહગાર—સાહેબ, મારા વકીલ માંદા પડયા છે એટલે કેસ મુલતવી રાખો તો સારૂં.

ન્યાયાધીશ—પણ તું ચોરી કરતાં ઘરમાંથી જ પકડાયો છે, એટલે વકીલ તારો બચાવ કઇ રીતે કરશે ?

ગુનેહગાર—હું પણ એ જ જાણુવા માગું છું, સાહેબ!


પેલો ભયંકર ગણાતો સ્ટવ



યોગ્ય રીતે વાપરતાં આવડે તો આપણો સેવક છે

આજકાલ સ્ટવ બહુ ઉપયોગી ચીજ થઇ પડી છે. ચોમાસામાં ધમણી લઇને છાતી તુટી જાય એમ ધમવા છતાં યે જ્યારે અગ્નિદેવ પ્રગટ થવાની ના પાડે ત્યારે એની ખરી કદર થાય છે. એની ઉપયોગિતા જાણવા છતાં કેટલાક લોકો એને ભયંકર ગણી વાપરતાં બ્હીએ છે. સ્ટવ સંબંધે થોડુંક જાણ્યા પછી તે એટલો ભયંકર નહિ લાગે.

નીચેની આકૃતિમાં સ્ટવની રચના બનાવી છે.



'ગ' વાટે સ્ટવમાં કેરોસીન ભરવામાં આવે છે. આ કેરોસીન 'અ' ટાંકીમાં એકઠું થાય છે અને પંપ 'ડ' મારવાથી છેક તળિયા સુધી પહોંચેલી નળી 'ક' વાટે ઉંચે ચઢી 'પ'માં થઇ 'મ' લવીંગમાંથી બહુ જ ઝીણી ધારે બહાર નીકળે છે. જો સ્પિરિટથી સ્ટવ ચેતાવીએ તો 'બ' પ્યાલીમાં સ્પિરિટ સળગાવવાથી 'પ' ભાગ ગરમ થવા માંડે છે. જ્યારે એ ૧૩૦ ડીગ્રી ગરમ થાય છે ત્યારે તેની વચ્ચેની નળીમાં થઇ વહેતું કેરોસીન વરાળરૂપે 'મ'માંથી નીકળે છે અને અવાજ કરી સળગવા લાગે છે. જેઓ કેરોસીનથી સ્ટવ ચેતાવે છે તેઓ શરૂઆતમાં 'બ' પ્યાલીમાં થોડું કેરોસીન કાઢી 'પ' ભાગને ગરમ કરે છે. આ રીતે સળગાવવાથી સ્ટવની 'મ' નળીમાં મેશ ભરાઈ જઇ સ્ટવ બગડે છે. સ્ટવ સળગ્યા પછી ધુમાડી ન થવાનું કારણ એ છે કે કેરોસીન વરાળરૂપે જોરથી 'મ' વાટે બહાર નીકળી હવામાં રહેલા પ્રાણવાયુ (ઑક્સિજન) સાથે મળી જઇ સળગે છે. આથી ધુમાડારૂપે બહાર પડતાં કાજળનાં રજકણો તદ્દન બળી જાય છે.

હવે અકસ્માત કેમ થાય છે તે જોઇએ. કેટલીક વખત 'પ' ભાગ બરાબર ગરમ થયા પહેલાં પંપ મારવાથી કેરોસીન બહાર આવી ભડકો થાય છે અને માથું નજીક જ રાખી બેઠેલા માણસોનાં લુગડાં વગેરે સળગાવી દે છે, અથવા નજીકમાં મુકેલી ઝટ સળગી ઉઠે તેવી ચીજોને ચેતાવી દે છે. કેટલીક વખત 'મ'માં કાંઇ કચરો ભરાએલો હોવાથી કેરોસીન બહાર નીકળી શકતું નથી અને તે વખતે ખુબ પંપ મારવાથી સ્ટવ ફાટી જાય છે. સ્ટવ ખુબ ગરમ થવા દેવાથી પણ ફાટવાનો સંભવ રહે છે.

હવે અકસ્માત અટકાવવાની રીતો આપણે જોઇએ.

પહેલું તો સૌથી અગત્યનું એ છે કે સ્ટવની આજુબાજુ લુગડુંલત્તું, સ્પિરિટ કે કેરોસીનના સીસા ન રાખવા.

ભડકો ન થાય એટલા માટે 'પ' ભાગને બરાબર ગરમ થવા દેવો.

પિન મારતી વખતે મોઢું બહુ નજીક ન રાખવું, કારણ પિન કાઢી લીધા પછી એકદમ કેરોસીન બહાર આવી મોટો ભડકો થાય છે.

'મ' નળીને પિન મારી સાફ રાખવી એ પણ જરૂરનું છે. સ્ટવને ખુબ પંપ પણ ન મારવો.

બનર પ્લેટ 'પ' બરાબર તપ્યા પહેલાં પંપ મારવાથી ઘાસતેલ વરાળ થયા વગર કાચું જ બહાર નીકળે છે ને તેથી ભડકો થાય છે. તે વખતે હવા કાઢવા માટેની ચાવી 'ચ' ખોલી નાખવી. જો ન ખોલી નાખીએ તો ઘાસતેલ નીકળ્યા કરે ને ભડકો વધુ ને વધુ મોટો થાય. આટલી સાધારણ બાબતો ધ્યાનમાં રાખીએ તો સ્ટવના અકસ્માતો ભાગ્યે જ થવા પામે.

સાકાભાઇ મથુરભાઈ પટેલ

હિંદુ–મુસલમાન

સૈકાઓ થયાં હિંદુ–મુસલમાનના ઝગડા આપણા દેશમાં ચાલ્યા જ કરે છે અને અનેક પ્રયત્નો છતાં તેઓ એક નથી થઇ શકતા તેનું મુખ્ય કારણ એટલું જ કે જીવન વિષે તેઓની વચ્ચે ઉત્તર દક્ષિણનો ભેદ છે.

હિંદુ એકાંત ઉપાસક, શાંત, અને પરલોકના ખ્યાલમાં રહે છે. તેનું મહાન સાધ્ય આત્મસાક્ષાત્કાર કે મોક્ષ છે. તે માટે તે ગુફામાં કે ઘરના ખુણામાં બેસી ભક્તિ અને તપ કરી રહ્યા હોય છે. જન્મ લેવો એ જ તેને તો દુઃખરૂપ છે અને સગાંવહાલાં તેના મોક્ષમાં અંતરાય કરનારાં લાગે છે. પ્રભુની બક્ષિશો ભોગવવી નહિ પણ તેનો ત્યાગ કરવો, લાગણીઓ કે ઊર્મિઓને આનંદરૂપ વિકાસ ન આપવો પણ દબાવવી–કચરી નાખવી, એમાં જ તે પરમ સુખની પ્રાપ્તિ માને છે.

એથી ઉલટું, મુસલમાન એમ માને છે કે જો તે ઇસ્લામનો સિપાઈ ન બની શકે તો તેની જીંદગી ધુળ છે. તેણે સમુદાય જોડે બંદગી કરવી જોઇએ, 'જીહાદ' (સક્રિય ધર્મપ્રચાર) પ્રમાણે ધાર્મિકપણું સાબીત કરવું જોઇએ અને બીજા માણસોમાંથી તે વિષે ખોટી માન્યતા દૂર કરવી જોઇએ. પોતાના તમામ સાથીદારોને સહાય અને સુખ આપવામાં એ ધર્મ માને છે, જાતથી અને ધર્મભાવથી સૌને સ્વર્ગ અપાવવા યત્ન કરે છે. વળી ઇસ્લામ જોસભેર જાહેર કરે છે કે આ દુનિયામાં આવવું હક્ક છે. ખુદાએ આ દુનિયા તેના ઉપાસકોના આનંદ ઉપભોગ માટે જ વારસામાં આપી છે.

હિંદુનો મત સૅાક્રેટીસ જેવો છે. થોડામાં થોડી વસ્તુથી નિભાવી શકે તે દેવ જેવો ગણાય. ઇસ્લામમાં ય ફકીરો છે અને પરહેજ ગૃહસ્થને પણ લાગુ પડે છે. પણ વર્તનમાં આ દુનિયાની ભોગવવા જેવી ચીજો કે સુખો મેળવવા ઇસ્લામનો મોટો ભાગ ચાહે છે અને તેમાં ખોટું ગણાતું નથી.

દુનિયાદારી તરફ ખેંચાણ અને કોમી મજબુતીને લીધે તેમણે કળાહુન્નરો ખુબ ખીલવ્યાં છે તથા મોજશોખનાં અનેક જાતનાં સાધનો ઉપજાવ્યાં છે. મુસ્લીમ મુફલીસો કે ભેગારીઓને બાદ કરતાં મુસ્લીમ ગૃહસ્થો બહુ શોખથી ખર્ચાળ થઇને રહે છે. એ જ વર્ગના હિંદુઓ જોઇએ તો પૈસે મુંજી દેખાય છે અને ગાનતાન કે હુન્નર તરફ બેદરકાર રહે છે. પણ બીજી તરફ ગરીબ અને સામાન્ય વર્ગના હિંદુ એ જ વર્ગના મુસલમાન કરતાં વધારે સ્વચ્છ અને ચતુર હોય છે.

મુસલમાનોની પડતી શાથી થઈ?

મોગલોમાં રાજ્યકર્તા વર્ગ તુર્ક હતો. તેઓ માત્ર લડી જાણતા. તેમની મર્દાનગીથી જ તેઓ લશ્કર બની જતા. લડાઇ એ જ તેમનો ધંધો. કાયમ લડાઈ પર રહેનારથી ગૃહસ્થજીવન ખીલવી ન શકાય. આથી તેમના ઘરસંસારમાં લડાઈના કિલ્લા જેવો જ વહીવટ ચલાતો.

બુદ્ધિની ખીલવટમાં પાછા પડવામાં તેમની ધાર્મિક સ્થિતિ કારણભુત છે. તેમનામાંના ઘણાએ હિંદુસ્તાનને વતન માન્યું હતું. ઘણા તો હિંદુ જાતિમાંથી બનેલા હતા અને લગભગ બધા દેખાવમાં, વિચારમાં અને રીતરિવાજમાં હિંદુ જેવા થઈ ગયા હતા; છતાં તેમના મોલવી અને ધર્મોપદેશકોએ અરબસ્તાન અને પયગમ્બર સાહેબના જમાના તરફ જ નજર માંડી રાખવાનું શીખવ્યું હતું. ધર્મપુસ્તકની ભાષા અરેબિક રાખી કે જે ભાષા સોમાંથી એક જ જણ જાણતો હોય. વિદ્યાવિનોદ માટે તેમણે પર્શિયન ભાષા રાખી તે પણ ઘણા થોડા જણ શીખ્યા. શીખ્યા તે પણ બહુ અશુદ્ધ બોલતા, જે સાંભળી ઇરાનમાં જન્મેલા માણસ હસે અને કટાક્ષ કરે. અમીર ખુશરૂ જે અહીં મોટો પર્શિયન–હિંદી કવિ ગણાતો તે ઇરાનમાં સામાન્ય વર્ગનો ગણાતો. ફૈઝી

તેથી પણ ઉતરતો ગણાતો.

૧૮મા સૈકા સુધી હિંદુસ્તાનનો મુસ્લીમ હિંદુસ્તાનની ભાષાનો ઉપયોગ કરવામાં હલકાઈ સમજતો. આથી આખી કોમનો ઘણો મોટો ભાગ કોઇ જાતના પોતાના સાહિત્ય વિના રહ્યો. તેમની કેળવણી અધકચરી રહી અને ગૃહજીવનમાં કોઇ જાતનો સંસ્કારી આનંદ તેઓ લઇ શકયા નહિ. ધર્મ વિષે પણ વધતું જતું સાહિત્ય તેઓને મળ્યું નહિ. થોડી ભાંગીતુટી હિંદી સુફી કવિતાઓ તેઓમાં પ્રચાર પામી હતી પણ તેથી અજ્ઞાન રહેલી મોટી કોમનો ઉદ્ધાર કાંઇ થાય નહિ.

ધાર્મિક મુસ્લીમ હિંદુસ્તાનમાં વસતો પણ હિંદુસ્તાનને પોતાનો માનતો નહિ—માની શકતો નહિ; કારણકે તેમ કરે તો તેનો આત્મા નર્કમાં જાય એવું તેને પઢાવવામાં આવતું. જે દેશમાં પોતે વસતો તેની ભાષા, સાહિત્ય કે પુરાણ વાંચતો કે શીખતો નહિ. માત્ર ઇરાન અને અરબસ્તાનનું હોય તે જ તેને ખપે. અનેક જમાના પહેલાં રણમાં ભટકતી અરબ જાતિની નીતિરીતિ આ જમાનામાં ન ચાલે કે આ જમાનાના માણસને લાગુ ન જ થઈ શકે એમ ખુદ શહેનશાહ અકબર પણ માનતો; પરંતુ હિંદી મુસલમાન તો પોતે જે ભૂમિ પર જીવી રહ્યો છે તેનું એક પણ તત્ત્વ જીવનમાં સ્વીકારતાં અચકાય છે. આ જ કારણથી તેનો માનસિક વિકાસ રોકાય છે.

હિંદુઓની પડતી કેમ થઈ ?

મધ્ય યુગમાં હિંદુસ્તાનના હિંદુઓની સ્થિતિ બહુ શોકજનક હતી. મહાન પ્રજા થવાની કે એક મહાન જાતિ બની રહેવાની તેમનામાં તાકાત નહોતી. હજારો નાનીમોટી નાતો, વેદાભ્યાસના ઝગડાઓ, જળાશયોની તકરારો, સ્પર્શાસ્પર્શના ભેદો અને દક્ષિણહિંદમાં તો સમીપ જવાના ભેદોઃ એ બધાં કારણોથી મુસલમાન જેવી સંપીલી કોમ બનવાનું હિંદુ માટે અશક્ય હતું. મુસલમાનોના જુલમ અને હુમલા વખતે પણ જાતો અને નાતો અંદરઅંદર નવાં બંડ કર્યે જતી હતી અને હિંદુ સમાજ નબળો પડતો હતો. પેશ્વાઇ સામ્રાજ્ય થયા પછી એ ભેદો અને વાડા વધુ કડક થયાં અને તેમાં રાજ્યબળે ટેકો આપ્યો. મહારાષ્ટ્રના બુદ્ધિમાન ગણાતી બ્રાહ્મણોમાં પણ બે મોટા ભેદો પડી ગયા. દેશભક્તિની ધગશ ધરાવતો હિંદુઓને બચાવી લે એવો દીર્ધદષ્ટિવાળો કોઈ ધર્માચાર્ય જાગ્યો નહિ. જે નાતોના જેટલા જ વાડા ધર્મોના પણ ઉભા થયા અને હિંદુશાસ્ત્રોએ મોક્ષ કે મુક્તિ માટેના મુળ સિદ્ધાંતો પર સ્થાપેલી આ ગાદીઓ સાવ ઉલટી દિશાનો બોધ કરી રહી. આવી જડ સમાજસ્થિતિથી પરિણામે નિર્બળતા અને નાશ ન થાય તો શું થાય ?

ઇસ્લામના પાકા બંધથી એ લોકો બધા મુલકોમાં અમુક હદ સુધી આગળ જઇ શકયા, પણ જ્યાં ચાલુ જમાના સાથે જીવનસ્થિતિ ઘડવાનું આવ્યું ત્યાં અટકી બેઠા. યૂરોપ આગળ દોડયું જ જાય છે અને પૂર્વ ત્યાંનું ત્યાં બેઠું છે. દર વર્ષે યૂરોપ અને એશિયા વચ્ચે જ્ઞાન, બંદોબસ્ત, ગોઠવણીવાળાં સાધનો અને કેળવાએલી શક્તિઓનું મોટું અંતર પડતું જ જાય છે અને યૂરોપની સાથે થવાનું એશિયા માટે વધુ ને વધુ મુશ્કેલ બનતું જાય છે. અંગ્રેજોએ મોગલ સામ્રાજ્ય હાથ કર્યું એ જ વખતે આફ્રિકા અને એશિયામાં બીજા ઘણા મુલકો બીજી યૂરોપી પ્રજાએ સર કર્યા. આનો અર્થ એ જ કે સ્થિરતા પકડી બેઠેલી જાતિઓને હરાવી તેને બદલે આગળ વધતી જાતિઓ જામી બેઠી.

વલ્લભ વગેરે ધર્મ સંપ્રદાયોમાં દેખાતી અધોગતિ કરનારી મનુષ્યપૂજા અને બીજા ગુરુભક્તિના સંપ્રદાયો, તથા દેવદાસી કે મુરલીઓ મારફત પોષાતી વિષયવૃત્તિઓની વાત જવા દઇએ અને લાખો સામાન્ય માણસો, જેઓ મૂર્તિની ઉપાસના કરે છે તેમની તરફ નજર કરીએ તો ગોરો અને પૂજારીઓ તેમની કેટકેટલી અધોગતિ કરતા જોઇએ છીએ ! અને તે પણ એવા દેવને નામે, જે ખાય છે, સુએ છે અને માંદા પણ પડે છે. જગન્નાથજી (પુરીના) વર્ષમાં એક અઠવાડિયું માંદા રહે છે. દેવોનો આ વૈભવ અને વિલાસ નવાબોના જનાનખાનાંને પણ વટાવી જાય એટલો હોય છે. કેટલાક માણસોએ ધર્મ સંપ્રદાયોથી છુટા પડી, બધું ત્યાગી, શુદ્ધ સત્યની ઉપાસના શરૂ કરી, પણ એકબે પેઢી પછી ત્યાં પણ ગુરુપૂજાની અવધિ થઈ ગઇ.

પરિણામે, મોગલ રાજ્યની પડતી પછી હિંદુ અને મુસલમાન બંને પ્રજા સાવ જડ થઈ ગઇ, માત્ર પૂર્વજોની વાહવાહ કરતી જ બેસી રહી અને બીજા

જમાનો ખરાબ આવતો જાય છે એમ ફફડયા કર્યું. એ નવા જમાનાને અનુકુળ નવા પ્રયોગ કે સ્વતંત્ર વિચાર કરવા એ તો જાણે ઋષિમુનિઓની બુદ્ધિમાં શંકા કરી ગણાય, ધર્મનાં પવિત્ર ફરમાનો ઉપર પ્રશ્ન કરવો એ મહાપાપ ગણાય, એવી મનોદશા થઇ ગઇ.

ઇતિહાસનો બોધ

આમ એક સામ્રાજ્યનો પચાસ વર્ષનો બારીક ઇતિહાસ જાણ્યા પછી આપણને શું કરવું તે ખુલ્લે-ખુલ્લું સમજાય તેમ છે. હિંદુસ્તાનમાં એક પ્રજા બનીને વસવું હોય, અંદરઅંદર સુલેહ જાળવવાની અને સરહદ સાચવવાની તાકાત મેળવવી હોય, દેશની સંપત્તિ વધારવી હોય, કળા અને વિજ્ઞાનની ઉન્નતિ થએલી જોવી હોય તો હિંદુ અને મુસલમાન બંને કોમોએ એક વાર મૃત્યુ પામી પુનઃ જન્મ લેવો પડશે. આ બંને ધર્મોને સતત તપ અને જાગૃતિની દશા વેઠવી પડશે અને વિવેક તથા વિજ્ઞાનની છાયામાં પવિત્ર થઇ નવ-સંસ્કાર સ્વીકારવા પડશે. ઇસલામમાં આવો ફેરફાર થવો અશકય નથી તે આજ આપણી આંખ સામે સ્મર્નાના વિજેતાએ બતાવ્યું છે. ધાઝી મુસ્તફા કમાલ પાશાએ સાબિત કર્યું છે કે યુગોની ઉંઘમાંથી મહાન મુસ્લીમ રાજ્ય નવું બંધારણ ઉપજાવી શકે છે, બહુનારી–લગ્ન પણ બંધ કરી શકે છે, સ્ત્રીઓના ગુલામી પર્દા ઉડાવી શકે છે, દરેક સંપ્રદાયને સરખા હક્ક આપી શકે છે, ને છતાં ઇસ્લામની ભૂમિ તરીકે ખ્યાતી ભોગવી શકે છે.

ઔરંગઝેબ જેવા આદર્શ અને બાહોશ મુસ્લીમ પાદશાહની નિષ્ફળતા દુનિયા સામે સજ્જડ પુરાવો છે કે મહાન પ્રજા વિના મહાન સામ્રાજ્ય નભી શકે નહિ. અને મહાન પ્રજા એટલે શું? માણસ માત્રને સમાન હક્ક ને સમાન તક આપીને એક સુબદ્ધ પ્રજા બનાવવી તે. એ પ્રજાનો દરેક ખંડ એક અખંડ શરીરના અંગ જેવો જ હોય, વિચાર અને જીવનની દરેકેદરેક મુખ્ય બાબતમાં સૌ પરસ્પર મળતા જ હોય અને નાની બાબતો અથવા ખાનગી જીવનની વિગતો ઉદારપણે નિભાવી શકતા હોય, પંથ કે સંપ્રદાયના હિત કરતાં આખી પ્રજાના હિત તરફ નજર રાખી રાજ્યવહીવટ થતો હોય અને સમાજમાં જ્ઞાનની ઉપાસના નિર્ભય રીતે, અખંડ, અમર્યાદ થઇ શકતી હોય.

કોમની સ્વતંત્રતાનો આધાર વ્યક્તિની સ્વતંત્રતા

[અનુસંધાન જોડેના કોલમને છેડે]

પૂછો તંત્રીને

ગયા અંકમાં પુછેલા પ્રશ્નોના જવાબો

(૧) દરિયાની ઉંડાઇ કેમ માપવામાં આવે છે ?

લૉર્ડ કેલ્વિને અવાજ કરે એવા એક યંત્રની ગોઠવણી કરી છે. વાળાના દોરડા સાથે એક મણનું વજન ટાંગવામાં આવે છે અને પછી તેને દરિયામાં ઉતારાય છે. જેમજેમ દોરડું નીચે જાય તેમતેમ એક ઢોલ વાગતો જાય એવી કરામત હોય છે. જ્યારે વજન તળીએ પહોંચે છે ત્યારે ઢોલ વાગતો બંધ પડે છે. પછી દોરડું કેટલું નીચે ઉતર્યું તેનું માપ લેવાય છે.

(૨) કોઇ પણ એંજીન કે સંચાની શક્તિનું માપ બતાવવા માટે 'હૉર્સ પાવર' (ઘોડાબળ) શબ્દ કેમ યોજાયો ?

એંજીનના મુળ શોધક જેમ્સ વૉટે 'હૉર્સ પાવર' શબ્દ યોજ્યો હતો. પોતાના પ્રાંતના ઘોડાના બળનું પ્રમાણ એક મિનિટમાં ૨૨૦૦૦ રતલ વજન એક ફુટ ઉંચું કરવામાં ખર્ચાતી શક્તિ જેટલું આવતું હતું. આ ઉપરથી તેણે એંજીનની શક્તિ બતાવવાના માપ તરીકે 'હૉર્સ પાવર' શબ્દ રાખ્યો. થોડા વખત પછી તેણે ૨૨૦૦૦ રતલ ફેરવીને ૩૩૦૦૦ રતલ માપ રાખ્યું હતું.

(૩) લશ્કરમાં ખાખી રંગના કપડાંનો ઉપયોગ ક્યારથી શરૂ થયો ?

લશ્કરમાં ખાખી રંગનાં કપડાંનો ઉપયોગ પ્રથમ હિંદુસ્તાનમાં શરૂ થયો. સને ૧૮૪૮માં લુમ્સડન અને હોડસનની સરદારી નીચે ખાખી કપડાં લશ્કરમાં પ્રથમ વપરાયાં. ત્યાર પછી હિંદુસ્તાનની બહાર સુદાનની લડાઇ વખતે સને ૧૮૮૩માં ફરી ઉપયોગ થયો.

(૪) દુનિયામાં ઉંચામાં ઉંચો પુલ કયો છે ?

દુનિયામાં સૌથી ઉંચો પુલ વિક્ટોરિયા ફૉલ્સ બ્રીજ નામનો છે. ૪૦૦ ફુટની ઉંચાઇએ ધોધની બરાબર નીચે થઇને તે ઝાંબેઝી નદી ઓળંગે છે. જી. એ. હૉબ્સ નામના માણસે તે પુલના બાંધકામની યોજના ઘડી હતી.

(૫) વિજળીથી મૃત્યુ કેમ નીપજતું હશે ?

વીજળી જ્ઞાનતંતુઓમાં પસાર થાય છે અને જો તે વધારે મજબુત હોય તો શ્વાસોચ્છ્વાસના જ્ઞાનતંતુઓને નિષ્ક્રિય કરી નાખે છે ને તેથી મૃત્યુ થાય છે.

પર છે. સત્ય અને કલ્યાણ ધર્મનો પુરો ઉદય થશે ત્યારે જ હિંદી પ્રજા તેની પુરી અને ખરી ખ્યાતિ પામશે. (ઔરંગઝેબનો ઇતિહાસ: પુસ્તક ૫ મું) જદુનાથ સરકાર



આખું વર્ષ રખડવું, તોફાન કરવાં, ક્લાસમાં કુધરસ ખાવી, ગાયન ગાવાં ને વળી પાછું પાસ થવું, કેમ ?

તુકારામની મૅટ્રિક

જીંદગીમાં ઘણી યે લ્હાણો લેવાની હોય છે. મૅટ્રિક અને તેમાં ભણતા વિદ્યાર્થીઓનો સમાગમ, તેમની મિત્રતા, તેમનો કાર્યક્રમ, તેમનો ભભકો અને તેમનો વટ, એ બધું બારીકાઇથી નીરખવું એ પણ એક અનેરી લ્હાણ જ છે.

ત્રિલોકચંદ્ર અમારા શહેરના લોખંડના વેપારી તૈયબઅલ્લીના ગુમાસ્તા બદુકાકાનો પુત્ર થાય.

બદુકાકા, ગુલામહુસેન જીવતા હતા એ જમાનાના ગુમાસ્તા એટલે એમને આપણે જુના માણસ કહીએ તો ખોટું નહિ. એમનો એક પુત્ર જગન્નાથ હિંદુસ્તાનની બી.બી. ઍન્ડ સી. આઇ. રેલવેની જે લોકલ અમદાવાદથી રાતે સાડાદસ વાગ્યે ઉપડી મુંબઈ જાય છે, તેમાં કામ કરતો ચુનંદો ગાર્ડ છે. બીજો પુત્ર અમેરિકામાં મોટા પાયા પર તારકસબનો ધંધો કરવા ઉમેદ રાખે છે !

એમના બીજા ચીરંજીવી ત્રિલોકચંદ્ર તે આંખે બાડા તો નહિ પણ જન્મથી જરાક ત્રાંસું જોવાની ટેવવાળા તો ખરા.

દસ માસ સુધી અમારી હાઇસ્કુલમાં વધારેમાં વધારે લહેર કરવા માટે, છેલ્લી પાટલી ઉપર વધુમાં વધુ વાર ઉભા રહેવા માટે અને તમામ માસ્તરોને વધારેમાં વધારે પજવવા માટે જો કાંઇ ઇનામ કાઢવામાં આવે તો તે અમારા ત્રિલોકચંદ્રને જ મળે, એમ અમારા ક્લાસની બહુમતી છે. તેમની સાથે સારાસારી હોવાથી અમે તેમને તુકારામ કહી સંબોધીએ છીએ.

છેક અંગ્રેજી પહેલા ધોરણથી સાતમા ધોરણ સુધી, ચીઠ્ઠીઓ લઇ આગલા ધોરણમાં ચડી જનાર તુકારામ ખરેખર જવાંમર્દ જ છે !

તેમના અભ્યાસક્રમમાં જરાક દૃષ્ટિ નાખીએ તો માલમ પડે છે કે અંગ્રેજી પાઠમાળા ભાગ પહેલાનો પાઠ ત્રીજો સમજતાં એમને ઓછામાં ઓછો એક દાયકો જોઇએ. જ્યૉમેટ્રી ઉપર તો એમને ઘણી ચીડ છે. જ્યૉમેટ્રીનું પાનું ઉઘાડવું એટલે તેમના દુશ્મનને નમન કરવું એમ તે માને છે. ઍલ્જિબ્રાના ફૅક્ટરો જેવી ચીજમાં માથાકુટ હોવાથી તેને એ ઝાઝી છંછેડતા જ નથી.

જો ગણિતમાં બહુ ગુણુકાર ન હોય અને અપૂર્ણાંક વગરના સીધે સીધા દાખલા પુછ્યા હોય તો અકસ્માતે પાંચમાંથી દોઢ ખરો પડે, તેની મને તો સોએ સો ટકા ખાતરી છે.

ભૂગોળમાં ઘણાં ગામોનાં નામ આવતાં હોવાથી

તેમાં જરા કચાશ છે; છતાં અમદાવાદથી નડિયાદ અને નડિયાદથી કપડવણજ, અથવા અમદાવાદથી મ્હેસાણા સુધીનાં ઘણાંખરાં ગામો તેમને મોઢે છે.

ઇતિહાસ એટલે અરધા ગપાટા મારી કંઇક લખવું એવી તેમની દૃઢ માન્યતા હોવાથી 'સો માર્ક-માંથી ધારૂં તો ઓછામાં ઓછા તેર માર્ક હું મેળવી શકું' એમ તેમણે એક વાર પરશોત્તમ માસમાં સવારે નવ વાગ્યે નહાવા જતાં નદી ઉપર છાતી ઠોકીને કહેલું એ મને બરાબર યાદ છે.

ગઇ સાલ યુનિવર્સિટીએ સાયન્સ અને ભૂગોળ ફરજીયાત દાખલ કરેલાં એની સામે તેમનો સંપૂર્ણ વિરોધ છે. એ વિરોધને લીધે સાયન્સના અવરોમાં તેમણે હૉટેલો શોભાવી છે. હૉટેલોનાં બીલના પૈસાનો હિસાબ કરીએ અને જે પૈસા થાય તે જો કોઈ સાયન્સ માસ્તરને આપીએ તો ઓછામાં ઓછાં ત્રણ છોકરાં તે ભણાવે એમ ગામના લોકોને વાત કરતા મેં સાંભળ્યાં છે.

આ તુકારામનો અભ્યાસક્રમ થયો. પ્રીલિમિનરી —એટલે ફારમ આપવાની—પરીક્ષા પહેલાનું એક અઠવાડિયું અને ફારમ લીધા પછીના એક આખા માસની એમની તનતોડ મહેનતનો જો કોઇ વિચાર કરે તો જરૂર તુકારામ માટે દયા અને દિલસોજી બતાવે.

ફારમની પરીક્ષાને ફક્ત આઠ જ દિવસ રહ્યા એમ છોકરાઓ વાતો કરે છે ને તુકારામ સાંભળે છે. ફારમ લેવાનો દૃઢ નિશ્ચય કરીને કંઇક બબડતા બડબડતા એ પોતાને ઘેર જાય છે.

'માજી, કાલથી આપણે શાક લેવા નથી જવાના. છીંકણી પણ તમારે જાતે જ લાવવી પડશે. મારી પરીક્ષા આવતે સોમવારે જ છે. કાકાને કહેજો કે ત્રીજે માળ ખાલી કરી મને એક ઓરડી સ્વાધીન કરે. જો તેમ નહિ કરો ને પછી અમે નાપાસ થઈશું તો તેમાં અમારો વાંક નહિ! કાલથી સાંજે બાગમાં ફરી આવીને પછી વાળુ કરી રાતના બબ્બે વાગ્યા સુધી વાંચવું છે, માટે મોટા ભાઇને કહેજો કે એક ટેબલ લૅમ્પ લાવે. અને સાંજે બહેનને પણ કહી દેજો કે સ્ટવ, પિન, ચા, ખાંડ અને મસાલાનાં ડબલાં મારા ટેબલ નીચે જ મુકે. વળી જો બરફ્રોસ આપાવો તો ઘણું સારૂં!' તુકારામે



ઉ-ઉ મને ફારમ ના આપ્યું; હેડમાસ્તર ખરાબ છે.

એકસામટી બધી સૂચના કરી દીધી.

× × ×

પરીક્ષા થઈ ગઇ છે. મંગળવારે પરિણામની રાહ જોતાં નવજુવાનો પાટલીઓ પર બેઠા છે. એટલામાં હેડમાસ્તર આવ્યા અને કોણકોણ પાસ થાય છે તથા કેટલાને ફૉર્મ આપવાનાં છે તેમનાં નામ વાંચી ગયા: તુકારામને બીજે વરસે ફૉર્મ આપવાનું વચન આપી રવાના થયા. દીવેલ પીધેલા જેવું મોઢું લઇ તુકારામ ઘેર ગયા અને ત્રીજે માળે એક ખુરશીમાં પડી પોક-પોક મુકી રડવા લાગ્યા.

એટલામાં માજી આવી પહોંચ્યાં: 'હાય હાય! મારા તુકા, શું થયું? વીંછી કૈડ્યો? ખમ્મા તને.'

'ના ના, માજી, હું-હું-મને ફારમ ના આપ્યું; હેડ માસ્તર ખરાબ છે. શેઠિયાના, વકીલના અને ડાક્ટરના છોકરાને તથા ગાડીઘોડાવાળાને ફારમ આપે છે. મને ના પાડી. એં...એં...મને નપાસ કર્યો.'

'કંઇ નહિ બેટા, બીજે વરસે! કંઈ મરી જવું છે? જોઇશુંને આપણી નાતમાંથી કેટલા પાસ થાય છે! તે એ તો બધા ય મરીનાં મરી ને બહારના બહાર. બધે દગો થઇ ગયો. જેને હાડકાં નીકળ્યાં! હાં-હાં, મોટાને આવવા દે. પેલો ફિરપો વકીલ છે ને, તેને કહીશું એટલે ફારમ અપાવશે.'

× × ×

તળાવને કિનારે પગથિયાં પર બેઠાબેઠા તુકો મનમાં બબડે છે: 'જો કુકુબી માસ્તરના અવરમાં બેન્ચો કુટવા-માં મારો ભાગ ન હોત તો જરૂર હું હિસ્ટરીમાં પાસ

થાત. પેલા કાણુકાકાના અવરમાં છીંકો તથા ઉધરસ ખાઇને તેને ખુબ સતાવેલો, એટલે જ હું અંગ્રેજીમાં ઉડી ગયો. પેલો જબલપુરી આવ્યો ને તરત મને ક્લાસઆઉટ કર્યો, તે દિવસની એની ચીડને લીધે સાયન્સમાં થોડા માર્ક ખુટચા. કંઈ નહિ, જો પેલો કિરપો કૃપા કરે તો બેડો પાર!' લહેરમાં આવી કવિતા લલકારવા માંડી:

અરજ સુણો અવિનાશી,
અમારી અરજ સુણો અવિનાશી.

'હે! પ્રભુ! જો ફારમ મળી જાય તો દુનિયા ઝખ મારે છે! હે પ્રભુ! તું પાસ ભલે ના કર, પણ ફારમ તો જરૂર અપાવ. જા, તને ઘીનો દીવો પુરીશ. કંઇ નહિ; હીમતે મરદાં તો મદદે ખુદા. ચાલ જીવ કિરપા પાસે!'

× × ×

હેડમાસ્તરે નોટિસ કાઢી છે કે કામ વિના ઑફિસમાં દાખલ થનારને શિક્ષા કરવામાં આવશે. એમનો રૂઆબ બદલાઇ ગયો છે. જાણે ઘણા જ કામમાં રોકાએલા હોય તેમ દેખાય છે. વાત કરતાં સભ્યતા જરાક ઓછી જણાય છે. ફૉર્મ માટે કોઇ મામાની, કોઇ કાકાની તો કોઇ ફુવાની ચીઠ્ઠીઓ લઇને વારાફરતી ઑફિસમાં પ્રવેશ કરે છે. હેડમાસ્તર સૌને દબડાવે છે, ધમકાવે છે, આંસુ કઢાવે છે અને અનહદ દયા આણી ફૉર્મ આપે છે. છેલ્લે દિવસે સાંજે સાડાચાર વાગ્યે તુકારામે હેડમાસ્તરને કિરપારામ વકીલની ચીઠ્ઠી બતાવી. હેડમાસ્તરે સવાલ કર્યો.

'તું કેટલામાં પાસ છે?'

'સાહેબ, પાંચમાંથી ત્રણમાં નપાસ છું ને બેમાં તેત્રીસ તેત્રીસમાં સાતઆઠ ખુટે છે!'

'આખું વર્ષ રખડવું, તોફાન કરવાં, ઉધરસ ખાવી, ગાયન ગાવાં ને વળી પાછું પાસ થવું! અવર ભરવા નહિ ને પછી ચીઠ્ઠીઓ લાવવી! જા, બેસ પેલા ખુણામાં ને આમાં લખ્યું છે તેમ લખ.'

તુકારામને મુક્તિ મળી ગઇ! હરખમાં ને હરખમાં તેણે બાર આના હૉટેલમાં ખરચી નાખ્યા.

× × ×

ફૉર્મ મળ્યા પછી તુકારામનું જીવન બદલાઇ ગયું. નિશાળેથી છુટી બે કલાક તળાવ ઉપર ફરી આવી વાળુ કરીને શ્રીયુત બરાબર સાડાનવ વાગ્યે વાંચવા બેસતા. વચ્ચેવચ્ચે પ્રેરણા થઈ આવે તો પાંચદસ મિનિટ ગાયન પણ ચલાવે. સાડાદસ–અગિયારે ચા બનાવે. પીને જે બેઠા તે સાડાબારે 'ઉંહાં' મોં ધોઈ ફરી બીજો એક પાડી એક વાગ્યે વાંચનું શરૂ કરે. વચમાં અકસ્માતે દોઢેક કલાકનું લાંબું ઝોકું આવી જાય! વળી પાછા અઢીથી પાંચ સુધી વાંચે.

તેમનો સ્વભાવ ખરેખર ચીઢીઓ થઇ ગયો હતો અને મહાકાળીની મૂર્તિ જેવો ક્રોધ રાખતા. મોટા શાહી કુમારે માફક હુકમ કરતા. એક વખત કાકો રડેલો એટલે તેમણે છુટો પાસ મારી પાણીની ગોળી ફોડયાનું જગજાહેર છે. માજીએ ઘરનાં બધાં માણસને તેમને છંછેડવાની મના કરી દીધી હતી. સવારે સાડા આઠે ઉઠી દાતણપાણી કરી નવથી દસ સુધીનો વખત લાયબ્રેરી કે હૉટેલમાં ગાળતા; અને સાડાદસે ત્રીજે માળે જઇ બરાડા પાડી ફરી પાછું વાંચવા માંડતા. બપોરે માજીના આગ્રહથી કલાક બે કલાક ઉંઘતા અને સાંજે વળી પાછા ત્રણ કલાક વાંચી ફરવા જતા. આમ એક માસ સુધી તુકારામને પરીક્ષાનો રાહુ નડયો.


પરીક્ષા આપ્યા પછી, આન્દામાનમાં બાર વરસ કાળાં પાણી ભોગવી બહાર આવતાં જેટલો આનંદ કેદીને થાય તેટલો આનંદ તુકારામને થયો. પરીક્ષા પછીની આખી રાત અને અડધો દિવસ મળી કુલ અઢાર કલાક તે ઉંઘ્યા હતા. મગજને ટંડું પાડવા આઇસ્ક્રીમ ઉડાવવાનું પણ ભુલ્યા નહોતા. પાસ થવા માટે પરીક્ષાના પેપરો તપાસનારા કોણકોણ છે, તેની શોધમાં તેમણે એક અઠવાડિયું ગાળ્યું હતું. લાગવગ લગાડવાનો ઘણો યે પ્રયત્ન કરવા છતાં ક્યાં ય નહિ ફાવવાથી માતાજીની, બળિયા કાકાની, મહાદેવની, હનુમાનની અને સત્યનારાયણની બાધાઓ રાખી તુકારામ, જુનની પહેલી તારીખનાં ટાઇમ્સની રાહ જોતા અમદાવાદ સ્ટેશને પ્લૅટફૉર્મ પાસ લીધા વગર રખડતા હતા.

અંશુ

ગામડિયો—મુંબઈ જવાની ગાડી આ કે?

શહેરી—હાસ્તો, એમાં પુછો છો શું? એટલી તો મુરખને યે ખબર પડે.

ગામડિયો—તેથી તો હું તમને પુછું છું, ભાઈ સાહેબ!



એકાંતના દોસ્તો

કાગડા ચકલાં ખિસકોલીઓ બિલાડીઓ. . .

[‘ ઓતરાતી દીવાલો ’ નામના પુસ્તકમાં કાકાસાહેબ કાલેલકરે પોતાના જેલના દિવસોના સોબતીઓ— પંખીઓ, કીડીઓ, કબુતરો, મધમાખો, વાંદરા, બિલાડીઓ અને બીજાં અનેક જીવજંતુ સાથેના પ્રસંગોનાં અતિ રસમય બયાન આપ્યાં છે. અવલોકન કરવાની દૃષ્ટિ અને જીવમાત્ર પ્રત્યે મમતા હોય તો પ્રાણીસૃષ્ટિ પણ કેટલી સજીવ અને રસમય બની રહે છે તેનાં બહુ સુંદર ચિત્ર એમાં મળી રહે છે. માત્ર વાનગી તરીકે જ આ નીચે થોડા ફકરા અમે ઉતારીએ છીએ. અમારી તો ખાતરી છે કે આટલું વાંચ્યા પછી એ આખું પુસ્તક, જેણે નહિ વાંચ્યું હોય તે શોધીને અવશ્ય વાંચી જશે.]

હવે કાગડાઓના માળા બાંધવાના દિવસ આવ્યા. કાગડાઓ દૂરદૂરથી ડાંખળીઓ લઈ આવતા અને ઝાડ પર ગોઠવતા. ડાંખળી જરા મોટી હોય અથવા જોઈએ તેવી ન હોય ત્યારે કાગડાઓ લાવીને મારી કુંડીમાં નાખતા. પંદરેક મિનિટમાં બરાબર પલળે એટલે લઈ જતા. એક દિવસ એક કાગડાને લોઢાના તારનો જાડો કકડો જડ્યો. ઘાસની ગાંસડી બાંધવા માટે આવા તારનો ઉપયોગ થાય છે. આ તાર વતી વીસમી સદીના આ મયાસુરે એક લોહપ્રાસાદ બાંધવાની ખુબ મથામણ કરી, પણ તાર અક્કડ જ રહ્યો. આખરે એને સુઝ્યું કે ચાલો આપણે એને પાણીમાં નાખીને પલાળીએ. બરાબર બે વાગ્યાથી ચાર વાગ્યા સુધી એણે એ પ્રયત્ન કર્યો. પહેલાં એક છેડો પાણીમાં બોળ્યો, પછી બીજો, પછી વચલો ભાગ. બે કલાકની મહેનત પછી કાગડાભાઈ એટલું પદાર્થવિજ્ઞાન શીખ્યા કે લાકડાના ગુણધર્મ અને લોઢાના ગુણધર્મ સરખા નથી હોતા. પણ આખરે એણે પોતાના માળામાં એ તારનો ઉપયોગ તો કર્યો જ.

ж ж

એક દિવસ અક્ષાકાદ દોડતોદોડતો આવીને કહે, ‘ કાકાજી, કાકાજી, જરા ઈધર આઈએ તો સહી. હમને એક કાંગડા પકડા હૈ. ’ જઈને જોઉં છું તો સાચે જ ચતુર કાગડો પણ ઠગાયો હતો. કાગડો ઓરડીમાં પકડાયો હતો. એના પગે એક લાંબી દોરી બાંધેલી હતી. (કેદી પાસે દોરી ક્યાંથી આવી ? જ૦ ખાનગી વ્યવસ્થા.) કાગડાએ દુનિયાના તમામ કાકાઓને વહારે ધાવા બુમ પાડી. પણ હું એકલો જ ત્યાં હાજર હતો. મેં ઘણી આજીજી કરી અને કાગડાભાઈ છુટી ગયા. મારી ખાતરી છે કે એ કાગડે ફરીવાર જેલનું મોં પણ નહિ જોયું હોય. પગ બંધાયો એનું કંઈ નહિ, મરી જાત એનું યે કંઈ નહિ, પણ કાગડો ઠગાયો એ શરમ એની આખી નાતને અસહ્ય થઈ હશે.

ж ж

મારી ઓરડીમાં ખુબ ઉંચે એક બાંકું હતું. એક ચકલીની દૃષ્ટિ તેના પર પડી. તરત જ તેણે ત્યાં પોતાનો માળો ઘાલ્યો. ખીસકોલીઓએ મારા ઉદેપુરી ઊનના આસનના કકડા તો કરી નાખ્યા જ હતા. તેમાંના મનપસંદ કકડા ઉપાડીઉપાડી ચકલીએ પોતાનો મહેલ સજી નાખ્યો. આ રીતે છ વાગ્યે ઓરડીમાં પુરાયા પછી પણ સહવાસને માટે મને ગોઠિયો મળ્યો. ચકલી એ હમેશાં પ્રસન્ન રહેનાર પ્રાણી છે. આખો દિવસ વાતો કરતાં તે થાકે જ નહિ, અને બૈરાંઓની પેઠે એની એ જ વાત ફરીફરીને કહેતાં કંટાળે નહિ. મારી ઓરડીમાં રોટલાના કકડા પડેલા હોય એટલે અન્ન અને આશ્રયની તેને પુરેપુરી સગવડ મળી. અને પરિન્દાની જાત એટલે વસ્ત્ર તો માગે જ નહિ. યથાકાળે માળામાં નાનાંનાનાં બચ્ચાં ચિંચિં કરવા લાગ્યાં. ચકલી રોટલાની કરચો જમીન પરથી વીણી લે, ચાંચમાં દબાવીદબાવીને તેને પોચી કરે ને ઉપર જઈ બચ્ચાંને ખવડાવે. મારી ઓરડીમાં રહેતી ખીસ-

કોલીથી આ ચકલીનો સહવાસ સહન થતો નહિ. પણ કરે શું ? ભીંતના બાંકા સુધી પહોંચી જવાય એમ ન હતું. નહિ તો ખીસકોલીએ ચકલીનાં ઇંડાં-ને જ હોઇયાં કરી નાખ્યાં હોત. જો કે ખીસકોલીઓ ઇંડાં ખાય છે એ વાત છોટાચક્કર નં. ૪ છોડયા પછી જ મારા જાણવામાં આવી.

* *

હું માનતો કે કોયલ પોતાનાં ઇંડાં કાગડા પાસે સેવાવે છે એ કેવળ કવિકલ્પના હશે. 'શાકુન્તલ'માં જ્યારે વાંચ્યું 'અન્યૈર્દ્વિજૈઃ પરભૃતઃ ખલુ પોષયન્તિ' ત્યારે કાલિદાસે લોકવહેમનો ઉપયોગ કર્યો છે એમ જ મેં માનેલું. પણ જેલમાં જોયું કે કાગડા સાચે જ કોયલનાં બચ્ચાંને ઉછેરે છે. જ્યાંત્યાંથી ખાવાનું આણીને બચ્ચાંને ખવડાવે અને તેમને લાડ લડાવે. પણ થોડા દિવસમાં સંસ્કૃતિનો ઝઘડો શરૂ થયો. કાગડાઓને થયું કે બચ્ચાંને ખવડાવીએ એટલું બસ નથી, આપણી સુધરેલી કેળવણી પણ તેને આપવી જોઇએ. એટલે ખાસ વખત કાઢી માળા પર બેસી કાગડો શીખવાડે, 'બોલ, કા...કા...કા' પણ કોયલનું પેલું કૃતઘ્ન બચ્ચું જવાબ આપે, 'કૂ...કૂ...કૂ' કાગડો ચીઢાઇને ચાંચ મારે અને ફરી કેળવણી શરૂ કરે, 'કા...કા...કા' પણ આમ કોયલ કંઇ પોતાની સંસ્કૃતિનું અભિમાન છોડે ? એણે તો પોતાનું 'કૂ...કૂ' જ ઘુંટવા માંડ્યું. કાગડાની ધીરજ ખુટી ત્યાં સુધીમાં કોયલનું બચ્ચું પગભર થયું હતું,—અથવા સાચું કહીએ તો પાંખભર થયું હતું. કાગડાની બધી મહેનત ફુટી પડી. મને લાગે છે કાગડો હિંદુસ્તાની હોવાથી તેણે નિષ્કામ કર્મ કર્યાનું સમાધાન તો જરૂર મેળવ્યું હશે. 'યત્ને કૃતે યદિ ન સિધ્યતિ કોઽત્ર દોષઃ' એમ ન હોત તો કાગડો દર વર્ષે એ ને એ જ અખતરો ફરી ફરીને શું કામ કરત ? શામળભાઈ કહે, 'આ કોયલનાં બચ્ચાં જેટલી પણ અક્કલ આપણા અંગ્રેજી ભણેલાઓમાં હોત તો તેઓ ઘરમાં અંગ્રેજીમાં ન બોલત.'

* *

દશેરાને દિવસે એક નીલકંઠ (ચાસ પક્ષી) અમારે ત્યાં આવ્યો. નાનપણથી નીલકંઠ વિષેનું કાવ્ય ખુબ સાંભળેલું. નીલકંઠ એટલે અત્યંત કલ્યાણકારી પક્ષી; જ્યાં તે જાય ત્યાં શુભ જ થવાનું, નીલકંઠનું દર્શન થાય એટલે તે દિવસે સારૂંસારૂં ખાવાનું મળવાનું, એ બધી માન્યતાઓ તેના દર્શન સાથે મનમાં તાજી થાય છે. મને સારૂંસારૂં ખાવાની ઇચ્છા પણ ન હતી ને આશા પણ ન હતી. મેં સ્વાદ જીત્યો છે એમ તો કેમ કહું, પણ તે વિષે ખુબ બેદરકાર છું ખરો. નીલકંઠને જોઇને આખો દિવસ ખુબ પ્રસન્નતા અનુભવી અને નીલકંઠ પણ કોઇ રાજદૂતની પેઠે પોતાના પોષાકના મહત્ત્વનું પોતાને બરાબર ભાન હોય તેમ દબાએલા અભિમાનથી આમતેમ ઉડતો હતો. ઘણી વાર અમારા તરફ નજર નાખતો, પણ તે એટલી બેદરકારીથી કે જાણે કહેવા માગતો હોય કે તમારા જેવા ક્ષુદ્ર માનવી મારી એક નિગાહને પણ લાયક નથી. થોડોક વખત આમતેમ ફરી ભાઇસાહેબ જાણે કંઇ ભારે કામ ભુલી ગયા હોય તેમ એકાએક ઉતાવળાઉતાવળા ઉડી ગયા. આપણા બેસતા વરસે સુપરિન્ટેન્ડેન્ટે એ જ નીલકંઠ જોયો, એટલે મને આવીને કહે, 'મિ. કાલેલકર, આજે મેં નીલકંઠ જોયો. એનું માહાત્મ્ય શું છે ?' મેં કહ્યું, 'તમારૂં આખું વરસ મજામાં જશે. માત્ર નીલકંઠનો શિકાર નહિ કરતા.' સુપરિન્ટેન્ડેન્ટે કહ્યું, 'આખું વરસ કેવું જશે એ તો કોણ જાણે, પણ આજે તો સવારે ઉઠીને નવા કારખાનામાં કેદીઓ ને મુકાદમ લડી પડયા એ ભારે અપશુકન થયાં ખરાં.' સાંભળ્યા પ્રમાણે તો તે વરસે હિંદી સ્ટોરખાતામાં રહી ગબ્બર થએલા, એ સુપરિન્ટેન્ડેન્ટ ડૉઇલ સાહેબનો ઘરડો સસરો ગુજરી ગયો અને તેની મોટી મિલકત ડૉઇલ સાહેબની પત્નીને મળી. આ અપશુકન ગણાય કે શુકન એ આપણે શું જાણીએ ?

* *

શામળભાઇ પાસેથી રોટલાના કકડા ખાઇખાઇને કાગડાઓ સારી પેઠે માતા હતા. મને થયું, ચાલો કાગડાઓને જરા કસરત કરાવું. હું રોટલાના કકડા આકાશમાં ખુબ ઉંચે ઉછાળું. ધારણા એવી કે કાગડા ઉઠીને આકાશમાં ને આકાશમાં કકડા અદ્ધરથી ઝીલી લે. પણ એ બાવાઓ માથું ઉંચું કરીને કકડો ક્યાં ઉડે છે ને ક્યાં પડે છે તે ઠંડે પેટે જોઇ લેતા, અને કકડો નીચે પડે એટલે એને માટે પડાપડી કરતા. મેં શામળભાઇને કહ્યું, 'તમારા ગુજરાતના કાગડા

સાવ નાલાયક છે. અમારે ત્યાં નાનપણમાં હું ચેવડામાંથી કાજુ વીણીવીણીને આકાશમાં ઉડાડતો ત્યારે કાગડાઓ એકેએક અદ્ધર જ ઝીલી લેતા. પણ આ બાધાઓ તો ડોળા ફાડીને જોઇ જ રહે છે!' શામળભાઈમાં કંઇ પ્રાન્તીય અભિમાન ઓછું હતું? તેમણે કહ્યું, 'અમારે ત્યાંના કાગડા ઓછા જ ભુખડીબારશ હોય છે?'

❋ ❋

રવિવારનો દિવસ હતો. પોલીસોને જલદી ઘેર જવું હતું એટલે અરજી કરી તેમણે અમને પાંચ વાગ્યે જ કોટડીઓમાં પુરી દીધા હતા. હું 'નાથભાગવત'નો એક અધ્યાય પુરો કરી ઓરડીમાં નિરાંતે બેઠો હતો. પોલીસો તેમજ મુકાદમો તાળાં બરાબર બંધ છે કે નહિ તે તપાસી બીડી પીવા ક્યાંક ખુણે જઇ ભરાયા હતા. એટલામાં એક મોટો ધીધર બિલાડો ધરાઇને ખાધા પછી મુછ ચાટતો ચાટતો અને હાથીની પેઠે ડોલતોડોલતો આવી મારા બારણા આગળ અટક્યો અને ધ્યાનપૂર્વક મને નિહાળતો ઉભો. તેણે માથું ઉંચું કર્યું, નીચું કર્યું, બારણાના એક છેડા તરફથી જોયું, બીજા છેડા તરફથી જોયું, ને 'ગુર્‌ર્‌ર્' 'મ્યાંઉ' કરીને પોતાનો સંતોષ જાહેર કર્યો! નાનપણથી અનેક અજાયબઘરો (મ્યૂઝિયમો) હું જોતો આવ્યો છું. પાંજરાંની માંહ્ય પશુપક્ષીઓ, વાઘ અને બિલાડાંઓ પુરેલાં મેં બહારથી જોયાં છે, તપાસ્યાં છે, તેમનું વર્ણન બહારના લેબલ પર વાંચી સંતોષ વ્યક્ત કર્યો છે; પણ કોઇ કાળે મેં એમ સ્વપ્ને ય ધારેલું નહિ કે હું બંધબારણે પુરાયો હઇશ અને એક નફ્ટ બિલાડો બહારથી મને જોઇ–તપાસી પોતાનો સંતોષ જાહેર કરશે! બિલાડીઓનું કોઇ છાપું ચાલતું હોત તો પેલો ધીધર આ પ્રસંગ પર જરૂર એક લાંબો વર્ણનાત્મક લેખ લખત.

❋ ❋

.. હું માંદો હતો તે દરમિયાન મને દૂધ મળતું. અને જ્યાં દૂધ હોય ત્યાં બિલાડી તો હોય જ એ જુનો સિદ્ધાન્ત; એટલે હીરાએ મારી સાથે ભાઇબંધી કરી. ગમે ત્યાંથી આવે અને પગે નાક ઘસે, પુંછડી ઉંચી કરીને 'મીયાંઉ' એવો પ્રતિષ્ઠિત અને [illegible] અવાજ કરે. નાનપણમાં વૈશ્વદેવ કરી પછી જ જમવા બેસવાનો અમારો રિવાજ, એટલે બિલાડીને દૂધ પાયા વગર જાતે દૂધ પીવાનું મન થતું જ નહિ. પણ બિલાડી માટે વાસણ ક્યાંથી લાવવું? સદ્‌ભાગ્યે અમારા ઓટલાની કોર પરના એક પોરબંદરી પથરામાં નાનકડી તાવડી જેવો એક ખાડો હતો, તેમાં રોજ એને હું દૂધ પાતો. કોક દિવસ હું 'Tale of Two Cities' વાચવામાં ગુલતાન હોઉં અને બિલાડીને વેળાસર દૂધ ન મળે એટલે ધીમેધીમે એકએક પગલું ભરી બિલાડી સ્લેટથી ઢાંકેલા મારા ચંબુ તરફ જાય, દૂરથી ચંબુ સુંઘે, અને પોતે ભારે ગુન્હો કર્યો એવું એકાએક ભાન થયું હોય તેમ ઝટ પાછે પગલે પાછી હઠી જાય. બિલાડી જો સંસ્કૃત જાણતી હોત તો બોલી ઉઠત: 'અહોરાત્ર મહત્પાપં કર્તું વ્યવસિતા વયમ્।' પણ એ તો બિલાડી રહી. એનું બધું સંસ્કૃત 'મીયાંઉ' એ એક જ ઉદ્‌ગારમાં પરિસમાપ્ત થતું. પાછી બેસીને 'મીયાંઉ' બોલી મારા તરફ સહેજ જુએ ને ધીરજ કેળવે. પણ પાછું રહેવાય નહિ એટલે ફરી આગળ જાય, દૂધ સુંઘે ને અચકાઇને ફરી પાછી હઠે. આ રીતે એણે મારા પર સારી છાપ પાડી. હું એને નિયમસર દૂધ પાતો. કોકવાર એને રોજ કરતાં બમણું દૂધ આપતો. પણ આખરે બિલાડી તે બિલાડી. એક દિવસ ક્યાંકથી એક દોસ્તદારને લઈ આવી. હીરાને તો અમારી બીક હતી જ નહિ એટલે તે સીધી આવીને મારી પથારી પાસે બેઠી અને એનો દોસ્તદાર અમારી નજર ચુકવીને આગળ ધસ્યો અને એણે ચંબુ ઉથલાવી પાડ્યો. એની ઉજાણી શરૂ થાય તે પહેલાં જ શામળભાઇનું ધ્યાન તે તરફ ગયું ને તેમણે તેને હાંકી કાઢ્યો. હીરાની મુદ્રા પણ ચોર જેવી થઇ હતી. તે પણ વગર હાંક્યે ત્યાંથી પોબારા ગણી ગઇ. બેત્રણ દિવસ લાગલાગટ આ બંનેએ ઉત્પાત મચાવ્યો. હીરા પહેલાં તો ભીંતના નીચલા કાણામાંથી એકલી આવતી અને પરિસ્થિતિ નિહાળી અનુકૂળતા જણાયે બહાર જઇ દોસ્તદારને લઇ આવતી. પોતે પ્રત્યક્ષ ચોરીમાં ભાગ ન લે પણ તેમાં તેનો સમભાવ તો પુરેપુરો હોય. હીરાના ગુન્હાની ખાતરી થયા પછી બે દિવસ મેં એનું દૂધ બંધ કર્યું, દૂધ ઉપર સખત પહેરો રાખ્યો,

[અનુસંધાન આગળ પાન ૨૦૨ના પહેલા કૉલમને છેડે]



રાત

એવો યે એક વખત હતો જ્યારે સૂર્ય પૃથ્વી ઉપર આઠે પહોર પ્રકાશતો ને રાત એટલે શું એનું તો દુનિયાને ભાનેય નહોતું. પણ એ તો લાખ્ખો ને કરોડો વર્ષો પહેલાંની વાત થઇ. ત્યારે એ રાત આવી ક્યાંથી?

નાનકડી ઝુંપડીમાં એક ગરીબ કુટુંબ રહે. ભાઇ-બહેન અને એમનાં માબાપ; ચાર જણાં. બહેનની ઉમર પાંચ વર્ષની ને ભાઈ સાત વર્ષનો. બાપ ચારચાર પહોર મજુરી કરે ને મા ફુલના ગજરા ગુંથી ગામમાં વેચવા જાય. ભાઇબહેન પાસેની વાડીમાંથી ચુંટાય એટલાં ફુલ ચુંટે.

માને એક દિવસ તાવ આવ્યો ને એનાથી ગજરા ન ગુંથાયા. હવે જો બાપ પણ એની સારવારમાં ઘેર રહે તો એ બધાં ખાય શું? એટલે બાપ તો ભારે હૈયે મજુરી ઉપર ગયો; પણ એનો જીવ તો ઘેર ને ઘેર જ!

ભાઇબહેન બાની પથારી પાસે બેસી રહે છે; રમવાનું તો એમને સાંભરતું યે નથી. ભાઈ વચ્ચે-વચ્ચે બાને પાણી પાય છે. બહેન પુછે છે, 'બા, એ...બા, તું સુઈ કેમ રહે છે? તારે ગજરા વેચવા નથી જવું? કહે તો અમે ફુલ ચુંટી આવીએ.'

બાને તો સારૂં ન જ થયું. બાપ કહે, 'એ તો મરી ગઈ.' છોકરાં મરવામાં તો કાંઈ સમજ્યાં નહિ, પણ બા એમને એકલાં મુકીને જતી રહી એટલે ખુબ રડ્યાં. વખત વીતતાં વાત વીસારે પડી.

બા હતી ત્યારે તો ગજરા વેચીવેચીને કુટુંબને નભાવતી, પણ હવે એની કમાણી તો ગઇ. એટલે બાપે ચારને બદલે પાંચપાંચ ને છછ પહોર કામ કરવા માંડ્યું પણ તો યે પુરો રોટલો મળતો નથી. બાપ અરધો ભુખ્યો રહી બાળકોને પુરૂં ખવડાવે છે.

પણ છોકરાં પુરેપુરાં કમનસીબ! હજુ તો ત્રણ મહિના યે પુરા વીત્યા નથી ત્યાં તો બાપે પણ બાનો રસ્તો લીધો. નાનકડાં બાળકો નિરાધાર થઇ પડ્યાં. ઘરમાં એક દિવસનું પણ ખાવાનું નથી.

ભાઇબહેન શેરીએશેરીએ ભટકે છે. કોઇ ભલી બાઇ ખાવાનું આપે તો કોઇ વળી ધક્કો મારી બે કડવાં વેણ પણ કહે. પારકાંની કોને પડી હોય?

બહેનનું કોમળ હૃદય લોકનાં કઠોર વચનોના ઘા ન સહી શક્યું. એ કહે, 'ચાલ ભાઇ, આપણે આવા માણસો જોડે નથી રહેવું. બા ને બાપુ જેવું તો આમાં કોઈ નથી. વગડામાં જઇને રહેશું ને ફળફુલ જે મળશે તે ખાઇને જીવશું.'

ભાઇ કહે, 'હા બહેન, ત્યારે ચાલ.'

બંને ગામ બહાર દૂરદૂર ચાલ્યાં જાય છે. પગ લઇ જાય ત્યાં જાય છે. દિશાનું એમને ભાન નથી. થોડે દૂર ગયાં હશે એવામાં એક ઘાડું જંગલ આવ્યું. એની ભુલભુલામણી આડે ભાઇને બહેન નથી દેખાતી; બહેનને ભાઇ નથી જડતો.

એવામાં ખબર ન રહી ને ભાઇબહેન છુટાં પડી ગયાં. બંનેએ જુદીજુદી દિશામાં ચાલવા માંડ્યું. થોડી વાર થઇ ને બહેન કહે, 'ભાઇ!' પણ ભાઈ હોય તો બોલેને? બહેનને ફાળ પડી. ફરી એણે મોટેથી બુમ પાડી, 'ભાઇ, ઓ ભાઇ!' પણ કોણ જવાબ આપે! બહેન દુઃખમાં નિસાસો નાખે છે. પણે ભાઇ



- તંદુરસ્ત હવા મેળવવી હોય તો તમારા ઘરમાં ગરમીનું પ્રમાણ પાંસઠથી સડસઠ ડિગ્રી ને તેથી અડધોઅડધ પ્રમાણ ઠંડી હવાનું રાખો.
- મકાનને બે પ્રકારની બારીઓ રાખોઃ મથાળે ને નીચે. સીધા હવાના સપાટા ન આવે એ ખાસ ધ્યાન રાખો. તાજી હવા લો, પણ એ બહારથી આવતી સીધેસીધી નહિ: અંદરની હવા સાથે ભળ્યા પછી જ લો.
- સુઈ રહો બરોબર હુંફાળી હવામાં, પણ આખી રાત બહારની તાજી હવા છુટથી આવજા કરે એવી રીતે બારી બારણાં રાખો.
- એક થર્મોમીટર ખરીદી રાખો (બહુ મોઘું નથી મળતું) અને હવાની ગરમી—ઠંડીનું માપ બરાબર જોતા રહો.

ગરમ ને સુક્કી લાગે છે.'

ત્રણ દિવસ પછી હવા સમજનાર આવ્યો. તેણે બધી તપાસ કરીને જણાવ્યું કે 'તમારા કામદારો બેધ્યાન અને થાકેલા લાગે છે. તેઓ પોતાનું કામ સંભાળવા ઇંતેજાર હોય છે, પણ તેમનામાંથી ધીરે-ધીરે જીવનપ્રવાહ ઓસરી જતો લાગે છે. આખા દિવસમાં સરેરાશ ગરમી ૮૩ ડિગ્રી જેટલી રહે છે અને જોઇતી ઠંડક પ્રમાણમાં ૩૭ ડિગ્રી જ મળે છે. તમે સરેરાશ ગરમીનું પ્રમાણ ૬૦ કે ૬૪ સુધી લાવી દો અને ઠંડક ૪૫ કે ૪૬ ડિગ્રી સુધી વધારો. પછી તમારી ઉત્પન્ન હતી એટલી આવતાં વાર નહિ લાગે.'

હવા સમજનારની સલાહ પ્રમાણે મકાનના દરેક ખાતામાં નવાં હવાબારાં વધારવામાં આવ્યાં. કેટલાંક જમીન પાસે ને કેટલાંક છાપરાં પાસે. એમ કરી હવાની આવજા બરોબર કરવામાં આવી અને આખો દિવસ ૬૦ કે ૬૪ ડિગ્રી જેટલી ગરમી રહે એવું કરવામાં આવ્યું. કોઇ તરફથી પવનનો ઝપાટો ન લાગે છતાં મંદમંદ વાયુ આવ્યા કરે એવી ગોઠવણ થઇ. પાણીની નળી વાટે ૪૬ ડિગ્રી જેટલી ઠંડક મેળવી. થોડા જ વખતમાં નિકાસના નકશા પર રેખા ઉંચી જવા લાગી, કામદારોની ઢીલાશ ઉડી ગઇ અને શેઠ તથા મૅનેજરના મોં પર પાછું હાસ્ય દેખાવા લાગ્યું.

છેલ્લાં વીસ વર્ષમાં વિજ્ઞાનશોધકોએ હવા વિષેની કેટલી યે માન્યતાઓ સુધારી છે. આપણા ઘરમાં હવા કેવી રીતે આવવી જોઇએ તે વિષે પ્રયોગો કરી તેઓ ચોક્કસ નિર્ણય પર આવ્યા છે.

દોઢ સો વર્ષ પહેલાં એવું જણાયું કે શ્વાસ મારફતે હવામાંથી ઑક્સિજન શરીરના લોહીમાં ખેંચાય છે અને લોહીમાંથી કાર્બન ડાયોક્સાઇડ શ્વાસ જોડે બહાર નીકળી જાય છે. આ શોધ પરથી જાતજાતના ભુલભરેલા ખ્યાલ બંધાયા હતા. તેમાંનો એક એવો હતો કે ઑક્સિજન ઓછો મળવાથી નહિ, પણ કાર્બન ડાયોક્સાઇડ વધી પડવાથી બંધ હવાવાળા મકાનમાં ગુંગળામણ થાય છે. અનેક પ્રયોગોથી વિજ્ઞાનશોધકોએ આજે એ વાત તોડી પાડી છે અને સાબિત કર્યું છે કે કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ ઘીચ માણસોના ઘરમાં વધવાથી કશું નુકશાન નથી.

તોપણ હવાની યોગ્ય ગોઠવણ વિના મનુષ્યની તબિયત અને સુખાકારી ઉપર ઘણી જ માઠી અસર થાય છે, અને હવા વિનાની જગ્યામાં ઘણાં માણસો વસતાં હોય છે ત્યારે મૃત્યુ પણ નીપજે છે. પણ એ મૃત્યુનું કારણ કાર્બન ડાયોક્સાઇડ નહિ. પરંતુ ગરમ થઈ ગએલી હવાના બાફનું રોકાણ છે. નાટકશાળામાં, ઑફિસોમાં કે નિશાળમાં ઘણી વાર જે બેભાન જેવી સ્થિતિ જણાય છે તેનું કારણ બફાએલું—ગરમ થઇ ગએલું વાતાવરણ જ છે.

હાલના વિજ્ઞાનમત મુજબ વાતાવરણની ગોઠવણ હવાબારાંથી બરોબર થવી જોઇએ. ફેરનહીટ થર્મોમીટરની ૬૮ ડિગ્રી કરતાં વધારે ગરમ થએલી હવા આરોગ્યને નુકસાનકારક છે. તે ગળા ને નાકનાં પાણી સુકવી નાખે છે, કે જે પાણી જ જાતજાતના રોગોથી આપણને બચાવનારાં છે.

ઓરડાની ગરમી જ્યારે એટલી બધી વધી જાય કે અંદર રહેતાં કે કામ કરતાં માણસોને પરસેવો છુટે, ત્યારે શરીરમાંનું લોહી ચામડી તરફ વધારે ધસી આવે છે ને એટલા પ્રમાણમાં સ્નાયુની શક્તિ ક્ષીણ થાય છે તથા હૃદયને વધારે કામ કરવું પડે છે. આમ હૃદય ઉપર વધારાનો બોજો પડવાથી તે મગજ અને સ્નાયુઓને લોહી પહોંચાડી શકતું નથી કે જ્યાં લોહીની ખાસ જરૂર હોય છે.


ન્યૂ યૉર્કના હવાખાતાના વિજ્ઞાનશોધકોએ ઠરાવ્યું છે કે જ્યાં ૬૬ કે ૬૭ ડિગ્રી જેટલી ગરમી અને ૫૦ ડિગ્રી ઠંડી હવા સામાન્ય રીતે રહ્યા કરતી હોય તેવી જગ્યા આદર્શ ગણવી. શારીરિક શ્રમવાળું કામ ચાલતું હોય તે મકાનમાં તેથી પણ ઓછી ગરમી રાખવી.

આટલા માટે હવા હરતીફરતી રહે અને દર પળે વાતાવરણમાં જરાતરા ફેરફાર થયા કરે તેવી યોજના કરવાની જરૂર છે. આ રીતે શરદી કર્યા વિના શરીરને ઠંડું રાખી શકાશે અને ચામડીને એક જાતનું ચેતન મળ્યા કરશે. સાવ બંધ હવાવાળા સ્થાનમાં આ નથી બનતું. માત્ર હવાબારાંને જ અભાવે નહિ પણ ઘણી વાર સંચાનાં રજીસ્ટરો કે રેડિયેટરોથી પણ હવા તપી જાય છે. હવાનું માપ બરોબર જાળવવાને થર્મોમીટર જેવું બીજું કોઇ સાધન નથી.

રહેવાના ઓરડામાં યોગ્ય રીતે હવા લાવવાની કળાનો મુખ્ય નિયમ એ છે કે, ઓરડામાં ચારેકોરથી હવા જાઆવ કરે એવી બેવડી બારીઓ રાખવી. ભીંતની નીચે બારી હોય તો મથાળે પણ હોવી જોઇએ; જેથી ગરમ હવા પાતળી થતાં ઉપરથી નીકળી જાય અને નવી ઠંડી હવા નીચેની બારીમાંથી આવે. ઘરમાં ઉંચે કે નીચે એકાદ બારી મુકી દીધી એટલે હવાની ગોઠવણ થઇ ગઇ એમ ન માનવું. કોઇ બીજા માર્ગેથી જેટલી હવા ઓરડાની બહાર નીકળશે તેટલી જ બીજી હવા તેમાં પ્રવેશ પામશે. બારી મુકતાં આટલી વાત ભુલશો નહિઃ ઠંડી હવા ગરમ હવા કરતાં ભારે હોય છે એટલે તે નીચેથી જ આવે છે. એક મોટી બારી મુકો તો તેને ઉપરનીચે બે બારણાં રાખજો, જેથી બહારની હવા નીચેથી દાખલ થાય અને અંદરની હવા ઉપરથી નીકળી જાય.

હવાની આવજા માટે આ પ્રમાણે રાખેલી સગવડવાળાં મકાનોમાં વસનારાં સદા નીરોગી, ઉત્સાહી અને સચેતન રહ્યા કરે છે. (અંગ્રેજી ઉપરથી)

આંબો



ચૈત્ર તથા વૈશાખ મહિનામાં આંબાને મ્હોર બેસે છે ને ફળ આવે છે. આંબાની ઘણી જાતો થાય છે: હાફુસ, પાયરી, માલગુબા, દિલપસંદ, ફજલીલેવા, બડા જોડ બંધ, છોટા જાલે બંધ, અમીરકોલા, મોહનભોગ વગેરે. કાઠિયાવાડ, ગુજરાત, ગોવા, વગેરે સ્થળે આંબા થાય છે.

આંબાની જાતો પૈકી હાફુસ, પાયરી અને માલગુબા અતિ સ્વાદિષ્ટ જાતો છે. તેમાં રેસા હોતા નથી અને ચીરો કરીને ખવાય છે. બીજી જાત રસની કેરીઓની થાય છે અને તે મોટે ભાગે કાઠિયાવાડ તથા ગુજરાતમાં થાય છે.

આંબાનાં પાન, મ્હોર, ફળ, છાલ અને મુળ, બધી ચીજો ઉપયોગમાં આવે છે. આંબાની છાલ અને તેનાં મુળ સુગંધી અને સ્વાદમાં તુરાં હોય છે. એ બંને શીત ગુણવાળાં (રક્તને બંધ કરનાર) અને રૂચિ ઉત્પન્ન કરનાર છે. લોહીવા તથા ઝાડા ઉપર તે બંને દવા તરીકે વપરાય છે. આંબાનો મ્હોર પૌષ્ટિક છે અને ભુખ પણ ખુબ લગાડે છે. ઝાડાના રોગ ઉપર તે દવા તરીકે વાપરવામાં આવે છે.

આંબાનાં પાંદડા સ્વાદમાં તુરાં પરંતુ મ્હોર જેટલાં જ ગુણકારી છે અને ત્રિદોષને મટાડે છે.

આંબાના નાના મરવા તુરા અને ખાટા લાગે છે. પાંદડાં કરતાં તેનામાં એક વધારે ગુણ કંઠ સાફ કરવાનો છે.

કાચી કેરી ખાટી હોવાથી વાત, પિત્ત તથા કફ એ ત્રણે રોગો ઉત્પન્ન કરે છે. તેની ગોટલી શીતલ અને પાચક છે અને તેનાથી અતિસાર મટે છે. પાકી કેરીનો રસ ખાવાથી શરીરમાં લોહી વધે છે ને બળ આવે છે. તેનાથી હૃદયને પણ ફાયદો થાય છે. તે જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે, વીર્યની વૃદ્ધિ કરે છે, પ્રમેહ મટાડે છે, મનને આનંદ આપે છે અને શરીરનો વર્ણ સારો કરે છે તોપણ તેનો અતિ ઉપયોગ કરવાથી શરીર બગડે છે. કેરીના રસ સાથે દુધનું અનુપાન વિશેષ લાભકારક છે. આંબાના રસને સુકવી તેની પાપડી બનાવવામાં આવે છે. તેનાથી તરસ, ઉલટી અને વાતપિત્ત મટે છે. આંબામાં આટલા બધા ગુણો હોવાથી તેને કલ્પવૃક્ષ કહેવામાં આવે છે.

શકના હો તો વિષયની જરા યે મુશ્કેલી અહીં નહિ પડે. અમે તો મોટી ડિગ્રી પાછળ પડેલા તેમાં જરા મુંઝાવું પડે છે. બાકી તમે જો ફક્ત કામ શીખવાની જ દૃષ્ટિએ આવના હો તો અહીં ક્ષેત્ર બહોળું છે. ત્યાંથી મૅટ્રિકનું સર્ટિફિકેટ હોય તો પણ ઘણું જ. નહિ તો જે ધંધો શીખવો હોય તેના કોઈ કારખાનામાં છએક માસ કામ કર્યું છે એવું પ્રમાણપત્ર હોય તો પણ બસ. ટુંકામાં બધી સગવડ છે, જરા યે મુંઝાશો નહિ.

જર્મનીમાં જે હુન્નરની શાળાઓ છે એનું એક લિસ્ટ જોઇને જ હું તો છક્ક થઇ ગયો ! કયા ધંધા માટે તમારો ખાસ વિચાર છે તે લખો તો પછી એ બાબત આગળ માહીતી આપું.અહીંથી Prospectus મોકલું તે તો નકામાં, કારણકે તે ફક્ત જર્મન ભાષામાં જ હોય છે. એક વિષય નક્કી કરી લખો તો તમે માગો તે બધી માહીતી આપું. નહિ તો પણ લાંબીપહોળી પચાત કર્યા વિના ચાલ્યા જ આવો. ચામડાં કેળવવાનો કે એવો કોઇ ધંધો શીખવો હોય તો પણ બહુ અવકાશ છે.

હું પણ હવે તો આ યૂનિવર્સિટીના વધારે પડતા અભ્યાસના ક્રમથી કંટાળું છું, કારણ કે એ ધ્યેય નથી. હિંદીને માટે તો ફક્ત વ્યવહારૂ જ્ઞાન જ ધ્યેય હોઇ શકે. મારી પાસે ઠીક માહીતી ભેગી થઇ હોવાથી હું પણ હવે ત્રણેક માસમાં મારા કાર્યપ્રદેશમા કેટલોક ફેરફાર કરવા ધારૂં છું. ”

વઢવાણનું યુવકસંમેલન

જે તા. ૨૧-૨૨-૨૩મી મેએ ભરાવાનું હતું તે દિવસો બદલાઇને તા. ૨-૩-૪ જુન રાખવામાં આવી છે. પ્રમુખસ્થાન પહેલે દિવસે વઢવાણના ઠાકોર સાહેબ, બીજે દિવસે રા. બા. મણિશંકર રતનરામ ત્રિવેદી તથા ત્રીજે દિવસે વઢવાણના દીવાનસાહેબ ભીમજીભાઈ જોશી લેશે.






નવાં પુસ્તકો

અક્ષરતત્વ : લેખક–પ્રકાશક, ગૌરીશંકર ભટ્ટ, મસવાનપુર–કાનપુર; કીમત ૦–૮–૦

આ અતિ ઉપયોગી અને સુંદર પુસ્તિકાના રચનાર મહાશય શ્રી. ગૌરીશંકર ભટ્ટને અમે ખુબ ધન્યવાદ આપીએ છીએ. બાળબોધ લીપીના સુંદર મરોડ અને ધોરણ સમજાવતાં લગભગ પચાસ સચિત્ર પાનાનું ‘કુમાર’ જેવડું પુસ્તક દરેક શાળાને, દરેક પુસ્તકાલયને અને સંસ્કૃત પાઠશાળાને જરૂરનું છે. માત્ર આઠ આના કીમત રાખી તેમણે હિંદી પ્રજા ઉપર ઉપકાર કર્યો છે. એ પુસ્તકની પ્રસ્તાવનાનો થોડો ભાગ તેમના જ શબ્દોમાં અહીં આપીશું.

‘ પ્રાય : સતાવીશ વર્ષથી હું દેવનાગરી અક્ષરોના આકાર નિયમિત કરવા મથી રહ્યો છું. એટલા વખતના મારા પ્રયત્નો



અક્ષરતત્ત્વ પુસ્તકમાંનાં ચાર પાનાં

હિંદીપ્રેમીઓથી છુપા નથી. મારો ઉદ્યોગ નિષ્ફળ નથી ગયો એથી મને આનંદ થાય છે અને હિંદી હિતૈષીઓએ મારી સેવાને સાદર સ્વાગત આપ્યું છે.

દેવનાગરી અક્ષરોનો જન્મ હિંદી લેખણીમાંથી થયો છે, તેથી પૂર્વે કાળના સેંકડો વર્ષો સુધી લહીઆઓ કલમથી અક્ષરોનું સૌંદર્ય વધારતા આવ્યા છે. આથી દેવનાગરી લીપીના સૌંદર્યનું રહસ્ય હિંદી લેખણીના અન્તઃસ્તલમાં સુરક્ષિત છે. કલમની બનાવટથી થએલા અક્ષરો કરતાં પેન્સિલ કે હોલ્ડરથી નીકળતા અક્ષરો મનમાન્યા સુંદર થતા નથી. આથી ભૌમિતિક વિધિથી કરતાં છતાં કલમનો લાગ અને લખાવટ બદલવી ન પડે અને કલમનો સિદ્ધાંત નષ્ટભ્રષ્ટ ન થઇ જાય એવા ધોરણ પર મેં મારૂં કાર્ય રચ્યું છે.'

સુલેખન ઉપર 'કુમાર'ના પહેલા વર્ષના દીવાળીના અંકમાં એક લેખ આવી ગયો છે. તેમાં ગુજરાતી અક્ષરો સુંદર અને મરોડદાર ઢબથી લખવા વિષે વિસ્તૃત સૂચનાઓ છે. પણ દેવનાગરી લીપી આખા હિંદુસ્તાનની સર્વસામાન્ય લીપી હોવાથી તેની સુંદર ઢબ જાણવાને આ પુસ્તક જેવું કોઇ સાધન અમારી નજરે પડયું નથી.

સત્યવીર શ્રદ્ધાનન્દઃ સંપાદક, ઝવેરચંદ મેઘાણી; પ્રકાશક, અમૃતલાલ દ. શેઠ, રાણપુર; કીં. ૦-૮-૦

હિન્દુ ધર્મના એ શહીદે પોતાના અરધા જીવનની જાતે લખેલી 'કલ્યાણમાર્ગ કા પથિક' નામની આત્મકથામાંથી તથા ત્યાર પછીના એમના જીવનના પ્રસંગો બીજાં પુસ્તકો અને લેખોમાંથી ચુંટીને કરવામાં આવેલો આ સંગ્રહ જ્વલંત ચારિત્ર્યની દીપ્તિથી પ્રકાશમાન છે. આઠ આના ખરચી શકે એણે એ જરૂર વસાવવો: બીજાઓએ પણ વાંચી તો અવશ્ય જવો, એવી અમારી ભલામણ છે. વાનગી તરીકે એક પ્રસંગ આ અંકની માધુકરીમાં આપ્યો છે.

જ્વાલાઃ લેખક, સ્વ. ટપુભાઇ વસાણી; સંપાદક, છેલશંકર દયાશંકર વ્યાસ; પ્રકાશક, ભરતલાલ વી. ભટ્ટ, લાલભુવન મુ. ટાણા (શિહોર થઇને); કીમત ૧-૪-૦, પણ પ્રકાશક પાસેથી ઘટાડેલી કીમત ૦-૧૨-૦માં મળશે. પોસ્ટેજ જુદું.

'કુમાર'ના ૩૫મા અંકમાં જે તેજસ્વી યુવાન સ્વ. ભાઇ ટપુભાઈ વસાણીની જીવનરેખા આપી હતી એમનાં કુમાર-વયનાં અપ્રસિદ્ધ લખાણોનો આ સંગ્રહ છે. એમાં તેજસ્વી યુવાનના પ્રાણ અને જોમ છે; દેશને માટે જીવન જીવવાની અભિલાષા છે. ઉગતી આશાવાળા અકાળે આથમેલા એ યુવાન બંધુના સ્મારક સમા આ પુસ્તકને સૌ યુવાનોએ અપનાવવું જોઈએ.

તારામંડળઃ સંપાદકો, આશાભાઈ ન. પટેલ અને ચન્દ્રશંકર મ. ભટ્ટ; પ્રકાશક, પુસ્તકાલય સહકારી મંડળ લિ. વડોદરા; કીમત ૦-૬-૦.

'બાલમિત્ર'માં છુટી છવાઈ પ્રગટ થઈ ગએલી ૧૯ વાર્તાઓનો ૧૦૦ પાનાંનો આ સચિત્ર અને સુંદર સંગ્રહ અમે એક બાલ મિત્રને જ અભિપ્રાય માટે વાંચવા આપેલો. એ લખે છે કે 'તમે વાંચવા આપેલી ચોપડી હું બહુ જ રસપૂર્વક વાંચી ગયો. આમાં બધી આવી ગએલી વાર્તાઓ છે. પણ મને બહુ જ ગમી છે. જેણે નહિ વાંચી હોય તેને તો મારા કરતાં વધારે ગમશે. આમાંથી ગાંધુ જઇને ગાભા રહ્યા, પાંચમારખાં, પાન્તા ડોશી, અક્કલ મૂર્ખો, કરે તેવું પામે, વાંદરો, ટપ તેર નવ કેમ ?—આટલી વાર્તાઓ મને બહુ જ ગમી છે.'

અમે તો હવે બીજો શો અભિપ્રાય આપીએ? જો 'બાલસાહિત્યમાળા'નું આ પ્રથમ પુસ્તક છે એ માળા ભવિષ્યમાં વધુ સારાં પુસ્તકો ગુજરાતનાં બાળકોને આપે એવું ઈચ્છીએ છીએ.

પાપીની દશાઃ (સચિત્ર) લેખક, ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ; પ્રકાશક, સાકરલાલ બુલાખીદાસ બુકસેલર, રીચીરોડ અમદાવાદ; ૦-૬-૦.

મહાત્મા ટૉલ્સ્ટૉયની 'ફૉર્ટી ઇયર્સ' નામની વાર્તાનો આપણા જીવનને અનુરૂપ બનાવેલો આ અનુવાદ ચિત્રો સાથે 'નવચેતન'માં કટકેકટકે છપાયો હતો. અનુવાદક આપણા જીવનના સહૃદય નિરીક્ષક અને ટૉલ્સ્ટૉયના પ્રશંસક છે એટલે એને સંપૂર્ણ ન્યાય આપ્યો જ હોય. સહેલી સાદી ભાષામાં લખેલી આમવર્ગની આ વાર્તા આમવર્ગને ગમી જાય એવી છે.

સાહિત્યનો વિકાસ કેમ થાય? લેખક, ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ; પ્રકાશક, ગુજરાત સાહિત્ય સભા અમદાવાદ. ગુજરાત સાહિત્ય સભાની ૨૪મી વાર્ષિક સામાન્ય સભા વખતે ઉપપ્રમુખ તરીકે કરેલું ભાષણ.

ક્ષય એટલે શું? લેખક, ડૉ. પ્રાણજીવન માણેકચંદ મહેતા; પ્રકાશક, છગનલાલ પ્રભુદાસ શાહ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ; કીં. ૦-૨-૦

'ક્ષયને નાબુદ કરો' નામથી 'સૌરાષ્ટ્ર'માં ક્રમશઃ પ્રકટ થતી ચેલી ઉપયોગી લેખમાળાનો આ સંગ્રહ છે. ભુખ અને દુઃખથી પીડાતા આ દેશને, દુર્ભાગ્યે, ક્ષયનું નામ બહુ પરિચિત છે. પહેલાં જે માત્ર રાજરોગ ગણાતો તે અત્યારે પોતાનો કરાળ પંજો સામાન્ય જનતા પર પસાર્યે જાય છે; એવે સમયે વ્યવહારૂ સૂચનાઓ અને ઈલાજો વિસ્તૃત સ્વરૂપમાં સમજાવતી જુજ કીમતની આ ચોપડી જનતાને આશિષ સમાન થઈ પડશે.

અર્ઘ્યઃ (કવિશ્રી ન્હાનાલાલના રસચરણે) લેખક અને પ્રકાશક, ચતુરભાઇ શંકરભાઇ પટેલ, ઠાકોર; કીં ૦-૧-૦

જુવાન ગુજરાતે જે ગણ્યાગાંઠ્યા સારા કવિઓ હસન કર્યા છે તેમાં ભાઈ ચતુરભાઇ પટેલનું ચોક્કસ સ્થાન છે.

ઘણા વખતથી એમનો પરિચય ક્રમશે આગળ અમને મુકવાની હોંસ છે. એ બાર આવે તે પહેલાં, કવિ નાનાલાલના સુવર્ણ જન્મોત્સવ પ્રસંગે એમણે અર્પેલો આ અર્ધ્ય-સુંદર ને ભાવભર્યો-વાંચી જવાની તો સૌને ભલામણ કરીએ છીએ.

મહાગુજરાતનો મહાકવિ: લેખક, કેશવ હ. શેઠ; પ્રકાશક, રતિલાલ એસ. કોઠારી, અમદાવાદ; કી. ૦-૩ ૦.

હજુ બે જ માસ પહેલાં 'અંજલિ'ની પિછાન સાથે શ્રી કેશવ શેઠની પિછાન વાચકોએ કરી છે. કવિ નાનાલાલ માટે એમને ખુબ ભાવ છે, એટલે કવિશ્રીના જન્મસુવર્ણ-મહોત્સવ પ્રસંગે પ્રકટ કરેલી આ પ્રશસ્તિ એ ભાવથીની હોય જ.

નૈવેદ્ય: (કવિશ્રી નાનાલાલના કવનમાંથી ચુંટણી) પ્રકાશક, નાનાલાલ જન્મસુવર્ણમહોત્સવ પ્રકાશન સમિતિ, અમદાવાદ.

જનોઇ: લેખક, હરિશંકર વિદ્યાર્થી; પ્રકાશક, ભાનુશંકર શર્મા, મલાડ; કી. ૦-૪-૦

સ્વ. ચુનીલાલ શાહનાં સ્મરણો: લેખક અને પ્રકાશક, જેકીશનદાસ વ્રજભુખણદાસ વેપારી, સુરત; કી. ૦-૪-૦

વેપારી શાહબર: પ્રકાશક, પીરભાઇ વી. વઢવાણિયા: પાલેજ; ૧-૪-૦

શરીરવિકાસ લેખમાળા: મણકો ૧ લો; લેખક, સ્વામીરાવ; ગણેશ ક્રીડા મંડળ ભાવનગર: ૦-૪-૦

શ્રી ગણેશ ક્રીડામંડળ (ભાવનગર)નું પંચવાર્ષિક પ્રતિવૃત્ત (રીપોર્ટ).

ભગિની સમાજ: (૧૧મો વાર્ષિક વૃતાંત) પ્રકાશક, ભગિની સમાજ પ્રકાશન મંદિર, મુંબાઇ.

ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદનો વાર્ષિક વૃતાંત.

નાગર યુવકસંઘ, પ્રથમ અધિવેશન, માણસાનો ટુંક વૃતાંત


શ્રી. ઉત્તર ગુજરાત યુવક મંડળ, પાટણ અને ડૉ. પંડયા અભ્યાસગૃહનો રીપોર્ટ.

ભીલ સેવા મંડળ, દાહોદનો વાર્ષિક અહેવાલ.

શ્રી સરસ્વતિ પુસ્તકાલય, અમદાવાદનો નવમો રીપોર્ટ.

હિન્દુ અનાથ આશ્રમ—નડિયાદનો વાર્ષિક રીપોર્ટ;

શ્રી વીરતત્ત્વ-પ્રકાશક મંડળ-શિવપુરીનો સાતમો વાર્ષિક રીપોર્ટ.



નવાં સામયિકો

છાત્રાલય: (છાત્રાલય મંડળ તરફથી પ્રગટ થતું માસિક) તંત્રી: નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ, છાત્રાલય કાર્યાલય, શ્રી દક્ષિણામૂર્તિ ભવન, ભાવનગર; વાર્ષિક લવાજમ રૂા. ૧.

એક રૂપિયા જેવા અત્યંત સસ્તા લવાજમમાં માસિક પત્રિકાઓ કાઢવાની જે અતિ પ્રશંસનીય પ્રવૃત્તિ શ્રી દક્ષિણામૂર્તિએ કાઢી છે, તેમાં આ નવું માસિક બહુ જ ઉપયોગી ઉમેરો કરે છે. લખાણ ટુંકું, મુદ્દાસર અને સોંસરું ઉતરી જાય એવું; છપાઈ સાદી, અને સુઘડ,—એવાં વીસ પાનાંના આ સસ્તા માસિકને એકેએક શાળા, બોર્ડિંગ, લાયબ્રેરી અને કુમાર ઉત્તેજન આપે એવું અમે ઇચ્છીએ છીએ.

વીર: ગુજરાતના સ્કાઉટનું માસિક; તંત્રી-પ્રકાશક ગુણવંતરામ બી. ભટ્ટ, સ્કાઉટ ઑર્ગેનાઇઝર ઉત્તર વિભાગ, વીર કાર્યાલય, જ્ઞાનોદય પ્રેસ, ભરૂચ. વાર્ષિક રૂા. ૧-૮-૦

સ્કાઉટિંગ જેવી પ્રશંસનીય પ્રવૃત્તિ જે ઝડપથી આપણે ત્યાં પ્રસરતી જાય છે તે જોતાં સ્કાઉટિંગના માસિકની આપણે ત્યાં જરૂર છે જ. અમે ઈચ્છીએ છીએ કે આ માસિક તેની ખોટ પુરે.

છાત્રતેજ: સુરત સાર્વજનિક હાઈસ્કુલ તરફથી પ્રગટ થતું ષણ્માસિક (છ માસિક નહિ?) વિદ્યાર્થી તંત્રીઓ: મન્મથ બી. પાઠક, કે. બી. દેસાઇ; પ્રકાશક, નૃસિંહગિરિ મહેતા. વિદ્યાર્થીઓના ગુજરાતી તથા શિક્ષકોના અંગ્રેજી લેખો આમાં સંઘરાયા છે. અંદર સ્કાઉટિંગનો નાનકડો વિભાગ છે. બાકી બધું 'સાહિત્ય' છે—વાર્તાઓ, કાવ્યો. અમે ઇચ્છીએ છીએ કે વિદ્યાર્થીઓનું 'સાહિત્ય' આટલું સાંકડું ન થઇ જાય. ઇતિહાસ, ભૂગોળ વિજ્ઞાન, કલા, હુન્નર-ઉદ્યોગ વગેરે અનેક ક્ષેત્રોનાં સાહિત્યો અણખેડાએલાં અને ઉગતા લોહીની રાહ જોતાં પડયાં છે.


જ્ઞાનલીલા

ફાગણની જ્ઞાનલીલાના આવેલા ઉત્તરોમાંથી બધા પુરા સાચા તો આ બે ભાઇઓના જ છે. (૧) છોટાલાલ નરસિંહભાઈ પટેલ, અંબેટા. (૨) ડૉ. બહાદુરભાઇ, રંગુન. ઇનામ એમને મોકલાશે. નીચેના નવા સવાલોના ઉત્તર જેઠ સુદ પાંચમ સુધીમાં પહોંચવા જોઇએ. ખરા જવાબો નીચે મુજબ: (૧) પાંચ કહેવતો: ઉલટો ચોર કોટવાળને દંડે; ખોદવો ડુંગર ને કાઢવો ઉંદર; ઘાંચીનો બેલ ફરીફરીને ત્યાંનો ત્યાં; વગ તેનો પગ; કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં. (૨) કાગળના ટુકડાઓ જોડીને બનાવેલો કાચબો નીચે.



(૩) કવિતાની લીટી: ઘડી જાયે ભલાઈની મહા લક્ષ્મી ગણી લેજે. (૪) ૧૪૨૮૫૭ (૫) પહેલા બિલની રકમ, ૯ રૂા. ૯ આ. ૯ પા; બીજા બિલની રકમ, ૧૨ રૂા. ૬ આ. ૩ પા. (૬) નકશામાં.

નવા સવાલ



(૧) જોડેના છ વિચિત્ર ટુકડાઓમાં એક બાળક સંતાએલી છે; શોધી મોકલો. (૨) 'કુમાર'ના આગલા એક અંકમાંની કવિતાની કડી બીબાં ગોઠવનારે સેળભેળ કરી નીચે પ્રમાણે ગોઠવી હતી. તમે તે કઇ છે તે જાણી શકશો ?

રાગશુ માણુ છે રનો રનો, જેમ હિર કાકાનું યનેન !
હેમ કમર પસ્તપ કીય મુલું, ખેમ સ્વી રાજો નુંનેના !

(૩) ૧૧૧ ૩૩૩ ૫૫૫ ૭૭૭ ૯૯૯ બાજુની પાંચ રકમોમાંથી એવા નવ આંકડા કાઢી નાખો કે જેથી બાકી રહેલી રકમોનો સરવાળો ૧૧૧૧ થાય. (૪) જાપ, સહેલું, સુખડ, તેજના, તેહરાન, મર્યાદા— આ છ શબ્દોમાંથી વધારાના અક્ષરો કાઢી નાખી બાકી રહેલા અક્ષરો સીધી લીટીમાં ગોઠવશો એટલે તેમાંથી એક જાણીતું વાક્ય નીકળશે. (૫) એવો કયો શબ્દ છે જેમાં છત્રીસે અક્ષરો આવી જાય છે ?

સા	ક	ર
મ	ગ	જ

(૬) ડાબી બાજુએ બતાવેલા કોઠા મુજબ, દર વખતે એકેક અક્ષર ફેરવીને 'સાકર'માંથી 'મગજ' બનાવી દો. (૭) નીચે આપેલા અર્થ પ્રમાણેના ત્રણ અક્ષરનો એક એવા ત્રણ શબ્દોનો એક શબ્દચોરસ બનાવો, જેની લીટીઓને આડીઊભી ગમેતેમ વાંચતાં એકસરખી વંચાય : (૧) એક ઝાડ (૨-૩) એકેક ફુલ.

પરીક્ષા પછી

પરીક્ષાઓ પુરી થયા પછી વિદ્યાર્થીઓ શું કરે છે? સારો નંબર રાખતા વિદ્યાર્થીઓ પણ ગંજીપા ને સોગઠાંબાજીની આસપાસ કુંડાળાં બાંધી બેસે છે, ખુબ ઉંઘે છે, અથવા નકામી વાતોમાં જ વખત કાઢે છે.


વિદ્યાર્થી સાત અંગ્રેજી પુરી કરે એટલા વખતમાં તેને મળતી રજાઓનો કોઇ બરોબર હિસાબ કરી ઉપયોગ કરે તો તે એકાદ બે નવી વિદ્યાઓ પુરી શીખી લઇ શકે, અથવા સારા યે હિંદુસ્તાનનો પ્રવાસ કટકેકટકે પુરો કરી લઇ શકે અથવા કોઇ નવા હુન્નરઉદ્યોગનો પાકો પરિચય મેળવી શકે. કંઇ નહિ તો પોતાના જ ગામ કે પાળમાં એકાદ સારૂં સેવાકાર્ય ઉઠાવી શકે. આમાંનું કેટલું આપણે થતું જોઇએ છીએ !

આપણે તો સૌ કબુલ કરવું જોઇએ છીએ કે વિદ્યાર્થીને રજાઓમાં ઘરના પુસ્તકો પણ સાફસુફ કરી વરસમાં એક વાર તડકો આપી પાછાં વ્યવસ્થિત કરવાનું સુઝતું નથી. તે ધારે તો કેટલાંક પુસ્તકોને પુંઠાં ચડાવી, ફાટેલાં સમાં કરી ઘરમાં પચીસપચીસ રૂપિયાનો ઉગારો કરી શકે. નાનાં કે મોટાં હરેક કામમાં મનની શક્તિઓ કેળવાય છે એ વાત ભુલવાની નથી. વિદ્વાનનો લેખ જે સેવા કરી શકે તેનાં કરતાં કોઇ વહીવટ કરનાર, ઇજનેર કે કારીગર ઓછી સેવા કરે છે એવું માનશો નહિ. કામ અને સેવાથી તમારી જાતને વધુ ને વધુ ઉપયોગી અને ઉદ્યોગી કરતા જશો તેમતેમ જગતમાં તમારી કીમત વધશે જ. તમારી કીમત જાતે આંકવા જતાં તમે મૂર્ખ બનવાના. તમારી જરૂરિયાત જ તમારી કીમત અંકાવશે.

તમારી બુદ્ધિની કસોટી

વાળી ઈનામી હરીફાઇ જે પોષમાં પ્રગટ થઇ હતી તેનાં ગયા અંકમાં જાહેર થએલાં બે ઇનામો જીતી જનારાઓએ જે ચિત્રો ગોઠવી મોકલ્યાં હતાં તે નીચે આપ્યાં છે. કુકડો ભાઈ મગીભાઈ જેઠાભાઇ પટેલે ગોઠવી મોકલ્યો છે; નીચેનો ઘોડો નેમચંદ ડુંગરશી શાહે ગોઠવેલો છે.







માધુકરી

જો યજ્ઞવેદિ મંડારો,
ને આર્યકુળ હોમાશે.
તો આહૂતિ દૈવી થાશે,
ને નૂતન હિંદ રચાશેઃ
ભલી ત્યારે ભારત માત રૂપે રળિયાત ક્ષણેક્ષણ ખીલશે,
આદેશ, આશિષો, રાજહંસ શો આર્યવંશ તવ ઝીલશે.
—કેશવ હ. શેઠ

રાષ્ટ્રવીર શિવાજી મહારાજ

પુનાની પશ્ચિમે, અરબી સમુદ્રને બરાબર સમાન્તરે, પશ્ચિમ ઘાટને નામે ઓળખાતી આશરે ૯૦ માઇલ લાંબી અને ૧૨થી ૨૪ માઇલ પહોળી ડુંગરાઓની એક લાંબી હાર દોડી જાય છે. એ ડુંગરાઓની કુદરતી રીતે જ એવી ગોઠવણ થએલી છે કે આસપાસનો માવળ દેશ એક અભેદ્ય કિલ્લેબંદી બની જાય છે. આજથી આશરે ૨૮૨ વર્ષ પહેલાં ફનાળાની એક સાંજે અઢાર વર્ષનો જુવાન ઘોડેસવાર, પશ્ચિમ ઘાટની એ ડુંગરમાળ ઉપર પોતાનો પાણીપંથો ઘોડો દોડાવ્યે જતો. આથમતા સૂર્યના ઘેરા લાલ રંગનાં કિરણોથી રંગાઈ ઘડીભર આકર્ષક બનતો આસપાસનો તળેટીનો મુલક, એ અતિ ઝીણી નજરે જોઇ રહ્યો હતો. એ સૂક્ષ્માવલોકનની સાથેસાથે, તેના મનમાં ભવિષ્યના કાર્યની સ્પષ્ટ યોજના ઘડાયે જતી હતી. ઠીંગણા બાંધાનો, બાંધી દડીનો, પશ્ચિમ ઘાટની વેરાન, પહાડી જમીનના રંગ જેવા વર્ણનો, માથે ફટકું બાંધેલો અને કેડે લાંબી સીધી તલવાર ધારતો, કોઇ અસામાન્ય તેજથી ચમકતી ઉંડી આંખોવાળો એ જુવાન, એ ઘડીએ તેની કલ્પનાની પાંખોને છુટ્ટી મુકી દઈ, અનેક મનોરથો ઘડતો હતો અને સાથેસાથે તલવાર ઉપર હાથ નાખી તે મનોરથોને સિદ્ધ કરવાનો નિરધાર રચતો હતો. યુરોપના ઇતિહાસમાં અમર બની ગએલા સ્પાર્ટાની આબેહુબ પ્રતિકૃતિ સમા મહારાષ્ટ્રના આ પ્રદેશમાં ઉભો-ઉભો તે મોગલોના પાટનગર આગ્રા ઉપર હલ્લો કરી 'હિન્દની સ્વરાજ્ય 'નો ઝુંડો ફરકાવવાનાં સ્વપ્નો જોતો હતો. ભારતવર્ષની માટીમાંથી પાકેલા અને ભારતવર્ષનાં અન્નજળથી પોષાએલા ભારતવર્ષના પુત્રોનું ફરી વાર સામ્રાજ્ય સ્થાપવાના જીવનકર્તવ્યનો જાણે તેને સાદ સંભળાતો હતો. એવાં સ્વપ્નો જોનાર અને એવા મનોરથો ઘડનાર અઢાર વર્ષનો એ જુવાન તે આપણા શિવાજી મહારાજ. એ સ્વપ્નો અને મનોરથોની સિદ્ધિ પાછળ તેણે આખી જીંદગી કુરબાન કરી દીધી. નેપોલિયનના અપૂર્વ યુદ્ધકૌશલ્યથી અને ગેરીબાલ્ડીના અદ્વિતીય સ્વદેશપ્રેમથી, અંગના પરમાણુએ પરમાણુમાં હિન્દુત્વનું અભિમાન અનુભવતા એ યોદ્ધા-રાજપુરુષે તેનું સ્વરાજ્યનું સ્વપ્ન સાચું કર્યું અને ભારતીય ઇતિહાસનો આખો ક્રમ બદલી નાખ્યો.

શિવરાજ મહારાજના બે પ્રથમ ગુરુઓ એમનાં માતપિતા: શાહજી ને જીજીબાઈ. શાહજી સિંહાદ્રિની શિલા સમા હતા, વજ્રના વીર; મહારાષ્ટ્રના બ્રાહ્મણ વંશના ઈસ્લામી નરેશોના સરદાર; ગૌરવવન્તા, સ્વમાનવન્તા, ટેકીલા ને રજપુત સમા કરડા સમશેરિયા. શિવાજીનાં માતુશ્રી જીજીબાઈ દેવગિરિનાં હતાં. એમણે તો શિવાજીને જીવનભર પ્રેરણા પાઇ અને આશિષ વર્ષાવતાં છત્ર સમાં બની રહ્યાં. અંતે પુત્રનો રાજ્યાભિષેક નિરખી, જીવનયજ્ઞની જાણે પૂર્ણાહૂતિની આરતી ઉતારી, જગતભરમાં ડંકો ગજાવી, જીજીબાઇ મોક્ષમાર્ગે સંચર્યાં.

શિવરાજ મહારાજના ત્રીજા ગુરુ સ્વામી રામદાસ; જેમણે એમના હિંદુત્વના અભિમાનને પોષ્યું ને પ્રોત્સાહન દીધું.

શિવરાજની કર્મલીલા મહારાષ્ટ્રમાં ભજવાઇ. શિવરાજના ભગવા ઝંડા નીચે ઉભી એ સ્વરાજ્યયુદ્ધમાં સાથ પુરવાનું માન વિધિએ એક મરાઠાઓને જ આપ્યું. પણ એટલા માટે કોઇ શિવરાજ એકલા મહારાષ્ટ્રની જ મિલ્કત બની શકે છે? શિવરાજના વડવાઓ રજપુતાનાના રક્ષણહારો હતા, અને એ ક્ષત્રિય કુળ મુળ તો ગુજરાતમાંથી મેવાડ તરફ સંચરેલું એ દાવે શિવરાજને કંઇ એકલા ગુજરાતની પુંજી કહી શકાય કે? એ આંક ખોટા છે; એ મૂલ્ય અધુરાં છે. જગત સમસ્તની વાત ન કરીએ તો યે શિવરાજ અખિલ ભારતવર્ષની પુંજી છે. પંજાબ, બંગાળ, મહારાષ્ટ્ર, મદ્રાસ,

ગુજરાત અને રજપુતાના: એ તમામ પ્રાન્તોના, પ્રાન્તીય નહિ પણ રાષ્ટ્રીય દોલત છે. શિવરાજ આખી હિન્દી પ્રજાની–હિન્દુ, મુસ્લીમ, શીખ, વગેરે તમામ કોમોની સંપત્તિ છે.

શિવરાજનું જીવન એવું ભવ્ય છે અને તેનાં કાર્યોમાં એવી પ્રબળ રાષ્ટ્રભાવના, એવી વિશુદ્ધ ધર્મભાવના, એવી પૂનિત કર્તવ્યભાવના ઝળહળે છે કે ભારતવર્ષ એને ભારતવીર તરીકે ન આરાધે તો પોતે જ ગુમાવે; શિવરાજ કે મહારાષ્ટ્ર નહિ; હિન્દુજાતિ કે હિન્દુ ધર્મ નહિ. અને ત્રણત્રણ સદીઓથી ભારતવર્ષ કોને પૂજે છે? એ દેહધારી શિવાજીની વ્યક્તિને કે એની સમશેરને? એ એકકેને નહિ; ભારતજનતા એ વીર હૈયાની ભાવનાને વંદે છે.

શિવાજી મહારાજનુ રોમેરોમ ઉચ્ચારતું હિન્દુપતની પુનઃસ્થાપના; એના છિદ્રેછિદ્રમાંથી નિર્ઝરતો હિન્દુપતની પુનઃસ્થાપનાનો મહામન્ત્ર: ભારતનું હિન્દુત્વ આજ પૂજે છે છેલ્લી સાતસાત સદીઓના એ હિન્દુ કુલતિલકને.

મેવાડનો રાણો પ્રતાપ, પંજાબકેસરી રાજા રણજીતસિંહ, વેદટંકારી બ્રહ્મચર્યબિરદયશસ્વી મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતી: એ ત્રણ એવી જ મહા ભાવનાના વારસો, એવી જ મહા પ્રેરણાના પ્રેરિતો. પણ શિવરાજ મહારાજ તો હિન્દુ-પતની એ મહા ત્રિપુટિના યે મુગટમણિ.

શિવાજીની પહેલાં પૃથ્વીરાજ ચૌહાણ, રાણા સંગ તથા રાણા પ્રતાપે હિંદુસ્તાનમાં હિંદુસામ્રાજ્ય સ્થાપવાના પ્રયત્ન કર્યા હતા પણ શિવાજી જેવી સફળતા તેમને ન મળી. અને શિવાજીની પછી તો એવો બીજો કોઇ હિંદુધર્માભિમાની નરકેસરી હિંદને ઇતિહાસે નોંધાયો નથી. શિવાજીએ હિંદુ સામ્રાજ્ય તો સ્થાપ્યું, પણ તેની સાથે રાષ્ટ્રવિધાન પણ એવી સુંદર રીતે કર્યુ કે જેથી તેને હિંદુ સિવાય બીજી જાતિઓની મદદની જરૂર જ ન રહી. તેના સમયમાં મોગલોની, વિજાપુરના મુસલમાનોની, પોર્તુગીઝોની અને જંજીરાના હબસીઓની હુટીજવાઇ સત્તા વિસ્તરેલી હતી. આ બધાં વિરુદ્ધ બળોની વચ્ચે તેણે રાષ્ટ્રવિધાન કર્યું.

દક્ષિણમાં વેરવિખેર પડેલી મરાઠાઓની જાતિ જે છુટક નોકરી કે એવી કરી નભી રહેતી તે જાતિનું સંગઠન કરી, તેનામાં હિંદુત્વનું અભિમાન પ્રગટાવી એક મહાન વીર જાતિ તરીકે જગવિખ્યાત કરી અને તેની મદદથી હિંદુસામ્રાજ્ય શિવાજીએ સ્થાપ્યું. આવું રાષ્ટ્રીયત્વ પ્રબળ વિરોધીઓની વચ્ચે રહીને, હિંદુ જાતિમાં ઉત્પન્ન કરવાનું જ્વલંત દૃષ્ટાંત બીજું કોઇ મળી શકે તેમ નથી. પોતાના ખમીર વડે શિવાજીએ ઇતિહાસકારોને ડંકાએ ઉચરાવ્યું છે કે હિંદુ જાતિ રાષ્ટ્રવિધાન કરી શકે છે, તે રાજ્યસંસ્થાપના કરી શકે છે, શત્રુઓને હરાવી શકે છે, પોતાનો બચાવ સારી રીતે કરી શકે છે, સાહિત્ય, કળા, વેપાર અને ઉદ્યોગનું સંરક્ષણ તેમ જ સંવર્ધન કરી શકે છે, લડાયક કાફલા બાંધી શકે છે અને પરદેશીઓ સાથે દરિયાઇ યુદ્ધો પણ લડી શકે છે. શિવાજીના જીવનના ઇતિહાસમાંથી આપણને આ બધાં કાર્યોના પુરાવા મળી આવે છે.

હિન્દુઓ તેને હિન્દુવટના રક્ષણહાર તરીકે પિછાની ગૌરવ લે છે. પણ શિવાજી મહારાજની પૂજા તો એક હિન્દુ તરીકે કરતાં એક હિન્દી તરીકે થવી ઘટે છે. તેણે મુસ્લીમ આક્રમણકારીઓ સામે પોતાના સૈનિકોની કિલ્લેબંદી રચી, મહારાષ્ટ્રની રક્ષા કરી એ નિર્વિવાદ છે. આજે યે જુનાં મરાઠી દફતરોમાંથી એ શિવાજીએ તેના સિપાઇઓને સંબોધેલાં ફરમાન નીકળે છે કે 'મુસ્લીમોના હિન્દુ મંદિરના હલ્લા વખતે સામે થજો, પણ કદિ મુસ્લીમ ફકીર, કે મુસ્લીમ મસ્જિદ ઉપર હાથ ઉગામશો નહિ.' એમણે સત્તાના મદમાં અંધ બનેલા મુસલમાન સત્તાધીશોનો મદ ઉતારવાનો ઈલાજ કર્યો હતો; પરંતુ તેમણે મુસલમાન ધર્મની કે મુસલમાન સ્ત્રીપુરુષોની કદિ પણ અવહેલના કરી ન હતી. એમની લડાઇ ગર્વિષ્ટ જાલિમો સાથે હતી; નિર્દોષ સામાન્ય વ્યક્તિઓ સાથે ન હતી. શિવાજીની રગેરગમાં હિન્દુ સંસ્કૃતિનાં અમૃત વહેતાં હતાં; એટલે જ તેની દૃષ્ટિ રાષ્ટ્રવિધાતાની હતી.

શિવાજી મહારાજે જે પરાક્રમ અને સાહસ વડે અનેકવિધ પ્રતિકૂળ સંયોગોમાં સ્વરાજ્યની પ્રતિષ્ઠા કરી હતી તે સાહસની અને તે પરાક્રમની આજે પણ આપણા રાષ્ટ્રોત્થાનમાં જરૂર છે. (જુદાંજુદાં પત્રોમાંથી તારવીને)

શહીદ સુભાષ બોઝ

"મિ. મેબરલીના એકેએક વાક્યનું મેં મનન કર્યું છે. મને એમની શરતમાં માણસાઇ નથી દેખાતી. એ અન્યાયી છે, અસ્વીકાર્ય છે. મારી જન્મભૂમિને સદાકાળને માટે છોડી દેવી એના કરતાં જેલમાં સડી-સડીને મરવું મને વધારે પ્રિય લાગે છે. આવા મોતથી હું બીતો નથી, કારણ કે કીર્તિનાં કોટડાં મૃત્યુની સમાધિ પર ચણાય છે."

બંગાળી વીર સુભાષ બોઝે એમના બંધુને લખેલા પત્રમાંના આ શબ્દો છે. સરકારે તેમને મૃત્યુ અને દેશત્યાગની વચ્ચે પસંદગી કરવા આહ્વાન કર્યું છે. એમણે દેશત્યાગ કરતાં મૃત્યુને વહાલું ગણ્યું છે અને જણાવ્યું છે કે:

"આજે મારા આત્માને પરમ સંતોષ છે. પ્રભુએ મારી જે કસોટી કરવા ધારી છે એમાંથી હું પાર ઉતરીશ એમ લાગે છે. આપણા દેશનાં પાપો માટે પ્રાયશ્ચિત કરવા પ્રભુએ મને પસંદ કર્યો હોય એમ મને લાગે છે. હું મારાથી બની શકે તેટલું પ્રાયશ્ચિત કરી કૃતાર્થ થઇશ અને દેશઋણમાંથી મુક્ત થઇશ."

સરકાર તેમના દેહને હણી શકશે પણ તેમનો આત્મા તો

અમર છે એ ભાવને એ દેશવીર નીચે પ્રમાણે વ્યક્ત કરે છે:

"અમે મરીશું પણ અમારા વિચારો નહિ મરે. અમારા વિચારો પ્રજાના સ્મૃતિપટ પરથી નહિ ભૂંસાય અને ભાવિ પ્રજા અમારાં સેવેલાં સ્વપ્નોની ઉત્તરાધિકારી બનશે એ આશાએ અને એ શ્રદ્ધાએ આટઆટલાં દુઃખો સહેવા છતાં અમારા દેહને ટકાવી રાખ્યા છે, અને સદા યે ટકાવી રાખશે."

બંગાળે જગતને શ્રેષ્ઠ કવિવર આપ્યા, શ્રેષ્ઠ વિજ્ઞાનશાસ્ત્રી આપ્યા અને શ્રેષ્ઠ શહીદ પણ બંગાળના જ ઉદરમાંથી પાકશે એમ જણાય છે. તમ સરખા શહીદોના લોહીથી ભારતનું મુક્તિમંદિર ચણાવાનું છે. પ્રભુ તમને એ મંદિરનો પાયો નાખવાનો યશ આપો! . (પ્રસ્થાન)

શસ્ત્ર અને વ્યાયામ

સીગરામમાં બેસીને અમે ફતેહપુર જતા હતા. માર્ગમાં રાત પડી ગઇ ને અંતરિયાળ ઘોડા થાકીપાકીને બસ ઉભા થઈ રહ્યા. કોચમીન અને સાઇસ ઘોડા બદલવા ગામડામાં ગયા. હું સીગરામમાં હતો ને પિતાજી સડક પર ટેલવા લાગ્યા. અકસ્માત બાજુના ખેતરમાંથી કેટલાક ડાંગોવાળા નીકળ્યા. પિતાજીએ પોતાના હાથમાં પિસ્તોલ હતી તેનો ભડાકો કર્યો અને મને હાકલ કરી કે 'મુન્શીરામ, લાવ મારી બે નેટાળી બંદુક.' ડરતોડરતો પણ છરા, દારૂ ને બંદુક લઇ હું પિતાજીની પાસે દોડયો. લુંટારા નાસી છુટયા ને અમારો સીગરામ રસ્તે પડયો. તે સમયથી મને બંદુક વાપરવાની તાલીમનો શોખ થઈ ગયો. બીજી બાજુ કાશીમાં રોજ પ્રભાતે ગંગાસ્નાન અને દેવદર્શનની સાથોસાથ કસરતનો પણ અભ્યાસ પડી ગયો. ગંગાના પ્રત્યેક ઘાટ પર તે વખતે અખાડા જામી પડયા હતા. ત્યાં અખાડાનો ઉસ્તાદ કુસ્તી શીખવતો હતો. મેં પણ દશેરાના મેળા પર મને મળેલ પૈસામાંથી થોડા બચાવી એક ઝારી અને એક પૂજન-થાળી લીધી. અક્ષત, ચંદન, ફુલ અને બિલીપત્ર એ પૂજન-થાળમાં લઇ, પાણી એ ઝારીમાં ભરી, બગલમાં ધોતી દબાવી, નિત્ય પ્રભાતે હું ચાલી નીકળતો. પ્રથમ અખાડામાં જઈ દંડ, બેઠક અને કુસ્તી કરતો. પસીનો સુકતાં જ ગંગામાં ઝંપલાવતો, ન્હાઇને ઝારી ભરી લેતો. માર્ગે પ્રત્યેક શિવલિંગ પર ઝારીમાંથી એકેક બિન્દુ ટપકાવી, અનેક મોટા દેવતાની પૂજા કરી, ઘેર પહોંચતો. (સત્યવીર શ્રદ્ધાનંદમાંથી)

ભારત યુવક સંઘ

કંઇક વર્ષો સુધી યુવકજાગૃતિ દ્વારા દેશોત્થાનનાં સ્વપ્નાં સેવ્યા પછી સાધુ વાસવાણીએ દિલ્હીમાં Order of Young India-ભારત યુવક સંઘની સ્થાપના કરી છે અને હિન્દના યુવકોના 'શારીરિક અને સાંસ્કારિક વિકાસ'ને એ સંઘનો મુખ્ય ઉદ્દેશ ઠરાવ્યો છે. આ ઉદ્દેશની સિદ્ધિ અર્થે, શ્રી. વાસવાણીના સંપાદકત્વ નીચે એક અંગ્રેજીમાં અને એક હિન્દીમાં એમ બે માસિકો પ્રસિદ્ધ થશે; વળી આ યોજનાને વિસ્તૃત કરવા માટે હિંદના પ્રાંતેપ્રાંતમાં આ સંઘની પ્રાંતિક શાખાઓ ઉઘાડવામાં આવશે. સંઘ તરફથી મસુરી પાસે રાજપુરમાં એક વ્યાયામ-આશ્રમ સ્થાપવામાં આવશે અને એ આશ્રમની સાથે દેશભરની વ્યાયામશાળાઓ અને અખાડાઓને સંકલિત કરવામાં આવશે. રાજપુર વ્યાયામ—આશ્રમનું કાર્ય, દેશના યુવકોને—ખાસ કરીને કૉલેજીયનોને તેમના વૅકેશનના સમયમાં શરીરવિકાસનો ખાસ અભ્યાસક્રમ પસાર કરવા પ્રેરવાનું રહેશે. રાજપુર મસુરી પાસે દરિયાની સપાટીથી ૩૫૦૦ ફુટની ઉંચાઇએ આવેલું ઘણું જ સુંદર હવા ખાવાનું સ્થળ છે. ત્યાં સાધુ વાસવાણી વગેરે અધ્યાપક મંડળ અને બે વ્યાયામવિશારદો વસશે. નવું જીવન રેડતી એ હવામાં અને ત્યાંના સંસ્કારી વાતાવરણમાં યુવકોને માટે બે માસનો શિક્ષણક્રમ નિયત થયો છે. હમેશાં નિયમિત કસરત ઉપરાંત વ્યાખ્યાનો અને પર્યટનોનો પણ અતિ ઉપયોગી ક્રમ ગોઠવાશે. એ આશ્રમનો અને એ બધા શિક્ષણનો લાભ ઉઠાવવા બદલ વિદ્યાર્થી પાસેથી ૩૦ રૂ. ખર્ચ લેવાશે.

ભારત યુવકસંઘની સ્થાપના તો થઇ ચુકી છે પણ આ આશ્રમ અને માસિકોની યોજના ઘણું કરીને આવતા જુન માસથી અમલમાં આવવાની છે. વાસવાણીના આ મહેચ્છુ અને વિચારપ્રેરક યોજના થોડા જ દિવસમાં મળનારી પ્રથમ ગુજરાત વ્યાયામ પરિષદના સંચાલકોનું લક્ષ ખેંચશે એવી આશા રાખીએ. (સૌરાષ્ટ્ર)

એલચી

પશ્ચિમ અને દક્ષિણ હિંદુસ્તાનના શરદીવાળા ભાગમાં એલચીની વાવણી ઘણી થાય છે. ૫૦૦ ફુટથી ૫૦૦૦ ફુટ સુધીની ઉંચાઇના ભાગમાં એ વાવણી વિશેષ પ્રમાણમાં કરવામાં આવે છે. મલબાર, મદુરા (મદ્રાસ ઈલાકો) મહીસુર, કૂર્ગ અને ત્રાવણકોર,-એ પ્રાંતોમાં જ ૨૦૦૦૦ એકર જમીન એલચી માટે વાપરવામાં આવે છે. ૫૦થી ૨૫૦ રતલ એલચી દર એકરે જમીનની લાયકી પ્રમાણે નીકળે છે. મહીસુરની એલચી ગોળ તથા નરમ હોય છે અને મલબારની લાંબી તથા ખડબચડા દાણાવાળી હોય છે.

સુવાસ આપવા માટે તથા દવા તરીકે એનો ઘણો ઉપયોગ થાય છે. ફ્રાન્સ અને અમેરિકામાં નેપાળી મોટી એલચી સુવાસિક તેલ માટે વાપરવામાં આવે છે.

સપ્ટેમ્બર અને ઑક્ટોબર માસમાં એલચી તૈયાર થાય છે. તે પછી સલ્ફરમાં ધોઇને તેમનાં દીટાં વગેરે તોડીને વર્ગવાર વિભાગ કરવામાં આવે છે. અને પછી તે એકઠી કરીને બંદર તરફ રવાના કરાય છે.

પં. ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર નાના હતા ત્યારે એમની ટોળીમાં એક બાળક ફાટયાંતુટયાં કપડાં પહેરીને રમવા આવ્યો. ઇશ્વરચંદ્રને એની દયા આવી. એની સાથે પોતાનાં કપડાંની અદલાબદલી કરી એ ઘેર આવ્યા. માતા ભગવતીદેવીને આ વાતની ખબર પડી ત્યારે તે રાજી થઇને બોલ્યાં, ' દીકરા, તેં બહુ સારૂં કામ કર્યું. હું રેંટિયો કાંતીને તને બીજું સારૂં કપડું અપાવીશ.' ત્યારે આ બેમાં કોણ વધારે દયાળુ ?

જોડણીની સામાન્ય ભુલો

સતત્	નહિ	પણ	સતત
ઉપરોક્ત	નહિ	પણ	ઉપર્યુક્ત
તિવ્ર	નહિ	પણ	તીવ્ર
બિચારો	નહિ	પણ	બીચારો
હંમેશાં	નહિ	પણ	હમેશાં

ઘરાક—આ નારંગી કેમ વેચો છો ?

છોકરી—(જરા વિચાર કરીને) મોટીમોટી નારંગીઓ ઉપર, અને નાનીનાની તળે રાખીને !

શરીરના બીજાં બધાં અવયવો કરતાં દાંતની શક્તિ વધારે છે; કારણ કે આપણાં જડબાંને રોજ અનાજ ચાવવું પડતું હોવાથી એ રીતે એને નિયમિત કસરત મળતી રહે છે. દરેક માણસની ચાવવાની શક્તિ સરેરાશ ૧૭૧ રતલની હોય છે. માણસથી વધારેમાં વધારે ૩૦૦ રતલ સુધી ચાવી શકાય છે.


ગયા અંકનું ૧૭૬મું પાનું વાંચ્યું ?

કોઇ પણ સંખ્યા લો, તેને ઉલટાવી નાખો અને મુળ સંખ્યામાંથી ઉલટાવેલી સંખ્યા બાદ કરો. પાછળ વધેલી સંખ્યાના આંકડાનો સરવાળો ૯ અથવા ૯ નો બીજી કોઇ સંખ્યાથી થતો ગુણાકાર જ આવશે.

ચૈત્રી પુનમે હનુમાનજયંતિ;
વૈશાખી પુનમે બુદ્ધજયંતિ.




એક કોરો કાગળ ભીંજવીને કાચના તકતા ઉપર મુકો. પછી તેટલા જ માપનો બીજો સુકો અને કોરો કાગળ આ ભીંજવેલા કાગળ ઉપર રાખો. હવે કોરા કાગળ ઉપર નરમ પેન્સિલ વડે જે કંઈ લખવું હોય તે લખો. લખી રહ્યા બાદ સુકો કોરો કાગળ ઉપાડી લો અને ભીંજવેલા કાગળને તડકામાં સુકવો. એ સુકાશે ત્યારે તમે જોઇ શકશો કે સુકા કાગળ દ્વારા એમાં જે લખાણ ઉતરેલું હતું તે ઉડતું જાય છે. હવે જો ફરીથી એ કાગળને ભીંજવશો તો પેલું અદ્દશ્ય લખાણ બહાર આવશે.



મજબુત દોરીના કકડાને થોડી વાર મીઠાના પાણીમાં બોળી રાખી બરાબર સુકાવા દો. પછી દોરીને ખીંટીએ ટીંગાડી દીવાસળી અડાડશો તો દોરી સળગી જશે પણ ત્રીટી નહિ પડે.

દોડતી ગાડીમાં લખતાં બહુ અડચણ પડે છે. પરંતુ આને માટે એક ઉપાય છે. લખતી વખતે કોણીને પાંસળી સાથે સજ્જડ દબાવી રાખવી. આથી હાથ હલશે નહિ ને સહેલાઇથી લખી શકશે.

એક કરોળિયાના શરીરમાંથી સવાબે માઇલ લાંબો જાળનો તાંતણો નીકળે છે.



શું ધારો છો ? આ શું હશે ? માણસના જેવડા કદનું કમળનું પાંદડું કદિ સાંભળ્યું છે ? લંડનના રીજન્ટ પાર્કમાંના રૉયલ બોટાનિક ગાર્ડન્સમાં ઉગેલા 'વિક્ટોરિયા રીજિયા' નામના કમળના છોડનું આ પાંદડું છે. એ છોડ મુળ પેદાશ તો અમેરિકાના ઍમેઝોન પ્રદેશની. એ એટલો મજબુત હોય છે કે એક માણસનું વજન ઝીલી શકે છે. ચિત્રમાં દેખાય છે તે પાંદડાનો પાછળનો ભાગ છે. કુદરત વનસ્પતિમાં પણ કેટકેટલી સુંદરતા ને ભવ્યતા મુકે છે !